આશાનો સૂરજ ફોટો · મહેશ્વરી કે. છ. ['નિહારિકા'ના અખિલ હિંદ ફોટોકલા પ્રદર્શન (૧૯૬૭)માં રજૂ થએલું એક ચિત્ર]




કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક * વર્ષ ૪૫મું * નવેમ્બર ૧૯૬૮

સળંગ અંક
૫૩૯

તંત્રી · બ. રાવત



પનિહારી
ચિત્રકાર • જયંત પરીખ

ગ્રામવસવાટના શાંત-એકાંત વાતાવરણમાં વહેલી પરોઢે કે ઢળતી સાંજે, નદી કે કુવાકાંઠે એકાદ પનિહારીની આવનજાવન પણ અનોખી સજીવતા આરોપી દે છે. આવી જ કોઈ એક પળને ચિત્રકારે અહીં ઉતારી છે. ગામ અને કુવાને સ્પષ્ટપણે અલગ આલેખીને પાણીશેરડાના લાંબા અંતરને દર્શાવવા સાથે તેના પર પનિહારી મૂકીને એમણે ગ્રામજીવનના એક રોજિંદા મધુર પાસાને વ્યક્ત કર્યું છે.

કુમાર

નવેમ્બર ૧૯૬૮ • અંક ૫૩૯

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

વાચકો લખે છે

જૂન 'કુમાર'ની માધુકરીમાં યુનિવર્સિટી પદાધિકારીઓ માટે ચાલતા શબ્દોના સમાનાર્થી પારિભાષિક શબ્દો સૂચવ્યા છે.

'કુલપતિ' એક જૂનો વિશિષ્ટ અને અર્થઘન પારિભાષિક શબ્દ છે: એક સ્મૃતિગ્રંથ માં તેની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે:

मुनीनां दस-सहस्रं
योऽन्न दानादि पोषणात्।
अध्यापयति विप्रर्षिः
स वै कुलपतिः स्मृतः॥

(જે શાસ્ત્રવેત્તા ઋષિમનીષી દસહજાર શિષ્યોને ભોજન, નિવાસ આદિ મફત આપીને ભણાવે તે જ કુલપતિ કહેવાય.) 'કુલપતિ' શબ્દના આ અર્થગૌરવને સાચવવાના હેતુથી નાગપુર યુનિ., પૂના યુનિ. તથા તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠે ચાન્સેલર માટે 'કુલગુરુ' શબ્દ યોજ્યો છે. અને વાઇસ-ચાન્સેલર માટે 'ઉપકુલગુરુ'. આપણી ગુજરાત વિદ્યાપીઠ વાઇસ-ચાન્સેલર માટે 'કુલનાયક' શબ્દ વાપરે છે. રજિસ્ટ્રારનો સમાનાર્થ શબ્દ સૌપહેલાં ઈ. ૧૯૧૨માં ગુરુકુલ કાંગડી વિશ્વવિદ્યાલયે પ્રથમ દીક્ષાંત ઉત્સવમાં 'પ્રસ્તોતા' યોજ્યો હતો: ત્યારથી આજ પચાસેક વર્ષથી ઉત્તર ભારતની ઘણી રાષ્ટ્રીય વિદ્યાપીઠો આ 'પ્રસ્તોતા' શબ્દ વાપરતી આવી છે. 'પ્રસ્તોતા'નો એક અર્થ એ કે જે વિશ્વવિદ્યાલયના દીક્ષાંત ઉત્સવના પ્રારંભનાં કાર્યવિધિ સર કરવાનો પ્રસ્તાવ કરે-ઘોષણા કરે. બીજો અર્થ એ કે પ્રસ્તોતા વિશ્વવિદ્યાલયના જરૂરી કાગળોને (લેખપત્રોને, રેકર્ડ્સને) વિશ્વવિદ્યાલયના વાઈસ-ચાન્સેલર સામે અને વિદ્યાપરિષદ્ આગળ પ્રસ્તુત કરે છે, રજૂ કરે છે. તેથી તે 'પ્રસ્તોતા' કહેવાય.

રજિસ્ટ્રાર માટે ભારતની જુદી જુદી શિક્ષણસંસ્થાઓ અને વિદ્યાપીઠો નીચે આપેલા સમાન ભાવવાદી શબ્દો વાપરતી આવી છે:

ગુરુકુલ કાંગડી—પ્રસ્તોતા
વિશ્વભારતી—કર્મસચિવ
કાશી વિદ્યાપીઠ—પીઠ-સ્થવિર
ગુજરાત વિદ્યાપીઠ—મહામાત્ર
તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ—કાર્યવાહ
નાગપુર યુનિ.—કુલ-સચિવ


માઇસોર યુંનિવર્સિટી 'રજિસ્ટ્રારની ઑફિસ' માટે 'વિશ્વવિદ્યાનિલય' કે 'સૌધ' શબ્દ વાપરે છે. સૌધ એટલે મોટું મકાન*.

'કૉન્વોકેશન' માટે સૌથી પહેલાં મહાત્મા મુંશીરામજી (સ્વામી શ્રદ્ધાનંદજી)એ ૧૯૧૨માં કાંગડી ગુરુકુલના પ્રથમ પદવીદાન ઉત્સવ વખતે 'દીક્ષાન્ત-સમારોહ' શબ્દ યોજ્યો હતો. ત્યારથી એ હવે તે ભારતવ્યાપી બની ગયો છે. વિશ્વભારતી (શાંતિનિકેતન) અને કાશી-વિદ્યાપીઠ 'કૉન્વોકેશન' માટે 'સમાવર્તન સમારોહ' શબ્દ વાપરે છે. પ્રાચીન શાસ્ત્રો પ્રમાણે વેદારંભ સંસ્કાર થયા પછી ગુરુકુળમાં આચાર્ય પાસે શિષ્યનું અધ્યયન પૂરું થતાં તેનો સમાવર્તન સંસ્કાર કરવામાં આવતો. સમાવર્તન એટલે ગુરુગૃહથી પાછા ફરવું તે.


(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર


* 'સૌધ' શબ્દ કર્ણાટકની ભાષામાં 'પ્રધાન કાર્યાલય' માટે વપરાય છે. જેનો શાબ્દિક અર્થ સંસ્કૃતમાં છે; 'ચૂનાનો બનાવેલો મોટો મહેલ' એવો છે. ('સુધા'=સંસ્કૃતમાં ચૂનો) સુધાનું બનેલું તે સૌધ. યુનિ૦ની રજિસ્ટ્રાર ઑફિસને તેઓ 'વિશ્વવિદ્યાનિલય' કે 'સૌધ' કહે છે. હૈદરાબાદમાં રાષ્ટ્રપતિ માટેના મકાનને 'રાષ્ટ્રપતિનિલય' કહે છે. આલય શબ્દની જગ્યાએ તેઓ 'નિલય' શબ્દ વાપરે છે.






કાનનું કાર્ય (કાયાની કરામત-૧૬) કાનની રચનામાં શ્રવણ માટે કર્ણશંખ (જુઓ ઉપરની આકૃતિઓ) અત્યંત મહત્ત્વનું અંગ છે. પેંગડા દ્વારા એના લંબગોળ દ્વાર પર આવેલાં અવાજનાં આંદોલનોને તે જ્ઞાનોદ્દીપક પ્રવાહમાં ફેરવે છે. શંખ આકારના એના ગૂંચળાને ઉકેલીએ તો નીચેના આકૃતિ મુજબ ત્રણ નળીઓના તતુડા જેવું એ લાગે. નીચે જમણી બાજુ એનો આડછેદ છે. એમાં अ વેસ્ટીબ્યુલર અને क ટિમ્પૅનિક કૅનાલમાં એક જ પ્રકારની રસી ભરેલી છે. વચલી ब કૉક્લીઅર કૅનાલમાં જુદા પ્રકારની રસી છે. આ નળીમાં **અવાજ સંગ્રાહક વાળકોષો** ને તેના ઉપર એક **સ્પર્શ્ય પડદો** હોય છે. અવાજનાં મોજાં વચલા કાનમાંના હાડકાંના પુલ પર થઇને કર્ણશંખના લંબગોળ દ્વાર પર અથડાય છે એથી કર્ણશંખમાંની પહેલી ને ત્રીજી નળીમાંના પ્રવાહીમાં પણ કંપન પેદા થાય









છે. આનાથી વચલી નળીમાંના વાળકોષો તળેનો પડદો કંપે છે અને એથી વાળકોષો ઊંચાનીચા થઈ સ્પર્શ્ય પડદાને અડકે છે. આ સ્પર્શથી એ પડદા સાથે જોડાએલા શ્રુતિતંતુઓ ઉત્તેજાઈને જ્ઞાનની સંવેદના મગજમાંના શ્રવણ કેન્દ્રમાં પહોંચાડે છે. ત્યાં તેનું અર્થઘટન થાય છે આપણે તેને 'સાંભળ્યું' કહીએ છીએ. એક સેકન્ડના ૧૬ આંદોલનોથી માંડી વધુમાં વધુ ૩૦ થી ૪૦ હજાર આંદોલનોની મર્યાદાબહારનો અવાજ આપણા માટે અશ્રાવ્ય બની રહે છે.

સાંભળવા ઉપરાંત કાન શરીરનું સમતોલનપણું જાળવે છે. કર્ણશંખ સાથેની ત્રણ અર્ધવર્તુલાકાર નલિકાઓ આ કાર્ય કરે છે. **એમાં ત્રણ નલિકાઓ, યુટ્રીકલ** અને **સેક્યુલ** એમ ભાગ છે. યુટ્રીકલ અને સેક્યુલમાં રસી અને સૂક્ષ્માતિસૂક્ષ્મ વાળકોષો છે. દરેક નલિકા બાકીની બેના કાટખૂણે રહી દિક્‌ના ત્રણ પરિમાણો મુજબ ગોઠવાએલી છે. આ નળીઓના છેડા પહોળા બની (જેને **ઍમ્પુલા** કહે છે) યુટ્રીકલમાં ઊઘડે છે. દરેક નળીમાં રસી ને ઍમ્પુલામાં વાળકોષો છે. બાજુમાં દર્શાવ્યા મુજબ તીરની દિશામાં જ્યારે શરીર ખસે ત્યારે અર્ધવર્તુલાકાર નળીમાંની રસી તેની વિરુદ્ધ દિશામાં ધસે છે. એના ધક્કાથી ઍમ્પુલામાંના વાળકોષો દબાય છે. આ દબાણથી શ્રુતિતંતુઓ ઉત્તેજના પામી આપણને શરીરના ધકેલાયાની દિશાનું જ્ઞાન થાય છે. અર્ધવર્તુલાકાર નળીઓમાં રસી વેગથી ધકેલાય તો આપણને ચક્કર આવતાં લાગે છે.

શ્વેતનો પારાવાર / યશવંત ત્રિવેદી

પોઠમાં ભરી શ્વેતનો પારાવાર
તડકાનાં ઊંટ જાય હ્લેરાતાં પહાડની આરેપાર.
પારવતી-મહાદેવ શાં ઓલાં સોનપારેવાં ચિરના મારા દેવદારુને પાંદડે બેઠાં
હંસનાં ટોળાં તિતરબિતર નેણનાં આદિજળને કાંઠે હ્લેંકતી બરુજૂલમાં પેઠાં
ઓઢ્યો તંન ઉમાને અડતાંની વાર
વાયરો વેરઈ જાય શિરીષનાં ફૂલનો રે ફુવાર
તડકાનાં ઊંટ જાય હ્લેરાતાં પહાડની આરેપાર.
શરદની પૂનમ બીડેલાં નેણ પે ઝરે સાંજને ટાણે હિમનો ધોળો પોલ
પહાડ ને વને શમણાં જાગે, ઝાંઝરી વાગે, ઊગતી પ્હૉનો ફૂટતો જાણે કોલ
અધૂકડા લોચનને પારે દ્વાર
આજ રાધાનું આભ આખું ભીનાય રે તારોતાર
તડકાનાં ઊંટ જાય હ્લેરાતાં પહાડની આરોપાર
પોઠમાં ભરી શ્વેતનો પારાવાર.

મને ગમે— / 'ગમ' હીરાગર

મને ગમે ઓસઠરેલ ઓષ્ઠે
પ્રકંપતું મૌન...ગમે ઢળીને
વિલંબ ઘેને પુનઃ ઝ્હોરતી બે
લજ્જાથકી પાંપણનું અમસ્તું
ઢળી જવું પાછું...લટે લપાતી
વાતો ગમે અંગુલિની અશબ્દ
મને...ગમે દૂર ગુલાલરંગ્યા
આકાશમાં એકલ ઊડતું કો
કપોતઃ કાળો તલ...ને અજાણે
આપેલ સ્વપ્ને ઠપકો સ્મરીને,
ક્ષમા ચહીને, નયનો નમે જ્યાં
વાતાયને ને પડદો પડે એ
ગમે મને ઈંગિત...બારમાસી
પ્રિયે! તમે તો સ્મિતઃ તો ગમો ના?

હું જૈશ ને— / હરિકૃષ્ણ પાઠક

હું જૈશ ને આ ઘર બંધ થૈ જશે.
ડેલી પછી તો સૂમસામ એકલી
થાકી જશે રે પગલાં ગણી ગણી,
હ્યાં કોઈની યે નહીં આવ-જાવ
કે પૂછશે કો' નહિ નામ-ઠામ
અવાવરુ વાવ સમે સુકામ.
કદાચ કો' સ્મરણની મટકી ડુબાવે
ને બુદ્બુદો બડબડે મુજ નામ આછું
તો શું વળ્યું?–છત મહીં ચકલાં કદીક
માળો ભરે; સ્વર્ગમહીં મીઠાઈ
વ્હેંચું પછી?–ના, નહીં કોઈ દહાડો
આશા કરી મેં અહીં કાગવાસની.
કોરે મને કેવલ એક રે વ્યથાઃ
હું જૈશ ને આ ઘર બંધ થૈ જશે!

સાંજ / ભાનુપ્રસાદ પંડયા

- ખંડ સવૈયા -

ગગનથકી સંકેલાઈને
ખર્યો વૃક્ષની ડાળી ઉપર
કલરવનો કૈં હળવો હળવો ભાર!
અને ખખડતો ઘૂઘરિયાળો
ઝ્હેકી રે'તો ગલીગલીમાં
ચાસટિયો કસદાર!

શેરીને ગજવી પીગળી ગઈ
ચાલ કોઈ રેવાલ,
ચોરાની વાતુંમાં નેવું
નેવું વરસે યૌવન ભરતું ફાળ!

આળસતી બે હાટડિયુંના
ઓટા પરથી ઝગી ઊઠી કૈં
મીઠી ગડાકુ-ઝાળ!
ભાંભરતો વગડો આવીને
ખીલો ખોળી ઊભે!
આખો દિ' ઘૂંટણિયે ચાલી
થાકેલું રોણું મલકીને
ભર્યે છાલિયે ઝૂકે!

જીવનશિક્ષક

ફાધર વાલેસ

જીવનની વાતો કરતી વેળા મરણની વાત પણ અવશ્ય આવવાની. અને આવે તે સારું છે. શિષ્ટ સમાજે મોતને અશુભ ને અમંગળ કહીને તેનો હાઉ બનાવ્યો છે અને આપણને તેના કલ્યાણકારી મનનથી વંચિત રાખ્યા છે. તેનો ઉલ્લેખ કરવો અસભ્ય ગણાય, તેના સમાચાર આપવાથી અપશુકન થાય, તેનો પ્રસંગ આવ્યે સ્નાનસૂતક લાગે. હવે જેનો વિચાર ન થાય તેનો પરિચય પણ ન થાય. ઓળખાણ ઓછી એટલે ગેરસમજ વધારે. જ્ઞાન ખૂટે ત્યાં વહેમ નભે. અને એ રીતે મોતનું ભૂત સર્જાયું ને માણસના મન પર એ ત્રાસ ગુજારતું થયું.

કાકાસાહેબનો ચુકાદો સાચો છે: 'ભગવાને મૃત્યુને દુઃખમય બનાવ્યું છે ખરું, પરંતુ ભયાનક નથી બનાવ્યું. ભયાનક તો તેને મનુષ્યે બનાવ્યું છે.' મૃત્યુમાં વિદાય છે એટલે એમાં દુઃખ છે. પણ કન્યા પારકે ઘેર જાય એ પણ વિદાય છે, તો પણ એ મંગળ પ્રસંગ કહેવાય. તો આત્મા જ્યારે મોટા ઘેર જવા દેહથી વિદાય લે ત્યારે એ પ્રસંગ શું ઓછો મંગળ હશે?

ભોગ વિના ઉદ્ધાર નથી. ભોગ વધારે ત્યાં ઉદ્ધાર પણ વધારે થવાનો સંભવ છે. અને પૂર્ણ ભોગ સિવાય પૂર્ણ ઉદ્ધાર તો થવાનો નથી. મૃત્યુની આ વાત છે. તે અંતિમ બલિદાન એ આપણા માટે સરળ, સ્વભાવગત, અનિવાર્ય બનાવે છે અને એ રીતે આપણા પર પરમ ઉપકાર કરે છે. તેથી સાધકોએ એને 'પરમ ઉપકારક', 'પરમ સખા', 'પરમ શિક્ષક' તરીકે ઓળખાવ્યું છે. આધુનિક દાર્શનિકો મૃત્યુમાં જ જીવનની સાર્થકતા જુએ છે. માર્મિક વિરોધાભાસ બાંધીને તેઓ કહે છે કે મૃત્યની ઘડીએ જ માણસ ખરેખર જીવે છે. તે એક એવી પળ છે જેમાં બધાં આવરણો દૂર થતાં માણસ પોતાનો અસલ સ્વભાવ, પોતાનું નર્યું વ્યક્તિત્વ, પોતાનો સ્વતંત્ર જીવ નિહાળે છે, અનુભવે છે, હાથમાં લે છે, ને તેની નવી ગતિ સ્વીકારે છે, બાંધે છે, નક્કી કરે છે. એ ક્ષણ પર આખા જનમારાનો પ્રભાવ છે, અને એ ક્ષણથી જીવની નવી દિશા બંધાય છે; માટે એ ક્ષણે જ માણસ પરિપક્વ થાય, સભાન થાય, પોતાનો માલિક થાય, અને એ અર્થ-

માં એ તત્ત્વજ્ઞાનીઓ (અસ્તિત્વવાદીઓ) મોતને જીવનનો ગર્ભ ને હાર્દ કહે છે. કદાચ એ જ મર્મ આપણા કવિ કરસનદાસ માણેક-ના ગીતની પાછળ પણ હોય.

> જીવનને જોયું પહેલી વાર
> આવી અચાનક ખખડાવ્યું જવ
> મૃત્યુએ મુજ દ્વાર!

જીવનમાં સૌથી અઘરું કામ મોહ નિવારણનું હોય છે. આપણી ફરજ તો જાણીએ છીએ, પણ મોહ લાગે છે, ચોંટે છે, ખેંચે છે અને આપણી પાસે બીજું કંઈ કરાવે છે. લાખો ઉપાય કરીએ છીએ પણ કંઈ વળતું નથી. એમાં એક સરળ ઉપાય રહી જાય છે. શિક્ષક ઘેર જ બેઠો છે અને આપણે પૈસા ખર્ચીને પારકાં પાસે ટ્યુશન લેવા જઈએ છીએ. એ શિક્ષકના દર્શનથી જ આપણો મોહ ઊતરી શકે એમ છે, પણ આપણે એનું મોં જોવા તૈયાર થઈએ ત્યારે જ ને! મૃત્યુના સૌમ્ય સ્મરણથી એ મોહ ને એ પરિગ્રહ જલ્દી છૂટશે, ઢીલા પડશે ને ધર્માચરણ માટે રસ્તો ખુલ્લો મૂકતા જશે. આ સસ્તો નાટકીય સ્મશાન-વૈરાગ્ય નથી; તે સ્થિર ભાન ને ઊંડી પ્રતીતિ છે કે જીવન ટૂંકી યાત્રા છે અને જેમ સામાન ઓછો તેમ મુસાફરી સુખી.

ફ્રાન્સ દેશમાં માઝારેન નામના એક મુત્સદ્દી થયા હતા. મૂળ તો દીક્ષા લીધેલ ધર્મ-પુરુષ પણ રાજકપટમાં પડ્યા અને ધર્મને વિસારે પાડીને સત્તા ને કીર્તિની પાછળ પડ્યા. પ્રતિષ્ઠાના પ્રતીકરૂપે પોતાની હવેલીમાં એમણે કલાના ઉત્કૃષ્ટ ને અમૂલ્ય નમૂના ભેગા કર્યા હતા. કલાના તેઓ રસિક હતા અને પોતાના સંગ્રહના એકએક ચિત્ર, એકએક મૂર્તિની ખૂબી જાણતા અને પોતાના મિત્રોને ને ખુશામતિયાઓને ગર્વથી બતાવતા. પણ કલારસિક ને સત્તાલોભી માઝારેન માટે પણ એક દિવસ ભગવાનનું તેડું આવ્યું. ભારે માંદગી આવી. ડૉક્ટરોએ હાથ ધોઈ નાખ્યા. લાંબી યાત્રાની તૈયારી કરવાનું કહ્યું. અને વૃદ્ધ ને અશક્ત માઝારેન મરણપથારીમાંથી જેમતેમ ઊઠ્યા, એક નોકરનો ટેકો લીધો, અને પગ ઘસી ઘસીને હવેલીના એકએક ખંડમાં ગયાં. દરેક ચિત્ર ને દરેક મૂર્તિ આગળ એ ઊભા રહે. તે હાથમાં લે, પંપાળે, ભેટી પડે ને ભારે હૃદયે બબડે: 'હવે છૂટા પડવું જોઈએ. અસહ્ય વિયોગ છે. અને છેવટે છૂટા પડવાનું જ હતું તો મેં આ બધું ભેગું કેમ કર્યું?' એમ પોતાના કલાપ્રદર્શનની પ્રદક્ષિણા કરતાંકરતાં એમના પ્રાણ ઊડ્યા. જેની છેલ્લે ફરજિયાત વિદાય લેવાની હતી એનો મોહ એમણે પહેલેથી જ પોતાની મેળે ઉતાર્યો હોત તો એ સુખી થાત અને ઇતિહાસમાં એનું સ્થાન પણ જુદું હોત.

સૂરતમાં ૧૯૫૯ની સાલમાં રેલસંકટ આવ્યું ત્યારે આ કિસ્સો સાંભળેલો. એક ભાઈને કોઈ પાડોશીની પાસે થોડું લેણું હતું. અનેક તકાદા કરેલા પણ પૈસા હજી પાછા આવ્યા નહોતા. એટલામાં સૂરત પર પ્રલયનાં પૂર ફરી વળ્યાં. અપરંપાર નુકસાન થયું અને પ્રાણ લેવાયા, એકશેરીમાં રાહતકાર્ય કરતાં કાંપમાંથી એક શબ જડ્યું. શેરીના લોકો ભેગા થયા એમાં પેલા લેણદાર ભાઈ પણ હતા. ચહેરો વિકૃત હોવા છતાં શબ ઓળખી શક્યા: તે પેલા દેણદાર પાડોશીનું હતું. તેની મુઠ્ઠીઓ વાળેલી હતી, અને અંદર જોરથી પકડેલ બૅંક-નોટના થોકડા હતા. પૂર જોઈને છેલ્લી ઘડીએ ઘરના પૈસા બચાવવાનો વિચાર કર્યો હશે ને એમાં એ સપડાયા. પેલા ભાઈએ એ જોયું. ધારે તો એ પૈસામાંથી પોતાના લેણા પૈસા પાછા લઈ શકે એમ હતા. પૂરો અધિકાર હતો. પણ એનું મન લોભાયું નહિ. સાક્ષાત્ મોતના પંજામાંથી પૈસા કોણ લે? ને પોતે પૂરમાં બચી ગયા હતા એ બદલ ભગવાનનો પાડ માનીને એ સંતોષથી જીવતાં શીખ્યા.

મોતનું વરદાન છે. લોભ દબાવે, મોહ છોડાવે, વાસના શમાવે. સંસારની વચ્ચે જ સંસારથી અલિપ્ત રહેતાં શીખવે. અને એ વરદાન એના દર્શનથી જ મળે. મૂર્ખ તો આપણે કે તેના ઉલ્લેખ માત્રથી ભડકીએ છીએ! મહાભારતમાં યુધિષ્ઠિર અને યક્ષના સંવાદમાં યક્ષ પ્રશ્ન પૂછે છે કે જગતમાં સૌથી મહાન કૌતુક કયું છે? યુધિષ્ઠિરે તેનો જવાબ આપ્યો કે, 'જગતના સર્વ પદાર્થો નાશવંત છે, માનવદેહ પણ વિનાશી છે, સર્વ મનુષ્યો ચારે તરફ દરરોજ માણસોને જન્મતા ને મૃત્યુને આધીન થતા જુએ છે તે છતાં દરેક માણસ એમ જ ધારે છે કે પોતે અમર રહેશે અને પોતે કર્મના નિયમને આધીન નહિ રહે: આ જ સૌથી વધારે આશ્ચર્યજનક ઘટના છે.' અને જેટલી આશ્ચર્યજનક તેટલી દુઃખદાયક ને નુકસાનકારક પણ છે, કારણ કે પોતાના અંતનો વિચાર મનમાંથી કાઢી મૂકવાથી માણસ પોતાનું જીવન ઊંચે લાવવાની અનન્ય તક ખોઈ બેસે છે. પરીક્ષાના વિચારથી વાંચવાની પ્રેરણા થાય. શિખરના દર્શનથી ચડવાની શક્તિ મળે. મરણના મનનથી જીવવાનો—સારી રીતે જીવવાનો ઉમંગ જાગે.

રસ્તામાં થાક લાગ્યો. ક્યાં સુધી ચાલવાનું હશે? ને રસ્તાને કોરે બેસી જવાનું મન થયું એટલામાં વિચાર સૂઝ્યો. રસ્તાનો અંત જો પેલા વળાંક પછી જ આવતો હોય તો? યાત્રાધામ જો એ ટેકરાની પાછળ જ ઊભું હોય તો? મોત તો અનિશ્ચિત છે, ગમે ત્યારે આવે. જો તે આ ઘડી પછી, આ ટેકરાની પાછળ, આ વળાંકને છેડે આવવાનું હોય તો? ને પગમાં ફરીથી જોર આવ્યું ને યાત્રા ચાલુ રહી.

ખોટું કરવાની લાલચ લાગી હતી. હમેશાં ભલા થઈને વર્તવું કેમ પાલવે? આપણે ઓછા ધર્માવતાર છીએ કે એ જ આદર્શને વળગી રહીએ? બધા કરે છે એમ એકાદ વાર તો કરવા દો! પણ લાંચ લેવા માટે હાથ લાંબો થતો હતો ત્યારે વિચાર સૂઝ્યો: આ વળાંક પછી જો અંત આવે તો? આ કાળા કૃત્ય પછી જ જો મોતનો ભેટો થાય તો? એ તો અનિશ્ચિત છે, ગમે ત્યારે આવે. અને હાથમાં કાળા પૈસા હોય ત્યારે એનો ભેટો થાય તો આખો જનમારો લાજે. આમ હાથ પાછો ખેંચાઈ ગયો. અનીતિનું કામ કરતાં બચ્યો.

ધીરજ ખૂટી હતી. મહેમાન ક્યારે આવશે? એને માટે તૈયાર કરેલું ભોજન ક્યારનું ઠરી ગયું છે! પણ અતિથિ તો તિથિ વિના જ આવે. યમરાજ અગાઉથી ખબર આપ્યા વગર પધારે. માટે તૈયારી હંમેશની જોઈએ, રોજની જોઇએ. અને મોતની એ કાયમની તૈયારીમાં જ જીવનની સાધના છે. અતિથિનું સ્વાગત. યમરાજનું સન્માન, મોતનો સ્વીકાર.

પેલા દાર્શનિકોની વાત સાચી હતી. જીવનની સાર્થકતા મૃત્યુમાં છે. સૂરજની સોળે કલાઓ સૂર્યાસ્તમાં ખીલી ઊઠે. આબુ પર્વત ઉપરથી આથમતા સૂર્યનું દર્શન કરવા રોજ સાંજે માનવોની મેદની ઊમટે છે. બધા સૂર્યના સૌમ્ય ને ઝાંખા થતા બિંબ તરફ અનિમેષ જોતા રહે છે. એમાં પળે પળે થતું રંગ-પરિવર્તન નિહાળે છે, માણે છે. ક્ષિતિજરેખા સાથે એનો પહેલો સ્પર્શ નોંધે છે. એની સ્થિર, શાંત, અચૂક ગતિ પારખે છે. એની અંતિમ ડૂબકીની પ્રતીક્ષા કરે છે. એના છેલ્લા કિરણની ઝાંખી ઝીલે છે. (કેટલાક કહે છે કે છેલ્લું કિરણ લાલ મટીને લીલું બને છે. લીલો રંગ એ કુદરતનો, જીવનનો, આશાનો છે અને લાલ રંગની છાયા લીલી બનાવવા આંખમાં યુક્તિ છે...) પછી એ અંતર્ધાન થયાની ખાતરી કરે છે. જાણે લાંબી મૂર્ચ્છામાંથી બધા જાગે છે. અને હર્ષથી તાળીઓ પાડે છે વિદાયનો વિધિ છે. પણ આનંદનો વિધિ પણ છે. બધાને શ્રદ્ધા છે કે સૂરજ ફરીથી ઊગશે જ. ∅



પ્રજ્ઞાચક્ષુ

કુ. હેલન કેલર

દુનિયાના કરોડો અંધોને પોતાના જીવન-દૃષ્ટાંત વડે છેલ્લા સાત દાયકાથી સતત તમસમાંથી જ્યોતિ તરફ ગમન કરાવનાર, બધિરજનોને કાને અપંગતામાં પણ રહેલી અખૂટ કાર્યશક્તિનો સંદેશ ફૂંકનાર અને જગતના પંચેન્દ્રિયસંપન્ન લોકોના હૃદયમાં મૂગી વ્યક્તિઓના આત્માનો અવાજ પહોંચાડનાર; જાતે ચક્ષુ, કર્ણ અને વાચાની નિષ્ક્રિયતા અનુભવનાર કુ. હેલન કેલરનો ઈસ્ટન, કનેટીકટ ખાતે ગયા જૂનની પહેલી તારીખે ૮૭ની ઉંમરે દેહાંત થતાં વીસમી સદીની એક મહાન અને ચમત્કારક શક્તિ ધરાવનાર વ્યક્તિનો વિલય થયો. માર્ક ટ્વેઈને છેક ૧૯૧૦માં તેમની ગણના ૧૯મી સદીની નેપોલિયન પછી બીજી અસામાન્ય વ્યક્તિ તરીકે કરી હતી. નિર્ણયશક્તિ, પ્રયત્ન, હિંમત અને તિતિક્ષાનાં પ્રતીક કુ. હેલન જીવનકાળમાં જ 'દંતકથા' બની ચૂક્યાં હતાં. તેમનું જીવન એક મુખ્ય ત્રયેન્દ્રિયહીન અબળાના પરાક્રમી જીવનવિજયની મહાન ગાથા છે.

અમેરિકાના અલાબામાં રાજ્યના તસ્કમ્બિયા શહેરમાં ઈ. ૧૮૮૦ના જૂનની ૨૭મીએ નખશિખ તંદુરસ્ત બાળકી તરીકે વિશ્વના અપંગોના આજના તીર્થધામ અને અમેરિકાના રાષ્ટ્રીય સ્મારક 'ઈવ ગ્રીન'માં તેમનો જન્મ થએલો. કુ. હેલનને છઠ્ઠે મહિને બોલતાં આવડી ગએલું, અને એક વર્ષ પૂરું થતાં તો ચાલતાંય શીખી લીધેલું. પણ ૧૮ માસની વય થઈ ત્યારે 'બ્રેઈન ફીવર'નો પ્રબળ હુમલો થવાથી તેમનાં આંખ, કાન અને જીભની શક્તિઓ છિનવાઈ ગઈ, તેની આવી તિમિરગ્રસ્ત એકાંકી અવસ્થામાં તેનાં માતાપિતા કેપ્ટન આર્થર અને કૅથેરાઈને આ વહાલસોયી પુત્રીને બોસ્ટનમાંનાં 'પરકિન્સ ઇન્સ્ટિટયૂટ ફોર ધ બ્લાઈન્ડ'ના કુ. ઍન સુલિવાન નામની અધ્યાપિકાની સારવાર નીચે મૂકી, ૩જી માર્ચ ૧૮૮૭નો આ દિવસ કુ. હેલનના 'આત્માનો જન્મદિન' હતો કેમ કે એ જ તારીખથી પાછળથી હૃદયસુવેદ બનેલી 'ટીચર' સુલિવાને નિ:સીમ મમતા અને અપાર સહાનુભૂતિપૂર્વક તેની નિ:સહાયતાના દુ:ખમાંથી ઉદ્‌ભવેલી જીવન પ્રત્યેની નીરસતા ઓછી કરવા સારુ તેમની હથેળીમાં મૂળાક્ષરો મુજબ આંગળી ફેરવીને, દરેક વસ્તુને નામ હોય છે એમ સમજાવી, આસપાસની સૃષ્ટિ વિષે તેનામાં કુતૂહલ જાગ્રત કર્યું હતું. કેટલાંય ઑપરેશનો બાદ પોતાના બાળપણનો અંધાપો દૂર કરવા સદ્‌ભાગી બનેલાં કુ. સુલિવાન અથાગ ધૈર્ય અને પૂર્ણ પરિશ્રમને પરિણામે તેને તે સમયે તાજી જ શોધાએલી બ્રેઈલ-લિપિ પારખતાં અને અંગ્રેજી મૂળાક્ષરો લખતાં આવડી ગયું; તેમ છતાંય બહેરાશને લીધે ઉચ્ચારો સાંભળી ન શકવાને કારણે ખોટા અવાજો ચાળી કાઢીને એક 'વોટર' શબ્દ બોલતાં જ તેમને ત્રણ વર્ષની મહેનત પડી! કુ. હેલન કેલરને બોલતાં શીખવવા હોરાશમેન બહેરાં શાળાનાં આચાર્યા કુ. સારાહ ફુલરે કુ ઍનને મદદ કરી હતી. ન્યૂ યૉર્કમાં કુ. ઍન સાથે કલાકો સુધી શબ્દોચ્ચારની તાલીમ લઈ ધીમેધીમે નાનાં વાક્યો બોલવાના પ્રયત્નો કરી વાતચીત કરવાનું શીખી લીધું; ને છેવટે તેમણે સભાસંબોધનની શક્તિ પણ હસ્તગત કરી લીધી, ચોમાસાની સૃષ્ટિનો પ્રત્યક્ષ સ્પર્શ કરાવવા આઠ વર્ષનાં કુ. હેલનને બોસ્ટન લઈ જઈ ત્યાંની સમદુ:ખી છોકરીઓ સાથે ઇતિહાસશિક્ષણ આપતાં કુ. સુલિવાને



૧૯૦૪માં

કહેલું: 'મેં ઘણાય આનંદી જોયા છે, પણ આ બાળકી જેવો તેજોમય ચહેરો કદી જોયો નથી.'

સોળ વર્ષે કૉલેજશિક્ષણ લેવાની અભીપ્સા જાગવાથી કેમ્બ્રિજની એક કન્યાશાળામાં અને હાવર્ડની સ્રીસંસ્થામાં પાયાનું શિક્ષણ લઈ વીસમે વર્ષે તેમણે રેડક્લિફ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો અને અદ્‌ભુત સ્મરણશક્તિને કારણે આ 'નેત્ર વિનાની નેત્રી'એ અન્ય વિદ્યાર્થિનીઓ કરતાં વધુ ગુણો બી.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી. પ્રોફેસરોને પ્રત્યક્ષ જોયા કે સાંભળ્યા વગર તેમણે ઉચ્ચ શિક્ષણ સિદ્ધ કર્યું તેનો યશ તેમની જ્ઞાન માટેની તાલાવેલીને છે તેટલો જ તેમની સાથે વર્ગમાં જઈ વ્યાખ્યાનો સાંભળી લઈ તેમને સમજાવનાર કુ. ઍનની જહેમતને પણ છે.

ગ્રેહામ બેલની ઓળખાણ કરાવી આપનાર બાલ્ટીમોરના એક પ્રખ્યાત ડૉક્ટરે તેમનાં માતાપિતાને સાંત્વન માટે કહેલા શબ્દો—'જે હજાર હાથવાળો ઈશ્વર માનવીની શક્તિઓ ઝૂંટવી લે છે તે પાછી આપે છે ય ખરો. દુનિયામાં ચમત્કારો પણ બનતા હોય છે' એ અંતે સાચા ઠર્યા. સુંવાળી ચામડીને પોતાનાં આંખ-કાન બનાવી કુ. હેલન કેલરે સ્વપ્રયાસે અદ્‌ભુત શક્તિઓ સંપાદિત કરી હતી, એ કહેતી: 'ચહેરા કરતાં પણ હાથથી માણસ જલદી ઓળખાય છે.' થોડી મુલાકાતો પછી હસ્તધૂનનથી તેઓ વ્યક્તિને ઓળખી શકતાં. એમના મૃત્યુ પછી એમનું સ્થાન જાળવી રાખનાર પોલી ટૉમસન બોલે ત્યારે તેમના મોં ઉપર એક આંગળી ને ગળા ઉપર અંગૂઠો રાખી તેમનું કથન સમજી કુ. હેલન તેમની સાથે વાતો કરી શકતાં. ધુમાડો, ભીનાશ, રંગ વગેરે કળી શકવાની એવી તો આવડત તેમણે કેળવી હતી કે ભારતમાં રાષ્ટ્રપતિના મહેમાન થઈ દિલ્હી આવ્યાં ત્યારે મોગલ

ગાર્ડન્સનાં ફૂલો અને તેમના રંગો સુગંધ માત્રથી પારખી લઇને સૌને ચકિત કર્યાં હતાં. એટલું જ નહીં, શોપેનના સંગીતની ખુશખુશાલી અને બાખના સંગીતની ઉદાસી તેઓ આસ્વાદી શકતાં અને બહેરાશ પરના બિથોવનના અભૂતપૂર્વ વિજયનું સૂચન કરતી એની 'નાઈન્થ સીમ્ફની' તેમને ખૂબ ગમતી. શિલ્પ પર આ પ્રજ્ઞાચક્ષુ હાથ ફેરવી એનો કલાસ્વાદ લઈ શકતાં. વિદુષીનું નિર્મળ હાસ્ય અને ઉમળકાભર્યું હસ્તધૂનન મેળવવામાં એન્ડ્રુ કાર્નેગી, સેમ્યુઅલ કલેમન્સ, આઇઝનહુવર, શૉ, ટાગોર, આઈન્સ્ટાઈન, માર્ક ટ્વેઈન, જવાહરલાલ નેહરુ આદિએ કૃતાર્થતા અનુભવી હતી અને તેમના પ્રિય કવિ ટાગોરે તો ઈરાનના બહાઈ ધર્મીઓ માટે ન્યૂ યૉર્કમાં આપેલા વ્યાખ્યાનનું પુનઃપઠન તેમની સામે કર્યું હતું. અનેક દેશો અને વિશ્વવિદ્યાલયોએ એમને નિમંત્રી ધન્યતા અનુભવી હતી.

આ સાધક નારીરત્નને અંગ્રેજી ઉપરાંત લેટિન અને ફ્રેંચનું જ્ઞાન હતું. સંગીત અને શિલ્પ ઉપરાંત સાહિત્ય, નાટક અને સિનેમામાં ય તેમને જીવંત રસ હતો. કૉલેજના બીજા વર્ષમાં હતાં ત્યારે લખેલી 'ઑપ્ટિમીઝમ' નામની ટૂંકી આત્મકથાનો વિસ્તાર કરીને પાછળથી તેમણે 'ધી સ્ટોરી ઑવ માય લ ઈફ' અને 'ધી વર્લ્ડ આઈ લિવ ઇન' લખ્યાં હતાં. સુલિવાનની જીવનકથા 'ટીચર એન સુલિવાન મેકી' (જે ઈ. ૧૯૬૫માં પ્રકાશિત થઈ હતી) તથા 'આઉટ ફૉર ડાર્ક', 'માય રીલિજિયન', 'મિડસ્ટીમ' અને 'લૅટ અસ હેવ ફેઈથ' નામના ગ્રંથો પણ તેમણે લખ્યા હતા. તદુપરાંત 'ધી સૉંગ ઑવ સ્ટોનવૉલ' નામે એક લાંબી કવિતાનો પણ તેમના લેખનમાં સમાવેશ થાય છે. તેમના પુસ્તકોની ખૂબ માગ રહેતી હતી. કુ. હેલન પત્રકારત્વનો અંગીકાર કર્યો એ અરસામાં કુ સુલિવાને મેકી સાથે લગ્ન કર્યાં. ઈ. સ. ૧૯૧૯માં હૉલીવૂડની એક કંપનીએ તેમને 'જ્હૉન ઑવ આર્ક'ની ભૂમિકા આપી ઉતારેલું 'ડીલીવરાના' ચિત્ર નિષ્ફળ ગયું તો પણ એનાં કેટલાંક દશ્યોનાં ૪૦ વર્ષ પછી ઊતરેલા યશસ્વી ચિત્ર 'ધી અનકોન્કર્ડ'માં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આમ છતાં કુ. હેલન કેલરે આખું આયખું તો અનિવાર્યપણે અપંગોની સેવામાં જ સમર્પ્યું હતું. પોતાના સમસ્ત જીવન તથા લેખન અને પ્રવાસ દ્વારા તેમને પ્રેરણા આપવાનો જ એકમાત્ર ધર્મ તેમણે સ્વીકાર્યો હતો. આંગિક અશક્તિને લીધે નિરાશા કે નૈબલ્ય ન અનુભવતાં સતત કાર્યશીલ રહી સ્વાવલંબન દ્વારા જીવનને જીવવા લાયક બનાવવાનો મૂગો ઉપદેશ સર્વને પહોંચાડવા સારુ થઇને તેમણે જગતભરમાં અપંગો માટેની શાળાઓ સ્થાપવા માટે સમાજના મોવડીઓને વિનવ્યા હતા. આ સંવેદનશીલ સુસંસ્કૃત સન્નારીએ અમેરિકન કૉંગ્રેસ દ્વારા ધારાસભામાં કુદરતી ખોડખાંપણવાળાઓ માટેના કાયદા પસાર કરાવવામાં ખૂબ જહેમત લીધેલી ને બીજા દેશોની સરકારોને પણ અપંગો માટેની એમની યોજનાઓમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પં. સુખલાલજીએ તેમને 'તેજોમય ભગિની' સાર્થ જ કહ્યાં છે.

સ્વાનુભવે તે બહેરાં, મૂગાં અને અંધોની દુનિયાની સમસ્યાઓના અસરકારક ઈલાજો શોધી શક્યાં હતાં. પોતાના વિશિષ્ટ જ્ઞાનનો વિશ્વમાં પ્રસાર કરવા તેમણે 'અમેરિકન ફાઉન્ડેશન ફૉર ધ બ્લાઈન્ડ'ની મદદ લીધી હતી અને પાછળથી તેઓ તેના દેશવિદેશના સંબંધો માટેનાં સલાહકાર નીમાયાં હતાં. અંધોને સમાજોપયોગી ને આનંદમય જીવન જીવતાં શીખવવા તેમણે આજીવન કાર્ય કર્યું હતું. તેમના માટેની શિક્ષણપદ્ધતિઓ, અભ્યાસક્રમ તથા શિક્ષણનાં સાધનો તૈયાર કરાવી તેમણે ઘણા દેશોને પહોંચાડ્યાં હતાં. આ પ્રવૃત્તિ માટે પૈસા મેળવવા તેમણે કુ. એન સાથે વખતોવખત પ્રવચન-પ્રવાસો કર્યા હતા અને પોતાના જીવન પર આધારિત ફિલ્મ તૈયાર થવા દેવાનું પણ આ જ હેતુ માટે મંજૂર રાખ્યું હતું. બીજા વિશ્વયુદ્ધમાં રણમેદાનોના પ્રવાસ કરી તેમણે ઘાયલ સૈનિકો, નાવિકો અને વિમાનીઓની જાત-ઉદાહરણ દ્વારા પ્રોત્સાહન અને સાન્ત્વન આપ્યાં હતાં. અપંગતામાં રહેલી અખૂટ શક્તિ અને પ્રવૃત્તિક્ષમતાના મંત્રના પ્રચારાર્થે કુ. હેલન કેલરે વિશ્વયાત્રી બની છ વખત દુનિયાની પ્રદક્ષિણા કરી હતી. છેલ્લો પ્રવાસ તેમણે ૭૪ વર્ષની વયે કર્યો હતો.

પોતાની વિશ્વવ્યાપી ઝુંબેશના સહકાર્યકર્તા શિક્ષક-મિત્ર એન સુલિવાનનું ૧૯૩૬માં મૃત્યુ થયું તે પછી પણ તેમનાં ઇચ્છાશક્તિ, આત્મશ્રદ્ધા, આશાવાદ અને કર્તવ્યપરાયણતામાં ઓટ નહોતી આવી. ૮૦ વર્ષની ઉંમરે પણ તેઓ રોજ દસ કલાક કામ કરતાં, દરેક પત્રનો બ્રેઈલ ટાઈપરાઈટર પર જવાબ આપતાં અને એ જ લિપિમાં છ માસિકો પ્રસિદ્ધ કરતાં. અંધજનોની દુનિયા વિષેના સમાચાર અને માહિતી આપતાં સામયિકો લંડનમાં અંગ્રેજીમાં ને પારી(સ)માં ફ્રેન્ચમાં તેઓ પ્રગટ કરતાં. અંધો માટેના ફાઉન્ડેશન માટે દસ લાખ ડૉલરનો ફાળો એકત્ર કરવા બદલ ઈ. ૧૯૩૧માં કુ. હેલનનું 'વિક્ટોરીઅન રિવ્યૂ'નું 'એચિવમેન્ટ પ્રાઇઝ' મળ્યું હતું ને પોતે શ્રીમંત ન હોવા છતાં પાંચ હજાર ડૉલરની ઇનામની રકમ તેમણે દાનમાં આપી દીધી હતી. અમેરિકાથી ટોકિયો સુધીની સરકારોનાં પારિતોષિકો, ચંદ્રકો અને માનપત્રકો તેમને પ્રાપ્ત થયાં હતાં. અમેરિકાનો 'મેરિટ ઑવ ઑનર' પણ તેમને એનાયત થયો હતો.

સ્વ-અનુકંપાને મોટામાં મોટો શત્રુ ગણનાર કુ. હેલન કેલર કહેતાં : 'મારો જીવનમાર્ગ ભલે બીજાઓને અંધકારમય લાગે; પરંતુ મારા હૃદયમાં જાદુઈ પ્રકાશ છે અને શ્રદ્ધાથી મારો માર્ગ પ્રકાશિત બને છે.' તેમ છતાં અદ્દભુત જીવનસિદ્ધિનું રહસ્ય તેમનાં આ સત્યકથનમાં છે : 'મારું જીવન સુખમાં પસાર થયું છે કારણ કે મને સારા મિત્રો મળ્યા હતા અને રસભર્યું કામ પ્રાપ્ત થયું હતું. હું ભાગ્યે જ મારી મર્યાદાઓ વિષે વિચાર કરું છું અને એમનાથી હું કદી હતાશ પણ થઈ નથી.' તેમનો જીવનસંદેશ પણ આ જ.

તેમના શૈશવની કથા આલેખતા વિલીઅમ ગિબ્સનના, પાછળથી ફિલ્મરૂપાંતર પામેલા, બ્રોડવે પર રજૂ થએલા નાટકનું શીર્ષક હતું : 'ધી મિરેકલ વર્કર.' કેટલા સાચા સ્મરણીય શબ્દો!

શ્રી રામકૃષ્ણ-વિવેકાનંદ નિબંધ-સ્પર્ધા

સમગ્ર ગુજરાતની કૉલેજોના સ્નાતક કક્ષા સુધીના અને હાઈસ્કૂલની ૧૦-૧૧ શ્રેણીના વિદ્યાર્થી ભાઈ-બહેનો પોતાની શિક્ષણસંસ્થા દ્વારા, આચાર્યના પ્રમાણપત્ર સાથે આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. નિબંધ ગુજરાતી, અંગ્રેજી કે હિન્દી ભાષામાં લખી શકાશે. **કૉલેજના વિદ્યાર્થીઓએ** (૧) ભારત-શ્રી રામકૃષ્ણદેવના આગમન પહેલાંનું અને પછીનું; (૨) સ્વામી વિવેકાનંદજીની સાહિત્યિક પ્રતિભા અને (૩) કર્મયોગ અને રાજયોગ પરત્વે સ્વામી વિવેકાનંદજીની મૌલિક દૃષ્ટિ-આ ત્રણમાંથી ગમે તે એક વિષય પર લગભગ ૧૫૦૦ શબ્દોમાં અને **હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ** (૧) શ્રી રામકૃષ્ણદેવના ગુરુઓ; (૨) સ્વામી વિવેકાનંદજીનો ભારતપ્રેમ અને (૩) અમેરિકામાં સ્વામી વિવેકાનંદજીનું ભ્રમણ-આ ત્રણમાંથી એક વિષય પર લગભગ ૧૦૦૦ શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે. આ નિબંધો તારીખ ૧ જાન્યુઆરી ૧૯૯૯ સુધીમાં અધ્યક્ષ, શ્રી રામકૃષ્ણ આશ્રમ (ડૉ. યાજ્ઞિક માર્ગ, રાજકોટ)ને મોકલી આપવાના છે. સ્પર્ધાના નિયમો અને વધુ વિગતો પણ ત્યાંથી મળશે.

રવિશંકર રાવળનું
આત્મકથાનક
૭૯


જીવનપટનાં સ્મૃતિચિત્રો

૩૮૯ ધારાપુરીની (એલિફન્ટા)ની સફર

ઇ.સ. ૧૯૧૭ના એપ્રિલમાં મુંબાઈ નજીકના ધારાપુરી બેટમાં એલિફન્ટાની પ્રાચીન ગુફાઓ જોવા જવાનું, 'વીસમી સદી'ના પરમ મિત્ર અને મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના શિક્ષણાધિકારી શ્રી હિંમતલાલ ગ. અંજારિયાની નિગાહમાં રચાએલા શિક્ષક-મંડળે ઠરાવ્યું હતું. એ વાત હાજીમહંમદના જાણવામાં આવી. મુંબાઈના વાસી છતાં તેમણે જ એ સ્થાન જોયું નહોતું, એટલે તેમણે આ મંડળીમાં જોડાવાનું ઠરાવ્યું અને મને પણ ખબર આપી. શ્રી અંજારિયાએ ઉમંગથી તેમના સાથમાં અમારી ગોઠવણ કરી નાખી. બ્લૉકમેકર મિત્ર શંકર દેહાડેએ પણ સાથે જોડાવા ઇચ્છા બતાવી, અને એમના જેવો એક કૅમેરામૅન સાથે હોય તે અમને પણ ઈષ્ટ લાગ્યું. એ વખતે ઝડપી કમેરા કે રોલપટ્ટી કૅમેરા હજી અસ્તિત્વમાં આવ્યા નહોતા. ફોલ્ડિંગ કૅમેરા હતા પણ તેમાં વારાફરતી પ્લેટો ગોઠવી છબિઓ લેવાની.

સવારે સાડા આઠ વાગ્યે શ્રી અંજારિયા અને ૧૫૦ જેટલાં સ્ત્રી-





ધારાપુરીની સફરમાં કરેલો એક સ્કેચ. 'વીસમી સદી'માં શ્રી અંજારિયાના પ્રવાસ-વર્ણન સાથે તે પ્રકટ થએલો. ડાબી બાજુ નીચે: ધારાપુરીના એક શિલ્પાવશેષ પાસે. લેખક, હાજી મહમદ અને અંજારિયા.

પુરુષ શિક્ષકોનું મંડળ બોરીબંદરે એકઠું થઈ ગયું. હું સાન્ટાક્રુઝથી ત્યાં પહોંચ્યો અને હાજી ખોજા મહોલ્લાથી પોતાના એક પુત્ર ફરુકને લઈ આવી પહોંચ્યા. ફોટોગ્રાફર દેહાડે પણ મળી ગયા. એક ઉદાર પારસી ગૃહસ્થે પોતાની સ્ટીમલૉંચમાં સૌને લઈ જવા વચન આપ્યું હતું, પણ તેઓ બીજાને એ કામ સોંપી પોતાને વતન ગયા હતા. શિક્ષકો તો મછવામાં ગોઠવાઈ ગયા, પણ વાટ જોવડાવતા અમારા યજમાન ૧૧ વાગ્યે આવ્યા. ત્યાં લગી રાહ જોવામાં શિક્ષક-શિક્ષિકાઓની ભારે કસોટી થઈ. ઉપરાંત સુકાનીની બેદરકારીથી પણ થોડો ગોટાળો થયો, પણ છેવટે લૉંચ સાથે મછવાનાં દોરડાં બંધાયાં અને એક કલાકે નિર્વિઘ્ને ધારાપુરીની ભૂમિ પર સૌ ઊતર્યાં. પ્રવાસ શરૂ થયો કે તુરત મેં હોડીમાં ઊભાઊભા સ્કેચ દોર્યા હતા.

૩૯૦ ધારાપુરીનો પૂર્વ ઇતિહાસ

આ ગુફા ધારાપુરી અથવા એલિફન્ટા નામથી જાણીતી છે. પુરી અથવા ધારાપુરી એનું દેશી નામ છે; એલિફન્ટા પરદેશીઓએ પાડ્યું છે, તે પહેલાંનાં પરદેશીઓએ એને 'પુરીનો બેટ' જ કહ્યો છે. અગાઉ આ બેટના ઉતરાણ આગળ જ અદલ માપનો કાળા પથ્થરનો જંગી હાથી ખડકમાંથી કોતરેલો ઊભો હતો, તેનું માથું ઈ. ૧૮૧૪માં તૂટી પડ્યું અને તેને ત્યાંથી છૂટો પાડી મુંબાઈના રાણીબાગમાં રાખેલો; એ હાથીના કારણે અંગ્રેજોએ ગુફાનું એલિફન્ટા નામ ઠરાવેલું. હવે હાથી નથી, એટલે તેને ધારાપુરીની ગુફા જ કહેવી જોઇએ.

એક જ ખડકમાંથી કોતરાએલી આ વિશાળ ગુફામાંના મંડપો અને શિલ્પો ભારતની શ્રેષ્ઠ ચિંતનપૂર્ણ કળાના નમૂના છે. પ્રચંડ ભારક્ષમ નકસીદાર સ્તંભો, ભવ્ય ત્રિમૂર્તિ (જે વસ્તુતઃ ચતુર્મુખ શિવનું શિલ્પ છે) અને શિવચરિત્રના કાવ્યમય પ્રસંગોનાં અહીંનાં શિલ્પ વિશ્વવિખ્યાત થયાં છે. શિવરાત્રીને દિને અહીં મોટો મેળો ભરાતો, એ તેની પ્રાચીન ગૌરવપરંપરાના પ્રતીકરૂપ હજી ચાલુ છે.

ગુફામાં એક લેખ હતો તે પોર્ટુગીઝ લોકો લઈ ગયા છે એટલે કોણે ક્યારે આ ગુફા બંધાવી તે ચોક્કસ કહી શકાતું નથી, પણ ભારતની કળા જ્યારે શ્રેષ્ઠ કોટિએ પહોંચી હતી તેવા સમયનો પ્રભાવ એમાં સ્પષ્ટ જણાય છે. અનેક વિદ્વાનોએ તેની પ્રશસ્તિમાં લેખો લખ્યા છે કે હિન્દુઓ પોતે જ આ શિલ્પોની ભાવના અને પ્રભાવ સમજવામાં પાછળ રહ્યા છે. ધારાપુરીનું સુપ્રસિદ્ધ વિરાટ ત્રિમુખ શિલ્પ હવે વિશ્વરૂપનું એક શ્રેષ્ઠ પ્રતીક બન્યું છે. આ પ્રસંગની સરસ યાદગીરી મારા મિત્ર દેહાડેએ બધાં વિવિધ મંડળોનાં સમૂહફોટો પાડીને



ચૂનીલાલ મુરલીધર ઘોડી

પાકી કરી આપી, તેમાં આ સાથે પ્રકટ કરેલો હાજીમહમ્મદ અને અંજારિયા સાથે મારો ફોટો પણ લઈ આપ્યો હતો.

અમને મૂકવા આવનાર સ્ટીમલૉંચના કપ્તાને બૅટરી થોડી છે માટે બીજી લઈ આવવી જોઇએ એમ કહેવાથી અમને મૂકવા આવનાર ગૃહસ્થ ત્રણ વાગ્યે પાછા આવવાનું કહીને ગયા તે ગયા જ. ત્રણ વાગ્યા પણ લૉંચ દેખાય જ નહિ! ચાપાણી પતાવ્યાં અને રાહ જોતાં પાંચ વાગ્યા. સાંજ વધવા લાગી. એકાંત અંધારા બેટમાં ક્યાં સુધી રાહ જોવી તેવી ચટપટી થવા લાગી. અમારી પાસે એક મછવો અને એક જૉલીબોટ હતાં તેમાં ૧૫૦ માણસ કેમ પહોંચાડવા ? ન મળે બીજો મછવો કે ન તાર કે ટેલિફોન. સાથે વળી ૪૦-૫૦ શિક્ષિકાઓ. છતાં બધાં એક દિલનાં હતાં. બૈરાં વધુ દૃઢ, હિંમતવાન અને શ્રદ્ધાળુ હતાં. અંતે છેવટની ઘડીએ પ્રભુએ જ સહાય કરી. એક પારસી કુટુંબ સહેલગાહે આવ્યું હતું તેમની લૉંચના ટંડેલની સાથે વાત કરતાં તેઓ અમને મુંબાઈ પહોંચાડવા તૈયાર થયા. પણ વળી નવી મુશ્કેલી આવી. મછવામાં બધાંની ગોઠવણ કરતાં ત્રીસપચીસ માણસ સમાઈ શક્યાં નહિ, એટલે થોડાંએ રોકાઈ જવું એમ ઠર્યું. તે વખતે શ્રી અંજારિયા લૉંચના તૂતક પર ચડી ગયા અને જાહેર કર્યું કે પોતે રાત રહેવા તૈયાર છે અને પોતાની સાથે રહેવા તૈયાર હોય તે હાથ ઊંચા કરે. એકદમ પચીસને બદલે પાંત્રીસ હાથ ઊંચા થયા, પણ ફરીથી ગણતરી અને ગોઠવણ કરી નાખોદાએ બધાંને ઊંચકી લીધાં. અને જ્યાંથી ઊપડ્યાં હતાં ત્યાં પહોંચાડી દીધાં ત્યારે એનો આભાર માની સૌ નિરાંતે ઘેર ગયાં.

આ પ્રસંગ ઉપર શ્રી અંજારિયાનો યથાવત્ લાંબો લેખ 'વીસમી સદી'માં છપાયો છે. તે સાથે ઉપર્યુક્ત મારા સ્કેચ પણ પ્રકટ થયા હતા.

૩૯૧ ચૂનીલાલ ઘોડી

સાન્ટા-ક્રુઝના ચોમાસામાં મને મૅલેરિયા તાવ આવવા માંડયો. હરખજી માસ્તર દિવસના ગુરુકુળની શાળામાં ભણાવવા જતા, તેમના માર્ગમાં અમદાવાદના ડૉ. ભીખાભાઈનું દવાખાનું હતું અને તેમને આવતાં જતાં પરિચય થએલો. મને દવા અપાવવા ત્યાં તે સાથે આવ્યા ત્યારે 'વીસમી સદી'થી હું તેમને જાણીતો થઈ ગએલો તેથી, તેમણે પૂછ્યું કે અહીં ચૂનીભાઈ ઘોડી નામના એક જૂના આર્ટિસ્ટ છે તેને ઓળખો છો ? તુરત મને રંગના જર્મન એજંટ ગૅાલના ચિત્રસંગ્રહમાં ચૂનીલાલ મુરલીધર ઘોડીનું કરેલું એક દૃશ્યચિત્ર જોયાનું યાદ આવ્યું. મારી પૂર્વે ગુજરાતમાં કોઈ એક ચિત્રકારે કંઈક છાપ પાડેલી, તેને મળવાનો સહજ પ્રસંગ આમ મળ્યો તેથી રાજી થયો. ભીખાભાઈ મને નજીકમાં જ ચૂનીભાઇને ઘેર લઈ ગયા.

રસ્તા પરના બગીચાવાળા મોટા કૉમ્પાઉન્ડમાં આવેલા એક મોટા બંગલામાં આખાયમાં ઘોડી પરિવાર વસતો હતો. ચૂનીભાઈ પણ મારું નામ 'વીસમી સદી'થી જાણતા હતા. તેમના મોટા ભાઈ છગનલાલ કોઈ મોટી મિલના મૅનેજર હતા. ઘરમાં ડઝનબંધ નાનાં-મોટાં છોકરાં ભણતાં રમતાં હતાં. ખંભાતનું આ ઘોડી કુટુંબ સમૃદ્ધ સગવડોથી પરિપૂર્ણ હતું, પણ સુધારાની આછકલાઈ જરા પણ નહોતી. અંદરની રીતભાત જૂની હતી. ચૂનીભાઇએ બહુ સરળતાથી મને સ્વીકાર્યો અને સ્કૂલ ઑવ આર્ટની તેમજ મુંબાઈના પ્રૌઢ ચિત્રકારોની સારી માહિતી અને પરિચય તેમને હતાં તે હું જોઈ શક્યો. નાનાલાલ જાની સ્કૂલ ઑવ આર્ટમાં તેમના સાથમાં હતા, પણ જાનીની નજર સૌરાષ્ટ્રમાં ધંધો કરવાની જ હતી. ચૂનીભાઈ ઉપર પ્રિન્સિપલ બર્ન્સની મીઠી નજર હતી ભાયખલાના વિક્ટોરિયા બાગના મ્યૂઝિયમના બર્ન્સ ઑન. ડિરેક્ટર હતા. ત્યાં એક આસિ. ક્યૂરેટર અને આર્ટિસ્ટની જગ્યા ખાલી પડી એટલે તેમણે ચૂનીભાઈ ઘોડીની ભલામણ કરી ને ત્યાં ઠસાવી દીધા. ચૂનીભાઈને નિરાંતની જગ્યા મળી એટલે મ્યૂઝિયમની ગોઠવણનું કામ તેમજ વખતોવખત પ્રાણીઓની પાછળનાં દૃશ્યોની વાસ્તવિકતાભરી રચના માટે જોઈતી તરકીબો અને ફોટોગ્રાફીમાં એવા તો ગૂંચવાઈ ગયા કે તેમની સ્કેચ કરવાની કે ચિત્ર કરવાની વૃત્તિ શમી ગઈ અને રોજ ઑફિસના ટાઇમે ઘેરથી નિરાંતે ખાઈ-પી હાથમાં બૅગ લઈ સ્ટેશનથી લોકલના ફર્સ્ટ ક્લાસમાં દાદર ઊતરી, ભાયખલા મ્યૂઝિયમમાં જઇને આરામથી કામગીરી કરતા.

તેમના દફતરમાં જાતજાતના રંગસામાન, ઓજારો, ચિત્રગ્રંથો આદિ ભરપૂર હતાં. માણસોને જરાતરા કામકાજ બતાવી એકાદ ઝોકું મારી લેતા. બે વાગ્યે ચા આવતો અને થોડી વાર ક્યૂરેટર મિ. પૈ પાસે વાતોના તડાકા મારી સાંજ પાડી દેતા. મારી પાસે બળાપો કરતા કે 'બર્ન્સસાહેબે આવી જગ્યા પર મૂકી મને પ્રમાદી બનાવી દીધો અને મારી પ્રગતિ અટકી. હવે તું મારી પાસે જે કાંઈ જ્ઞાન કે અનુભવ છે તેનો લાભ લે તો મને સંતોષ થાય.' આમ ચૂનીભાઈનો સંગ મને બહુ પ્રેરક બન્યો. તેમની રજા બુધવારે રહેતી એટલે રવિવારે હું અચુક તેમની સાથે મ્યૂઝિયમમાં જતો અને ઘણો વખત ત્યાં ગુજારતો. ફોટોગ્રાફીની પૂર્ણ સગવડ તેમને હતી. ગમે તેટલી પ્લેટો, કાગળો, દવાઓ તે વાપરી શકતા. મારી સોબત તેમને એટલી ફાવી ગઈ કે અઠવાડિયામાં મળાયું ન હોય તો કોઈ સવારે તે મારે ત્યાં આવ્યા જ હોય. તેમને આંતરડાંની કોઈ તકલીફ હતી એટલે ઘણી વાર વ્યગ્ર બનતા. તેમની બૅગમાં બસ્તી અને દવાઓ સાથે જ રાખતા. એમણે વસાવેલો સૅન્ડ ગ્રેનની ઊંચી બનાવટનો કૅબિનેટ કદનો કૅમેરા તેમને માત્ર રૂ. ૧૦૦માં કાઢી નાખવો હતો, પણ મારી પાસે તેનો જોગ નહોતો. પહેલી જ વાર એટલી રકમ બચી કે તુરત મેં તે કૅમેરા રાખી લીધો જે આજ સુધી તેમનું સ્મરણ બની રહ્યો છે.

ચૂનીભાઇને મેં હાજીની વાત કરી. હાજીના સારા ફોટોગ્રાફો લઈ રાખવા કહ્યું. તેમણે ખુશી બતાવી એટલે એક વાર હાજીને સમજાવી પટાવી હું મ્યૂઝિયમમાં લઈ ગયો અને ચૂનીભાઇએ જે બે છબિઓ પાડી તે સિવાય હાજીના કોઈ સારાં પોર્ટ્રેટ લેવાયાં નથી. આવી મારી મૈત્રીથી પરિચયમાં આવેલા મિત્રોને પણ હાજી 'વીસમી સદી' ભેટ મોકલી આપતા. ચૂનીભાઈ પણ આ બક્ષિશથી વંચિત રહ્યા નહોતા. હાજી આ રીતે મારું માન વધારતા રહેતા.

ચૂનીભાઇને લીધે સાન્ટા-ક્રુઝના અનેક જનોનો મને પરિચય થયો. મુંબાઈ જવાના સમયે ઘણી વાર હું ને ચૂનીભાઈ ભેગા થઈ જતા તેમાં મને હાજી અને 'વીસમી સદી'ના અનુરાગી રામભાઈ બક્ષી, ધનસુખલાલ અને તેમના મોટા ભાઈ જયસુખલાલ મહેતા, ભોગીન્દ્રરાવ દિવેટિયા વગેરે અનેક ભદ્ર જનોનો ઊંડો પરિચય થયો. એ વખતે ખારનું સ્ટેશન બન્યું નહોતું, એટલે હિંમતલાલ અંજારિયા પણ સાન્ટા-ક્રુઝના સ્ટેશને જ મળી જતા. ચૂનીભાઈ ઘોડી આખા સાન્ટા-ક્રુઝમાં કોઇને ઓળખતા ન હોય એવું મેં જાણ્યું નહોતું. (અનુ. પૃ. ૪૬૨)

મસૂરી • દિલ્હી • કવિતા • પેઇન્ટિંગ • ફ્લાવર-શો • હોટેલ

અજનબી

લેખક

બક્ષી બક્ષી

'તું મિસીસ ભારદ્વાજને ઓળખે છે?' 'ના.'

'ખરેખર? ગઈ સાલ એમના કૂતરાને ડૉગ શોમાં પહેલું ઇનામ મળેલું.'

'કૂતરાની જગ્યાએ જો એ પોતે ઊભાં રહ્યાં હોત તો પણ કદાચ મળી જાત.'

'સાલા તને મજાક સૂઝે છે? શી ઈઝ અ વેરી ઈન્ટરેસ્ટિંગ લૅડી.'

રાતના એક વાગ્યે દિલ્હીની લાગૂના હોટેલ. તારામંડળની કારીગરીવાળી સીલિંગ. ધીમા તાલે વાગતો ઑરકેસ્ટ્રા. અર્ધ-પ્રકાશમાં નાચતાં યુગલો. નીલે એક અત્યાધુનિક અને આકર્ષક છોકરી સાથે ઓળખાણ કરાવી. 'મીટ જૅય.'

'શું લેશે જૅય?' નીલે પૂછ્યું. 'ફ્રૂટ-કપ.'

વેઈટર ઑર્ડર લઈને ગયો. જૅય વર્ષોથી અમેરિકામાં જ ભણતી હતી, દસ વર્ષ બાદ ભારત આવી હતી. પૂરું નામ હતું જયશ્રી મુખર્જી. બાપ બંગાળી અને મા ફ્રેન્ચ. અને નીલના કહેવા પ્રમાણે જૅયને બન્નેની ખરાબ આદતો વારસામાં મળી હતી. થોડી ઔપચારિક વાતો થઈ. કારણ વિના હું જૅયને ફ્રૂટકપ ખાતી જોઈ રહ્યો.

'જૅય કવયિત્રી પણ છે.' નીલે ભારપૂર્વક કહ્યું.

'શું મૉડર્ન કવિતાઓ લખો છો?' મેં સ્વાભાવિક પૂછ્યું.

'ઓહ, નો! આઇ એમ વેરી ઍન્શન્ટ. હું તો જસ્ટ સમય પસાર કરવા માટે લખું છું.'

ફ્રૂટકપનો ખાલી ગ્લાસ પડ્યો હતો અને એના કાચ પર ધુમ્મસી ભીનાશ હતી. મારી દાઢી તરફ જોઈને એણે પૂછ્યું, 'તમે તો જરૂર ચિત્રકાર હશો?'

'ના. એવું શી રીતે ધારી લીધું?'

'સરસ બોહેમિયન દાઢી રાખી છે. ચિત્રો નહિ તો કવિતા, કંઈક કલાત્મક પ્રવૃત્તિ કરતા જ હશો.'

'કંઈ જ નહિ, ફક્ત બોહેમિયન છું.' અમે બધાં જ અકારણ હસ્યાં.

'લેટ્સ ગો ફૉર અ ડાન્સ', એણે ઊભા થઈ તંગ સાડીના સળોને સરખા કરતાં કહ્યું. 'મને નથી આવડતું.'

'તો પછી બોહેમિયન કેવા?'

'હું ડાન્સ પછીના જ સ્ટેઈજથી શરૂઆત કરું છું.'

'ઓહ, યુ આર ક્વાએટ ઈન્ટરેસ્ટિંગ.' 'થૅંક યૂ.'

અને જયશ્રી મુખર્જી બીજા એક છોકરાની સાથે ફ્લૉર પર ગઈ.

'તારે જવું જોઇએ.' નીલે કહ્યું. 'બેવકૂફ છોકરી છે.'

'હા, ન રુચી એટલે.'

'ડૉન્ટ બી સ્ટૂપિડ. લાવ, એક સિગારેટ આપ.'

સંગીતના વહેણમાં તણાતી હોય તેમ પ્રયત્ન વિના જૅય નાચી રહી હતી. નીલની બહેન મીરાં પણ એક બૉયફ્રેન્ડ સાથે ફ્લૉર પર હતી. ઝાંખા પ્રકાશમાં જૅય આકર્ષક લાગતી હતી. લગભગ બધી જ સ્ત્રીઓ ઝાંખા પ્રકાશમાં સારી લાગતી હોય છે.

નીલની સાથે હું લાગૂનાની બહાર આવ્યો. રાતના બે વાગ્યા હતા. પેટ્રોલ પંપની પાસે સૂઈ રહેલા લોકોની પહેલી ઊંઘ થઈ ગઈ હતી. રસ્તાઓ સૂમસામ હતા.

'ચાલ મસૂરી જઈએ.' નીલને તુક્કો સૂઝ્યો.

'અત્યારે? તને થયું છે શું?'

'લવલી ડ્રાઇવ. ચાલ, કાલે રવિવાર છે. સેવૉયમાં એક પાર્ટી છે. સોમવારે સવારે પાછા આવી જઈશું.'

'મને ઊંઘ આવે છે.'

'સૂઈ જજે, હું ડ્રાઈવ કરીશ.' નીલે કહ્યું.

હું પાછલી સીટ પર સંકોડાઈને સૂઈ ગયો. ગાડી સરલ ગતિથી જઈ રહી હતી. એકાએક આંખો ખૂલી. મરક્યુરી લાઈટો દેખાઈ, કંઈ શહેર જેવું લાગ્યું. 'ક્યાં આવ્યા?' મેં પૂછ્યું. 'મેરઠ.'

મેરઠ પાછળ રહી ગયું. રાત જામતી હતી. હેડલાઇટો ઑન કરીને નીલ ગાડી ચલાવી રહ્યો હતો. અને રસ્તાની બન્ને બાજુએ ઊભેલાં વૃક્ષો પર તેનો પ્રકાશ પડવાથી ફેફસાંની એક્સ રે પ્લેટો ઊભી હોય તેવું લાગતું હતું. મોડી રાતે માલ લઈ જતી ટ્રકો આવતી હતી. દૂરથી ટ્રકની હેડલાઈટો દેખાતી અને અંધારી રાતમાં ચળકતી—હિંસક પશુની આંખોની જેમ. ધીરેધીરે ટ્રક નજીક આવતી અને ભારે અવાજ કરતી, રસ્તાને ધ્રુજાવતી પસાર થઈ જતી. થોડી વાર મેં જોયા કર્યું અને ફરી સૂઈ ગયો.

સવારે પહાડો ઉપર ધુમ્મસ હતું. નીલની આંખોમાં ઉજાગરાની લાલાશ હતી. સેવૉય હોટેલ. નીલ મસૂરીમાં હમેશ ત્યાં જ રહેતો. પરિચિત વેઇટર હતો અને હોટેલના પાછલા ભાગમાંથી દેખાતું દૂનવેલીનું પરિચિત દૃશ્ય હતું. સ્વસ્થ થયા પછી નીલની સાથે ટેરેસ પર હલકા પર્વતી તડકામાં બેઠો. ઠંડો બીઅર આવ્યો. નીચે સિવાલિક પર્વતોથી ઘેરાએલી દૂનવેલીનું સુંદર દૃશ્ય હતું. દેહરાદૂન અને તેનાથી પણ આગળ એક સર્પાકાર ચળકતી રેખા દેખાતી હતી—ગંગા, ત્યાં જ ક્યાંક હરિદ્વાર, હૃષીકેશ અને લક્ષ્મણ ઝુલા હતાં. એક આધુનિક સરદાર છોકરો આવીને બેઠો.

'હાય ટી.પી.!' નીલે એને બોલાવ્યો.

'હાય ઓલ્ડ બૉય!' નીલ અને ટી.પી. લગભગ ભેટી પડ્યા. ઓળખાણ કરાવી. તેજીન્દરપાલસિંહ ટી.પી. કહેવાતો. ચંદીગઢથી આવ્યો હતો. નીલે ચંદીગઢના સમાચાર પૂછ્યા અને પછી ટી.પી. એના ટેબલ પર જતો રહ્યો.

'ઈરા આવી છે ચંદીગઢથી.' નીલે કહ્યું. 'કોણ ઈરા?'

'માય ઑલ્ડ ફ્લેમ. મસ્ટ મીટ હર.'

હજી પાર્ટીને આખો દિવસ બાકી હતો, સમય કેવી રીતે પસાર કરવો? ફક્ત બે જ વાગ્યા હતા. શું કરવું સાંજ સુધી? મેં કહ્યું, 'હું ફરીશ પર્વતોમાં.'

'ડૉન્ટ બી અ સ્કવેર. ચાલ બિલિયર્ડ્ઝ રમીએ.'

બિલિયર્ડ ટેબલની કિનારી પર વ્હિસ્કીના બે ગ્લાસ ગોઠવાયા. નીલ બહુ જ સરસ રમતો. એણે ટેબલની લીલી મખમલી સપાટી સાથે ક્યૂના ગોળાકારને સરખાવી જોયો. ડાબા હાથ પર ચૉકનો ભૂકો લગાવ્યો. રમત શરૂ થઈ. દીવાલ પર લગાવેલા સ્કોરબોર્ડમાં નીલના પૉઈન્ટ્સ વધતા જ ગયા. એક એવી પળ આવી જ્યારે આખી રમત નિરર્થક લાગવા માંડી.

ધીરે ધીરે સાંજ પડી અને પાછી રાત આવી. રાતની કાળાશમાં હિમાલયનાં શ્વેત શિખરો પણ સમાઈ ગયાં. પાર્ટી જામી હતી. એકધારી રમૂજ થઈ રહી હતી. એક પછી એક બધા ચહેરાઓ સાથે ઓળખાણની ઔપચારિકતા પતી ગઈ હતી. એક મધ્યવયસ્ક કંઈ

કવિતા સંભળાવી રહ્યા હતા. એક યુવતી એક હાથમાં ગ્લાસ અને આંગળીઓ વચ્ચે સિગારેટ દબાવી ને કંઈ સમજાવી રહી હતી. એની આંખોમાં નશો હતો. નીલ ઈરાની સાથે ક્યાંય પર્વતોની ભુલભુલામણીમાં ફરતો હતો.

હું પાર્ટી હૉલમાંથી મારો ગ્લાસ લઈ ખુલ્લી હવામાં આવી એક ખડક પર બેસી ગયો. નીચે દૂન-વેલી ચળકતી હતી. ઉપર કાળું આકાશ અને પીઠ પાછળ પ્રકાશિત હૉલ અને પાર્ટીની ધમાલ.

'એકલો એકલો શું કરે છે?' મીરાંએ પૂછ્યું.

નીલની બહેન મીરાં ઊભી હતી. મીરાં બહુ જ સારી ચિત્રકાર હતી, કલાત્મક હતી. આ ફૅશનેબલ દુનિયાનાં પાત્રોમાં એનામાં જ કંઈક વિચારોની પ્રામાણિકતા હતી. મીરાં પાસે બેસી ગઈ. એણે ઊંડો શ્વાસ લીધો 'બ્યુટીફૂલ આઉટ હીઅર.'

મીરાં અર્ધનિદ્રિત આંખોથી રાતની કાળાશ તરફ જોઈ રહી.

'શું જુએ છે?'

એક પળ શાંતિ છવાઈ ગઈ. થોડી વાર રહીને મારા સવાલનો પડઘો હોય તેમ મીરાંએ કહ્યું. 'હં.' 'શું જુએ છે?'

'લવ્લી લૅન્ડસ્કેપ. એક ચિત્ર દોરીશ—આ અંધારી રાતની કાળાશનું.' મીરાં ઊભી થઈ અને મારો ગ્લાસ લઈ હૉલમાં ગઈ. પાર્ટીનો ખરો રંગ જામ્યો છે. હૉલમાંથી લોકો આવજા કરે છે. બારણું ખૂલે છે, બંધ થાય છે. સાથે સાથે હૉલમાં વાગતા 'બ્લૂ ડાન્યુબ'ના સૂરો પણ આવજા કરે છે.

ટાઈનૉટ ઢીલી કરીને નશામાં ઝૂમતો કોઈ સરદારજીની જોક કહી રહ્યો છે, 'યુ નો, વન સર્ડ ... વેન્ટ ટુ યુ. કે ...' કોઈ પોતાના કૂતરા વિષે કહી રહ્યું છે. 'ટેરીઅર ... આલ્સેશ્યન ... પેકિંગીઝ.' એક વયસ્ક કહે છે કે એમના કૂતરાને ચૉકલેટ ભાવે છે. કોઈ પોતાના આઉટ ગાર્ડનમાં ઊગેલા હોલિહોક અને પીટુનિયા વિષે કહી રહ્યું છે. મારાં નારસિસસ બહુ જ સુંદર છે, એક વૃદ્ધ સિગારના ધુમાડા ફૂંકીને એમનાં ફૂલોનાં વખાણ કરી રહ્યા છે. નારસિસસ એટલે નરગીસ કોઈ કહે છે અને પછી સ્વયંસ્ફુરિત થઈ સંભળાવે છે, 'હજારો સાલ નરગીસ અપની બેનૂરી...' એક ભારે શરીરવાળી, સ્ત્રીમંડલની સેક્રેટરી જેવી જોરથી હસી રહી છે. પથ્થરની મૂર્તિઓ જેવા મૃત ચહેરાઓવાળા વેઈટરો ઊભા છે. કૉકટેઇલ ગ્લાસીઝનો સંગીતમય મીઠો અવાજ છે.

મીરાં બે ગ્લાસ લઈ આવી. મારો ગ્લાસ આપીને કહ્યું 'ચીઅર્સ'.

'ટુ યોર લૅન્ડસ્કેપ'. એ હસે છે, બનાવટી.

શરાબની પૂરેપૂરી અસર છે. જીભ પર એક ભારે સ્વાદ છે અને દીમાગમાં એક અવર્ણનીય રંગિની. પાર્ટીમાં અખૂટ વાતો ચાલે છે. બધાં જ ખુશ છે. બધાં જ એકલાં છે.

આંખોની સામે કાળાં વર્તુળો તરતાં દેખાય છે. એક પળ એવું લાગે છે કે પાર્ટીમાં લોકો પોતપોતાના ગ્લાસ લઈને થીજી ગયા છે. દરેકનું હાસ્ય થીજી ગયું છે.

'લાવ ગ્લાસ આપ.' મીરાં ખાલી ગ્લાસ લઈને જાય છે અને બધું જ ફરી સજીવન થઈ જાય છે. ફરી પાર્ટી શરૂ થાય છે.

ગ્લાસ મોઢે માંડી એક ઘૂંટડામાં પી જાઉં છું. વિચારશક્તિ પર કોઈએ એક ટકોરો માર્યો હોય એવું લાગે છે. અને એકાએક લાગે છે કે બધાં જ હસે છે.

ખાલી કૉકટેઈલ ગ્લાસના શરાબી રંગમાં મારું પુરુષત્વ હસે છે. બગીચાનાં ફૂલો હસે છે. રાતની કાળાશમાં ડૂબેલા શ્વેત પર્વતો હસે છે. મીરાંની આંખોમાં કલાત્મક વેદના હસે છે. આકાશના ચહેરા પર શીતળાનાં ચાઠાં જેવા તારાઓ હસે છે. પાર્ટી હૉલમાં બધાં જ હસે છે. પ્લાસ્ટિક સર્જરી કરેલા ચહેરાઓ હસે છે.

ફરી ગ્લાસ ભરાય છે. ફરી એક ઘૂંટડો લઉં છું. વીજળીની ત્વરાથી ગરમાશ શરીરમાં ફેલાય છે. સામેના પહાડ પર એક નાના કૉટેજની બારીઓમાંથી બત્તીનો પ્રકાશ પડે છે. ખુલ્લી બારીઓ કૉટેજની આંખો જેવી છે. મને લાગે છે કે કૉટેજ એની બારીઓથી મારી સામે જોઈ રહ્યું છે—

પરોઢિયાના ઠંડા અજવાળા પર ધીરેધીરે આંખો ખૂલી. ગાડીના કાચ પર તળેટીનાં ઊંચાં વૃક્ષોના પડછાયાઓ પસાર થતા હતા. પર્વતો પાછળ ઊભા હતા, ધુમ્મસ લપેટીને. ડ્રાઈવર સારી ઝડપથી ચલાવી રહ્યો હતો. મીરાં ચૂપચાપ બારીની બહાર જોઈ રહી હતી. એના લૂખા વાળની લટો ચહેરા પર ઊડી રહી હતી.

એકાએક યાદ આવી–ગઈ કાલની રાત. બહારની કાળાશ, મીરાંએ કહેલું. લૅન્ડસ્કેપ. શરાબનો નશો. ગાડીમાં કેવી રીતે આવ્યો! હજી સ્પષ્ટ થતું નહતું. કદાચ નશામાં બિલકુલ ચકચૂર થઈ ગયો હોઈશ અને મીરાં પોતાની સાથે લઈ આવી હશે. હજી પણ જીભ પર ભારે તામસિક સ્વાદ હતો. એકાએક મીરાંએ મારી તરફ જોયું.

'હાય મોર્નિંગ. કેમ છે હૅન્ગ ઓવર?'

'આ...યમ ફાઈન'

મીરાંએ હૅન્ડબૅગમાંથી નાનો અરીસો અને મેકઅપનો સામાન કાઢ્યો. મેકઅપની પરતો નીચે મીરાંનો મૂળ ચહેરો ક્યાંય ખોવાએલો હતો. ધ્યેયહીન જીવન હતું. પાર્ટીઓની વચ્ચે થોડું જીવી લેવાનું. એ જ થોડા ચહેરાઓ હતા–સુખનાં મોહરાં પહેરીને આત્મ વિસ્મૃતિમાં ખોવાએલા. બધાં વચ્ચે પણ એકલા એકલા.

દિલ્હી ગાડી પોર્ચમાં આવી ને ઊભી રહી. ડ્રાઈવરે બારણું ખોલ્યું અને મીરાં ઊતરી. પહેલા માળની બાલ્કનીમાં આવીને બેઠાં. ખૂણામાં બૅાગનવીલાનાં ખરેલાં ફૂલોનો એક ઢગલો પડ્યો હતો. ચા આવી, ગુલમહોરનાં વૃક્ષો તરફની થોડી હવા આવી. ટી-પોટ પર ચીતરેલા ડ્રૅગનનો રંગ બૅાગનવીલાનાં ફૂલો જેવો હતો. છાપું અકબંધ પડયું હતું. મીરાંને અચાનક યાદ આવી ગયું–આજે સાંજે ક્રિસેન્થિમમ શો માં એને ભાગ લેવાનો છે.

'યુ મસ્ટ કમ.' 'મને ફૂલોની હરીફાઈમાં રસ નથી.' મેં કહ્યું.

નીચે લૉનમાં ઊગેલાં બ્લૂ વીસ્ટેરિયાનાં ફૂલો તરફ મીરાં ઉદાસીથી જોઈ રહી. 'આઈ લવ વીસ્ટેરિયા. એનો રંગ કેટલો સુંદર લાગે છે. જાણે સ્મૃતિનો રંગ.'

ચા પીવાઈ ગઈ, વીસ્ટેરિયા વિષે વાતો થઈ ગઈ, છાપું વંચાઈ ગયું.

ફૉરેસ્ટ ઇન્સ્ટિટ્યૂટથી હજારેક ફીટ દૂર પહાડના ઢાળ ઉપરથી મોટર ગબડી હતી. સફેદ રંગની ગાડી હતી, મસુરીથી આવતી હતી. ચલાવનાર નશામાં હતો. એક લાશ મળી છે. લાઇસેન્સ નંબર, નામ, નીલ ઓબેરાઈ, પોસ્ટ મોર્ટમ.

ગુલમહોરનાં વૃક્ષો તરફથી આવતી હવાની જેમ સમાચાર આવ્યા. થોડી વાર પછી લાશ આવી. મીરાં રડી. નીલના શરીર પર ઊંડા ઘા પડ્યા હતા. ફાસ્ટ લાઈફનો ભોગ બનેલા નીલના શરીર તરફ મેં જોયા કર્યું. હું રડી ન શક્યો.

મીરાંની આંખો લાલ હતી, આખી રાતના ડ્રાઈવ પછીની નીલની આંખો જેવી. બધાં જ ચૂપ હતાં. નીચે બગીચામાં ફૂલો ખરતાં હતાં. મીરાંએ દોરેલું એક વિશાળ તૈલચિત્ર પડ્યું હતું. બાલ્કનીમાં ગુમસૂમ બેઠેલી મીરાં હતી. કાળા લૅન્ડસ્કેપમાં (અનુસંધાન પૃ. ૪૫૪)

સાગરનાં ઊંડાં તળથી માંડી આભને આંબતાં શિખરોને યે વળોટી, અવકાશમાં ભમતા ચાંદ-તારાનાં રહસ્યો માનવીને માપી લેવાં છે. એ માટે અનંત કાળથી એની ખોજ ચાલતી જ રહી છે. ખુદ મૃત્યુ પણ એને રોકી શક્યું નથી. દક્ષિણધ્રુવની શોધસફરની આ કથા પણ માનવીના એવા જ એક પ્રયત્નનું ગૌરવભર્યું દૃષ્ટાંત છે.

હિમશય્યા

મૂળ લેખક • સ્ટિફન ઝ્વાઈગ
અનુવાદક: શિવપ્રસાદ જોષી

વીસમી સદીમાં દુનિયાનું કોઈ રહસ્ય છૂપું રહી શક્યું નથી; દુનિયાના ગોળા ઉપરની તસુએ તસુ ધરતીની ચકાસણી અને સમુદ્રનાં જોજન ઊંડાં જળરાશિનું મંથન કરી, મનુષ્યે કુદરતની શક્તિઓને માણસજાતની સેવા માટે નાથી છે. છતાં આ સદીની શરૂઆતમાં, દુનિયાના બે કુતૂહલરૂપ બિંદુઓ – ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ–અસાધ્ય રહ્યાં હતાં. તેને માટે પણ પુરુષાર્થનાં મંડાણ થયાં; અમેરિકામાંથી ઉત્તરધ્રુવ તરફ પિયરી અને કૂકે પ્રયાણ કર્યું: દક્ષિણધ્રુવ તરફ પણ બે વહાણોએ મજલ આદરી. એકમાં હતો નૉર્વેનો સાહસિક આમુન્ડસેન અને બીજામાં અંગ્રેજ કૅપ્ટન સ્કૉટ.

બ્રિટિશ નૌકાદળનો એક સાધારણ કૅપ્ટન; બીજા સેંકડોમાંથી જુદો તરી આવે તેવું તેનામાં કાંઈ જ નહિ. શેકલ્ટનની અગાઉની સફરમાં તેણે ભાગ લીધેલો, પણ કીર્તિ ફેલાવે એવું કોઈ આગવું સાહસ તેને ચોપડે મંડાયું ન હતું. તેના ચહેરાના પ્રાપ્ત થતા ફોટાઓનું નિરીક્ષણ કરતાં, તેની આંતરિક શક્તિઓના સંચયસમી ઠંડી નિર્ણયાત્મક પ્રભા ત્યાં બેઠી હોય તેવું લાગે છે. આંખો બિલકુલ સ્થિર; હોઠ સખત બીડેલા; લહેરી મુખારવિંદનું કોઈ લક્ષણ નહિ. તેના હસ્તાક્ષર પણ સીધા, સાદા, આડંબરવિહોણા, ઉતાવળા છતાં નિશ્ચલ. શૈલી સરળ અને સ્પષ્ટ–તેમાં કલ્પનાનું ઉડ્ડયન ભાગ્યે જ દેખાશે. કોઈ અહેવાલ રજૂ થતો હોય તેવી ભાષા; સ્કૉટનું અંગ્રેજી ગદ્ય સ્વપ્નદૃષ્ટાની ઘેલછાથી મુક્ત, અલંકાર વિહોણું, સીધું સાદું અને પ્રવાહી છે. અંગ્રેજોના ઇતિહાસમાં, આ નામ જુદાજુદા સમયે, જુદાજુદા ક્ષેત્રે ચમકે છે પણ તેની સાથે દૃઢ ઇચ્છાશક્તિ અને ભ્રાતૃભાવ હમેશાં સંકલિત રહે છે.


શેકલ્ટને જ્યાંથી પડતું મૂક્યું ત્યાંથી શરૂ કરવાનો સ્કૉટે નિર્ધાર કર્યો. કરજ કરીને પણ સફર માટેની બધી જ તૈયારીઓ પૂર્ણ કરી, તેની પત્નીએ પુત્રજન્મની ભેટ ધરી તેને પણ અવગણી. સાહસિક મિત્રોનો સાથ મળ્યો, અને 'ટેરા નૉવા' નામનું તેનું વહાણ તૈયાર થયું. તેમાં અર્ધી સામગ્રી જીવતાંજાગતાં પશુઓથી ભરી છે; બાકીની અરધીમાં પ્રયોગશાળા, સેંકડો વૈજ્ઞાનિક ઉપકરણો, પુસ્તકો અને અન્ય વસ્તુઓ છે. આધુનિક નાજુક યંત્રસામગ્રીથી માંડીને કપડાં સાંધવા માટે સોયદોરા સુધી તમામ જરૂરી ચીજોનો તેમાં સમાવેશ છે. સફરનું આયોજન એટલી ચોકસાઈપૂર્વક કરવામાં આવ્યું છે કે સંભવિત દરેક આપત્તિને પહોંચી વળવાની બધી જ તૈયારીઓ તેમાં છે. ઈ. ૧૯૧૦ના જૂનની પહેલી તારીખે 'ટેરા નૉવા' ઇંગ્લંડથી રવાના થયું ત્યારે હવામાન ભારે ખુશનુમા હતું; આકાશ સ્વચ્છ હતું અને સુકુમાર તડકો રેલાતો હતો, રંગબેરંગી ફૂલો અને લીલોતરીથી મેદાનો શોભી રહ્યાં હતાં. ફરી આ દૃશ્યો ક્યારે જોવા મળશે એવી કોઈને ખબર ન હતી. વહાણ ઉપર બ્રિટિશ ધ્વજ ફરકી રહ્યો હતો. એ જ ધ્વજ તેઓ દુનિયાની નધણિયાતી ધરતી ઉપર રોપવા જઈ રહ્યા હતા. એ વિચારનું તેઓને ભારે સાંત્વન હતું.

ન્યૂ ઝીલૅન્ડમાં થોડોક સમય મુકામ રાખી, ૧૯૧૧ના જાન્યુઆરીમાં સ્કૉટની મંડળી કેપ ઈવાન્સ ખાતે પહોંચી. શાશ્વત બરફની આ ભૂમિ. શિયાળો ગાળવા અહીં તેમણે ઘર બનાવ્યું. દુનિયાના આ ભાગમાં ડિસેમ્બર અને જાન્યુઆરી એટલે ઉનાળાનો સમય. ત્યારે સૂર્ય આથમતો નથી, અને તેનો પ્રકાશ માઇલોના માઇલો સુધી બરફને ચકચકિત બનાવે છે. અહીં જે ઘર તેમણે બનાવ્યું તે અગાઉના સાહસિકોની જેમ લાકડાનું જ છે, પરંતુ અંદરના ભાગમાં પુરોગામીઓને દુર્લભ એવી સુવિધાઓ રચી છે. તેલની વાટથી ટગુમગુ બળતા દીવાને બદલે એસિટીલિન ગૅસની જ્યોતથી ઘર ઝળાંહળાં બની જાય છે. કંટાળો દૂર કરવા પીઆનો, ગ્રામોફોન, કુડીબંધ રેકૉર્ડો ઉપરાંત લાયબ્રેરીમાં અસંખ્ય પુસ્તકો છે. એક ખૂણામાંથી ટાઈપરાઈટરનો અવાજ આવે છે; બીજી તરફ ભૂસ્તરશાસ્ત્રી ખડકરચનાનું સંશોધન કરી ટાંચણ કરી રહ્યો છે; પ્રાણીજીવશાસ્ત્રી નવાં મળેલાં દરિયાઈ જીવજંતુ વિષે નોંધો અને ચિત્રો બનાવે છે; હવામાન અને આબોહવાના ફેરફારોની નોંધ રાત અને દિવસ રખાય છે. ટૂંકમાં ટુકડીના દરેક સભ્યને તેની યોગ્યતા પ્રમાણે કામ સોંપવામાં આવ્યું છે, અને આવી રહેલા શિયાળાના અંધારા દિવસો માટે તૈયારી કરવામાં આવે છે. વૈયક્તિક કામગીરીને સુગ્રથિત કરી, અહીં અરસપરસ વિચારોની અને પ્રાપ્ત કરેલ જ્ઞાનની આપલે થાય છે, અને આ રીતે એકલતા અને નીરસતા દૂર થાય છે. 'સાઉથ પોલર ટાઈમ્સ'નામનું સામયિક પણ તેઓ બહાર પાડે છે જેમાં દરેક નાના બનાવની નોંધ હોય છે, જેમ કે અચાનક ભેટી ગએલી વ્હેલ માછલી વિષે; તો વળી, મુસાફરીમાં માંદા થઈ ગએલ ટટ્ટુ વિષે પણ બે શબ્દો હોય છે.

આગામી સાહસની હવે ટુકડીએ પૂર્વતૈયારી કરી. સભ્યો બરફગાડી (સ્લેજ)માં મુસાફરી કરતાં શીખે છે, તો કોઈ બરફ ઉપર લપસવા (સ્કી)નો મહાવરો લે છે; કૂતરા તેમજ ખચ્ચરોને તાલીમ અપાય છે; નાની ટુકડીઓ વધુ ઠંડીનો પરચો પામવા દૂરદૂર સુધી જાય છે અને આવે છે; બરફમાં તંબૂઓ ખોડવાના પ્રયોગો ચાલે છે; હીમડંખનો અનુભવ લેવાય છે; આ બધું પતાવીને ટુકડી ૭૭ અક્ષાંશ ઉપરના કાયમી મથકમાં પાછી ફરે છે. એક દિવસ આવી રીતે પશ્ચિમમાંથી પાછી ફરતી ટુકડીએ સમાચાર આપ્યા કે આમુન્ડસેન વ્હેઈલ્સના અખાતમાં થાણું નાખી પડ્યો છે! સમાચાર સાંભળીને સ્કૉટનાં ધરણ મરી ગયાં, કેમ કે આ સાચું હોય તો પોતાની યોજના નિષ્ફળ જવા ઉપરાંત દક્ષિણધ્રુવ ઉપર પહેલું કદમ અંગ્રેજ ટુકડી મૂકી શકશે નહિ!

છતાં સાથીઓને તેણે અનુરોધ કર્યો: 'જાણે કાંઈ બન્યું નથી તેમ હિંમત રાખી, આગળ ધપ્યે જાવ; આપણે માતૃભૂમિનું નામ રોશન કરવું છે. આમુન્ડસેન સાઠ માઈલના ટૂંકે રસ્તે આપણને હંફાવી રહ્યો છે!'

બરફઘરથી એક માઇલ દૂર હવામાન માટેનું નિરીક્ષણ-મથક છે. અહીં ચોવીસે કલાક, એક પછી એક માણસને ફરજ આપી છે. લાંબી શિયાળુ રાત્રિઓ પછી, ઉનાળાના આગમનની છડી પોકારતા સૂર્યોદયના પ્રથમ કિરણને ઝીલી લેવા એક ખાસ યંત્ર ગોઠવ્યું છે. અને



એક દિવસે, પશ્ચિમમાં રકાબી જેવો સૂર્યનો ગોળો દેખાય છે–ફક્ત એક કલાક માટે; ઉનાળો હવે બેસી ગયો. દક્ષિણધ્રુવ પરની આખરી ચડાઈ માટે તૈયારીઓ થઈ. ઑક્ટોબરની ૨૪મી તારીખે ટટ્ટુ અને કૂતરાઓ સાથેની સ્લેજગાડીમાં ટુકડીઓએ પ્રયાણ કર્યું. તેમણે આગળ જઈને, મુકરર કરેલાં સ્થાનો પર થાણાં સ્થાપવાનાં હતાં, અને તેમાં ખાદ્યખોરાકી, બળતણ, કપડાંલત્તાં, ઇત્યાદિ સંઘરવાનું હતું જેથી પાછા ફરતી વખતે તેનો ઉપયોગ થઈ શકે. હિંમત અને સહનશીલતાની કસોટી કરે તેવા ધ્રુવબિંદુએ પહોંચવાના આ આખરી પ્રયત્નમાં રૂકાવટ આવવા લાગી થોડે ગયા બાદ મોટરથી ચાલતી સ્લેજગાડી અટકી પડી. તેમને છોડી દેવામાં આવી. ટટ્ટુ અને ખચ્ચરોએ સરખામણીમાં પ્રશંસાપાત્ર કામ આપ્યું. તેમાંથી કોઈ નકામું બનતું, તો તે કૂતરાઓ માટે ખોરાક તરીકે કામ આવતું.

૧૯૧૧ના નવેમ્બરની અગિયારમી તારીખે આખી ટુકડીએ શિયાળુ મુકામ છોડી દીધો. અગ્રિમ ટુકડીમાં મોટરથી ચાલતી બરફગાડીઓવાળાને બાદ કરતાં, ત્રીસ જણ એ ટુકડીમાં હતા. તેમાંથી બેચાર જણ ક્રમશઃ પાછા ફરતા હતા અને સંખ્યા ઘટતી જતી હતી. ત્રીસ, વીસ, પંદર એમ કરતાં આખરી તબક્કામાં પાંચ સાહસિકો જ ઝઝૂમવાના હતા. ઘણું જ લાક્ષણિક દૃશ્ય એ હશે! અફાટ નિર્જન એકાંતમાં ગાત્રને થીજવી દે તેવી ઠંડીમાં, સફેદ બરફની ધવલતામાં દસ-બાર માનવમલેખડાં રૂપી કાળાં ટપકાં! તેમણે સહુએ

યુરોપ અને અમેરિકન સંયુક્ત રાજ્યોના સરવાળાથી યે વધુ વિસ્તૃત દક્ષિણ ધ્રુવખંડ-ઍન્ટાર્કટિકા ૫૦ લાખ ચોરસ માઈલમાં પથરાએલો છે. સમુદ્રની સપાટીથી સરાસરી ૬૦૦૦ ફૂટની ઊંચાઈવાળો ઍન્ટાર્કટિકા દુનિયાનો ઊંચામાં ઊંચો ખંડ છે. એની અનેક પર્વતમાળ તો ૧૦,૦૦૦ ફૂટ ઊંચી છે. એમાં દ ધ્રુવથી પશ્ચિમે ૬૦૦ માઈલ દૂર ઍલ્સવર્થ પર્વતોમાં ૧૬,૮૬૦ ફૂટ ઊંચું વિન્સન મૅસિફ ઊંચામાં ઊંચું શિખર છે (નકશા નં ૧૪). એનો વિશાળ અંતરપ્રદેશ બરફના ગંજાવર થર તળે દટાએલો છે. બરફનો વધુમાં વધુ ઊંડો થર ૧૪,૦૦૦ ફૂટનો છે (૧૩). લગભગ ૭૦ લાખ ઘનમાઈલ જેટલા એ બરફના ભારથી ઍન્ટાર્કટિકાની જમીન ઊંડી ઊતરી ગઈ છે આ બધો બરફ જો ઓગળે તો દુનિયાના દરિયાની સપાટી ૨૫૦ ફૂટ જેટલી ચડી જઈ કંઠારનાં ઘણાં શહેરો ડુબાડી દે. શિયાળાના અંધારિયા મહિનાઓમાં અહીંનું ઉષ્ણતામાન શૂન્ય નીચે ૧૦૦ અંશ ફે. થી યે વધુ ઘટી જાય છે. ઈ ૧૯૬૦ની ૨૪ ઑગસ્ટે દ. ધ્રુવથી ૬૦૦ માઈલ દૂર (૧૦) દુનિયાનું ઓછામાં ઓછું-શૂન્ય નીચે ૧૨૭° ફે. ઉષ્ણતામાન નોંધાયું છે. ભૌગોલિક દ. ધ્રુવ ઉપરાંત તેનાથી ૭૯૮ માઈલ દૂર ભૂ ચુંબક ધ્રુવ છે (૯). એ જ રીતે ઈ. ૧૯૬૨માં ભૌગોલિક દ. ધ્રુવથી ૧૫૯૯ માઇલ દૂરે (૧૧) ચુંબક ધ્રુવની પણ નોંધ થઈ છે. ચુંબક સોય આ ધ્રુવ જ બતાવતી હોય છે આ બિંદુ દર વર્ષે આ઼ઠેક માઈલ જેટલું આઘુંપાછું થતું જણાય છે. દ ધ્રુવખંડ પર એક કાળે વનસ્પતિ પણ હતી. ઈ. ૧૯૬૧માં એના અવશેષ (૭) મળી આવેલા. રોસ ટાપુ પર આ ખંડનો એક માત્ર જાગ્રત જ્વાળામુખી માઉન્ટ ઇરેબસ છે (૫) અહીંથી જ આરંભીને અગાઉ શેકલ્ટન ઈ. ૧૯૦૯માં મંચુરિયન ટટ્ટુઓ સાથે દક્ષિણ ધ્રુવ તરફ વધુમાં વધુ (૨) આગળ પહોંચેલો. એની સાથે ગએલા સ્કૉટે ત્યારે આસપાસનાં (૬) અને (૮) સ્થાનો ખુંદેલાં અને એડવર્ડ-૭ ઉચ્ચ પ્રદેશ (૧૨) શોધેલો. દ. ધ્રુવ પર નૉર્વેના આમુંડસેને ચાર સાથીઓ અને કૂતરાથી ખેંચાતી સ્લેજ ગાડીઓ સાથે તા. ૧૪-૧૨-૧૯૧૧ના પ્રથમ કદમ મૂક્યો. તા. ૧૮-૧-૧૯૧૨ના કૅપ્ટન સ્કૉટની ટુકડી ત્યાં પહોંચી. માર્ગમાં બીઅર્ડમોર ગ્લેસીઅર(૩ માં એમના ટટ્ટુઓ નકામાં થતાં એમને મારી નાખેલાં એટલે પોતાનો સામાન પણ એમણે જાતે ખેંચવો પડેલો. વળતી સફરમાં પૂરવઠાથી ૧૧ જ માઈલ દૂર (૪) પવનના સખત તોફાનમાં ફસાઈ જઈ એમણે મૃત્યુને ભેટવું પડ્યું. તા. ૨૯-૧૧-૧૯૨૯માં એડ. બાયર્ડે દ. ધ્રુવ પરથી ઉડ્ડયન કર્યું. સ્કૉટ પછી દ. ધ્રુવ પર ફરી પગ મુકાયો છેક ઈ. ૧૯૫૬ની ૩૧ ઑક્ટોબરે. અમેરિકન એડ૦ જ્યૉર્જ ડુફેકે ધ્રુવ પર છાવણી નાખી ને ડૉ. પોલ સિપલ સાથે ૧૭ જણે ત્યાં શિયાળો ગાળ્યો. પછી તો કોઈ ને કોઈ દેશના સંશોધકો ત્યાં જતા રહ્યા છે.-સં.



ઉપર: કૅપ્ટન સ્કૉટ. નીચે: લેફ. બાવર્સ. જમણી બાજુ અનુક્રમે એડવર્ડ વિલ્સન-દાક્તર અને ચિત્રકાર, લૉરેન્સ ઑટસ-સાથીઓ ખાતર જેણે આત્મ-બલિદાન આપ્યું હતું તે અને એડગર ઈવાન્સ.









રૂંવાટીવાળા પોશાકથી શરીરને મઢ્યું છે – માત્ર આંખો જ ઢાંકી નથી. બરફગાડી અને ટટ્ટુઓને હાથેથી દોરવા પડે છે; કૅનવાસના રક્ષણ નીચે તેઓ રાત્રિ ગાળે છે અને પવનના ફૂંકાતા સુસવાટાથી બચવા બરફની દીવાલો રચી, પશુઓને તેના આશ્રયે રાખે છે. દરરોજ કંટાળાજનક મુસાફરી આમ આગળ વધે છે. પૃથ્વીના આદિકાળથી પ્રથમ જ વાર અહીંની બરફીલી હવા માનવીના ફેફસામાં પ્રવેશ પામે છે.

મુસિબતો વધતી જાય છે; હવામાનમાં બગાડો થવાથી ધાર્યું અંતર કપાતું નથી. ટુકડીના સભ્યોને ખબર છે કે તેમના હરીફ નૉર્વેજિયનો બીજી તરફથી આવી રહ્યા છે. ટટ્ટુ અથવા કૂતરા ચીલો ચાતરી આડા ફાટે તે પોસાય નહિ; એકએક ક્ષણની ભારે મોટી કિંમત છે. અણીની પળે, એક ટટ્ટુનું મૃત્યુ આફત ઉતારે; બરફનું અણધાર્યું તોફાન આવી ચડે તો બધું જ ધૂળધાણી! તબિયત બગડે તો પણ સમય સામેની હોડ હારી જવાય! પણ માનવીની મર્યાદા પાસે લાચાર! એક સાથી બરફના પ્રકાશથી અંધ બને છે; બીજો હિમખંડની અસર નીચે આવે છે, ખોરાકની માત્રા ઘટી જતાં, ટટ્ટુઓ નિર્બળ બને છે. અને ખેંચવાના કામ માટે બિલકુલ નકામાં થઈ જતાં, બીઅર્ડમોર ગ્લેશીઅરમાં એમને ગોળીથી ઠાર કરવામાં આવે છે-ગરીબ બિચારાં મૂગાં પ્રાણીઓ! અઢારઅઢાર માસ સુધી તેમણે મનુષ્યોના મિત્રો બનીને સુખદુઃખમાં ભાગ લીધો હતો. દરેક ખચ્ચર અને ટટ્ટુનું હુલામણું નામ પણ હતું અને અત્યાર સુધી તો મનુષ્ય તરફથી પણ વર્તાવ-

માં કાંઈ જ ખામી ન હતી અને હવે....

એકત્રીસ નંબરના કૅમ્પને 'શેમ્બલ્સ કૅમ્પ' નામ આપવામાં આવ્યું. બરફ ઉપર પગપાળા સતત મુસાફરી કરવાને લીધે પથિકોના પગ સૂઝી જવા લાગ્યા. આવી કઠણાઈમાં ડિસેમ્બરની ૩૦મી તારીખે ૮૭ અક્ષાંસ ઉપર ટુકડી પહોંચી જાન્યુ.ની ચોથી તારીખે ત્રણ વધુ સાથીઓ ઠંડીનો ભોગ બન્યા અને તેમને પાછા ફરવું પડ્યું. આગળ જનારાઓમાં રહ્યા પાંચ વિરલા! – કૅપ્ટન સ્કૉટ, બાવર્સ, ઑટ્સ, વિલ્સન અને ઈવાન્સ!


છેલ્લા દિવસોની યાત્રાનો અહેવાલ અજંપાથી ભરપૂર છે, અને જે અંતર બાકી રહ્યું છે તેનો અવારનવાર નિર્દેશ કરે છે: 'ધ્રુવથી ૮૫ માઈલ દૂર છીએ અને ખરેખરી કસોટી તોળાઈ રહી છે.'...'હવે દક્ષિણ ધ્રુવ ૭૪ માઈલ દૂર છે – બધું ઠીકઠીક ચાલે તો સાત દિવસનો રસ્તો'. ૧૨મી જાન્યુઆરીની નોંધ એ શાસ્પદ સૂર કાઢે છે: 'ધ્રુવથી ૬૩ માઈલ દૂર છીએ. ગમે તેમ કરીને પહોંચવું તો જોઈએ.' બીજા જ દિવસની નોંધમાં 'હવે તો ૫૧ માઈલ રહ્યા છે!' ૧૪મી જાન્યુ.ની નોંધ કહે છે! '૪૦ માઈલથી પણ ઓછે દૂર!' ત્યાર પછીના દિવસે 'ફક્ત ૨૭ માઇલ રહ્યા છે!' ૧૬મી જાન્યુ.ની નોંધ વધુ આશાસ્પદ છે: 'અમે ખૂબ જ ઉમંગમાં રવાના થયા – બીજે દિવસે લક્ષ્યાંક ઉપર પહોંચી જઈશું એવી અ શા સાથે!'



ધ્યેયની નજીક પહોંચી જવાના અતિ આનંદમાં તે દિવસે સવારે ટુકડીએ ૭½ માઈલ અંતર કાપ્યું અને બપોર પછી બે માઈલ. અચાનક બાવર્સની તીક્ષ્ણ નજરે દૂર કાંઈક કાળું ટપકું નિહાળ્યું. બરફનું મૃગજળ? બરફની ટેકરીની કોઈ ચિરાડ? તેઓ વધુ અને વધુ નજીક આવે છે અને રહસ્ય સ્ફુટ થાય છે. સ્કૉટ નોંધે છે: 'અમે આગળ વધ્યા અને જોયું કે એક સ્લેજગાડી ઉપર કાળો વાવટો ફરફરતો હતો. બાજુમાં આમુન્ડસેને ખોડેલા તંબૂનાં નિશાન હતાં; કૂતરાનાં પગલાંઓ અને સ્લેજગાડીઓએ બરફમાં પાડેલી ચાસો દૂરદૂર સુધી સ્પષ્ટ દેખાતાં હતાં. નૉર્વેજિયનો અમારી પહેલાં દક્ષિણધ્રુવ સર કરી ચૂક્યા હતા!'

વિધિની કેવી વિચિત્ર ઘટના! લાખો વર્ષના ગાળામાં કાળા માથાનો માનવી અહીં પગ મૂકી શક્યો નહિ. અને હવે ૩૫ દિવસના ગાળામાં બબ્બે સંશોધન ટુકડીઓએ બે વાર દક્ષિણ ધ્રુવની શોધ કરી! લાખો વર્ષમાં કાંઈ ન બન્યું પણ પખવાડિયાંના બનાવોએ ઇતિહાસનું પૃષ્ઠ અનોખી ઢબે આલેખ્યું. વર્ષોની તૈયારીઓ, લખલૂટ ખર્ચ, અખૂટ પરિશ્રમ, મહિનાઓની તપશ્ચર્યાને અંતે ભયંકર નિરાશા! સ્કૉટને તેના સાથીઓ માટે ખૂબ લાગી આવ્યું. ૧૭મી જાન્યુ.ની નોંધમાં તેણે ટપકાવ્યું: 'દક્ષિણ ધ્રુવ...હા, પણ ધાર્યું હતું તેનાથી તદ્દન વિપરીત સંજોગોમાં; ભયંકર દિવસ અને કેવી ભયજનક જગ્યા, જ્યાં જીવનભરના પરિશ્રમને અંતે પહોંચ્યા બદલ પણ યશ ન મળ્યો!'

સ્કૉટ વિજેતાની નહિ, પણ પરાજિતની દૃષ્ટિએ દક્ષિણધ્રુવના પ્રદેશ તરફ દૃષ્ટિ ફેરે છે. છેલ્લા કેટલાયે દિવસોથી જે કંટાળાજનક દૃશ્ય તે જોતો આવે છે તેમાં અને અત્યારમાં ખાસ ફેર નથી. એમ તેણે ડાયરીમાં નોંધ્યું. રૉબર્ટ એફ. સ્કૉટને દક્ષિણ ધ્રુવ માટે વિશેષ કહેવાનું નથી. તેમની પ્રથમ દૃષ્ટિએ જે વસ્તુ પડે છે તે માનવસર્જિત છે – આમુન્ડસેનનો તંબૂ! અને તેના ઉપર લહેરાતો નૉર્વેનો રાષ્ટ્રધ્વજ! આ તંબૂમા એણે એક પત્ર મૂક્યો હતો અને બીજા નંબરના વિજેતાને ઉદ્દેશીને લખ્યું હતું કે આ પત્ર નૉર્વેના રાજાને પહોંચાડવો. સ્કૉટે ખેલદિલીપૂર્વક એ પત્ર લીધો અને સંભાળથી પાકીટમાં મૂક્યો. જે વિક્રમ ટોડવાની તેણે આશા રાખી હતી તે યશ બીજા કોઈના લલાટે લખાયાની સાક્ષી તે દુનિયાને આપશે. સ્કૉટ નોંધે છે: 'અમે ત્યાંથી પોણો માઈલ દૂર એક કાઠી ઉપર યુનિયન જૅક ફરકાવ્યો અને પછી અત્યાર સુધીના અમારા પ્રાણ પ્યારા ધ્યેય તરફ પીઠ ફેરવી, અમારાં બધાં અરમાનોને રામરામ કરી, વળતી મુસાફરીના ૮૦૦ માઈલનો પંથ કાપવા હામ ભીડી. તેમની પૂંઠે જોરથી પવન ફૂંકાવા લાગ્યો — જાણે સ્કૉટની અમંગળ આગાહીને સાચી પાડતો ન હોય!



ડાબી બાજુ: દક્ષિણ ધ્રુવ પ્રદેશના બરફની એક ચિરાડમાંથી દૂર દરિયામાં નાંગરેલું દેખાતું 'ટેરા નૉવા.'
ઉપર: કૅપ્ટન સ્કૉટનું એ વહાણ 'ટેરા નોવા.'
સામેના પાને: બરફના કાતિલ ઝંઝાવાતમાં પોતાની સ્લેજ ઘસડીને દક્ષિણ ધ્રુવ પ્રતિ ધપી રહેલી સ્કૉટની ટુકડીનું તેના જ એક સાથીદાર વિલ્સને આલેખેલું એક જલરંગ ચિત્ર.

દક્ષિણધ્રુવ તરફ જતી વખતે હોકાયંત્ર મદદરૂપ નીવડ્યું હતું પણ પાછા ફરવામાં સતત કાળજી અને સાવચેતીની જરૂર હતી કેમ કે ચીલો જરા જેટલો આડો ફંટાય તો રસ્તો ભૂલી જવાય અને તેથી ખોરાક, બળતણ, કપડાંલત્તાં જે જે થાણાંઓમાં રાખ્યાં હતાં તે ચૂકી જવાય તેમ હતું. ઉપરાંત, હવે તેમને નિરાશાએ ઘેરી લીધા હતા જતી વખતે

તો અપૂર્વ વિજયની આશામય઼ી ઉન્માદ તેમના ઉત્સાહને ટકાવી રાખતો હતો. પણ હવે તો માત્ર જિંદગી બચાવવા ફાંફાં મારવાનાં હતાં. એક પ્રકારની લઘુતાગ્રંથિએ ઘેર પાછા ફરવાનો તેમનો આનંદ હણી લીધો હતો. સ્કૉટની નોંધપોથીમાં હવામાન બગડી રહ્યાનો ઉલ્લેખ છે. ક્રમોક્રમી શિયાળો બેસી ગયો છે.

બરફની વર્ષા ચાલુ થાય છે. એકાદ થાણું નજરે પડતાં તેમનો અધીર આત્મા આનંદી ઊઠે છે: 'ભારે નસીબદાર! અમારા મથકના વારટાનાં દર્શન થયાં ખરાં!' અને આવી અનેક વિટંબણા વચ્ચે પણ સંશોધક ટુકડી પોતાની વૈજ્ઞાનિક પ્રવૃત્તિ ચાલુ રાખે છે, ખડકના પૃથક્કરણ, કોલસો મળી આવે તેવા ભૂખરા પથ્થરના નમૂનાનો સંચય, ખડકના થરમાં મળી આવતી વનસ્પતિનો અભ્યાસ ઇત્યાદિ. ભારે કઠિન મુસાફરીને કારણે તેમની શક્તિ ખર્ચાતી ગઈ. હિમ-ડંખને અંધાપાથી તેઓ હેરાનહેરાન થઈ ગયા. તેવામાં ઈવાન્સ ગબડી પડતાં તેના મગજને અસર થાય છે. ટુકડીને આગળ જવાનું કહી તે પાછળ રોકાય છે; પણ પાછો નહિ આવતાં, ચાર જણ તેને શોધવા નીકળે છે. સ્કૉટ લખે છે: 'હું એ બિચારા પાસે પહેલો પહોંચ્યો. તેના દિદાર જોઈને મને આઘાત લાગ્યો. કપડાંનું ઠેકાણું નહિ બંને હાથ ખુલ્લા અને હિમડંખની અસરવાળા હતા; તેની આંખો વિચિત્ર લાગતી હતી; અવાજ બહુ ધીમો, સંભવ છે તેને મૂર્છા આવી હોય; ચિહ્નો ઉપરથી તેનો અંત નજીક હતો. ૭મી ફેબ્રુ. બપોરના ૧૨-૩૦ વાગ્યે એડગર ઈવાન્સનું મૃત્યુ થયું.'

તેમ છે-માનવીનું આમાં શું ગજું?'

અને તેઓ આગળ ચાલ્યા. ઑટ્સ પગે લંગડાય છે: અને તેના સાથીઓ રસ્તો શોધવા જાય છે ત્યારે તે સ્લેજ ઉપર બેસી જાય છે તેને ખબર છે કે સાથીઓને તે ભાર રૂપ બની રહ્યો છે. ટુકડીના ડૉક્ટર વિલ્સન તેનું દુઃખ ઓછું કરવા અફીણની ગોળીઓ આપે છે. સોળમી માર્ચે ઑટ્સ સાથીઓ સમક્ષ દરખાસ્ત મૂકે છે કે પોતે પાછળ સૂવાની કોથળીમાં પડ્યો રહેશે-તેમણે યાત્રા આગળ ધપાવવી, પણ તેઓ તેને હિંમત આપીને થોડું ચલાવે છે. પછીના મુકામે સૌ રાત્રે સૂતા. બીજી સવારે બરફ અને હીમનું તોફાન શરૂ થયું. ઑટ્સે કહ્યું: હું બહાર જઈ હમણાં જ આવ્યો થોડી વાર લાગે તો મુંઝાતા નહિ!' 'બસ, એ ગયો તે ગયો. અમે ફરીથી કદી તેને જોયો નહિ. અમને ખબર હતી કે તે મૃત્યુને ભેટવા જઈ રહ્યો છે-તેને વારવા ઘણું કર્યું-પણ તે એક બહાદુર સૈનિકની અદાથી જઈ રહ્યો હતો. તેની સાથે હાથ મિલાવવા જેટલી હિંમત પણ અમે દાખવી શક્યા નહિ.'

હવે તો ટુકડીમાં ત્રણ જ સભ્યો રહ્યા. તે પણ થાકેલા અને જીવન શક્તિ વિનાના. તેઓ આસપાસમાં કસોટી પાર કરી જવાની વાતો કરે છે, પણ હૃદયમાં શ્રદ્ધા નથી. અથડાતા કૂટાતા ૨૧મી માર્ચે, એક મથકથી ૧૧ માઈલ દૂર પહોંચે છે, પણ બરફનું તોફાન એટલું તીવ્રપણે શરૂ થાય છે કે તંબૂની બહાર પગ મૂકવો શક્ય નથી. તોફાન ચાલુ જ રહે છે અને નવ દિવસ અને નવ રાત તેઓ તંબૂમાં કેદ થઈ રહે છે. ખાધાખોરાકી ખલાસ થવા આવી છે, બળતણ નામે નથી. થર્મો-



હવે ચારની ટુકડી આગળ વધી. મુસિબતો વધતી ગઈ. એક મથક ઉપર ટુકડી પહોંચી ત્યારે બળતણ સિવાય બધું બરોબર હતું! હવે તે ક્યાંથી કાઢવું? અને બળતણ વિના આવી ઠંડીમાં જવાય શી રીતે? એક નવી ચિંતાનો ઉમેરો થયો: સ્કૉટના શબ્દોમાં: 'ઉપાધિમાં એકનો વધારો-બળતણની તીવ્ર અછત; હવામાન અત્યંત ઠંડું; પગ ઠરી જાય છે-ભીની કોઈ ચીજ સુકાતી નથી.' બીજી માર્ચે આગળના મથકે પહોંચ્યા ત્યાં પણ તે જ આફત! છતાં સ્કૉટની નોંધપોથીમાં આશાવાદ ડોકાય છે: 'કેવી વિચિત્ર જગ્યાએ અમે ફસાઈ પડ્યા છીએ છતાં નિરાશ બન્યા નથી; પ્રફુલ્લિત રહેવા મથીએ છીએ; પણ સ્લેજ અટકી પડે ત્યારે હૃદય બંધ પડી જતું લાગે છે! ઈશ્વર લાજ રાખે તો જ રહે

મીટરનો પારો શૂન્યથીયે ૪૦ ડીગ્રી નીચે જાય છે. સ્કૉટની નોંધમાં ઓળા દેખાય છે:

'દરરોજ સવારે ૧૧માઈલ છેટે મથક ઉપર પહોંચવા તૈયારી કરીએ છીએ પણ તંબૂની બહાર પગ મૂકતાં જ, પાછો ખેંચી લેવો પડે છે-બહાર ગજબનું તોફાન વીંઝાય છે. હું નથી ધારતો આમાંથી બચવા પામીએ. પણ અમે છેવટ સુધી ઝઝૂમીશું એ નિર્વિવાદ છે. નબળા પડતા જઈએ છીએ અને મૃત્યુ બહુ દૂર નથી!'

અત્યાર સુધી જે હિંમતથી અનેક મુસિબતોનો સામનો કર્યો તેવી જ મક્કમતાથી મૃત્યુને ભેટવાની તેમણે તૈયારી કરી. ત્રણે જણા પોતપોતાની સૂવાની કોથળીમાં લંબાવીને સોડ તાણી ગયા-અને એ



ઑટ્સનું આત્મસમર્પણ ચિત્રકાર: જે. સી. ડૉલમૅન

જ મુદ્રામાં આઠ માસ પછી તેમનાં શબ મળ્યાં! વિલ્સન અને બાવર્સે કોથળીને માથા સુધી ઓઢી લીધી હતી. એમ લાગે છે સ્કૉટે સૌથી છેલ્લે આખરી દમ ખેંચ્યો હશે કેમ કે તેણે કોથળી ઉઘાડીને પોતાના બંને જોડીદારોના મૃતદેહ સામે નોંધ લખવાનું ચાલુ જ રાખ્યું —હાથનાં આંગળાંએ કામ આપ્યું ત્યાં સુધી. છેવટે આંગળાં પણ થીજીને ઠૂંઠવાઈ ગયાં હશે અને પેન્સિલ તેના હાથમાંથી પડી ગઈ ત્યારે વિલ્સનના મૃતદેહ ઉપર તે પણ ઢળી પડ્યો હશે.

બહાર ફૂંકાતા પવનમાં અને બરફના ઝંઝાવાત વચ્ચે વેરાન એકાંતમાં એક તંબૂમાં સંપૂર્ણ સ્વસ્થતાથી પ્રાણની આહુતિ આપતા આ સાહસિકોના અંતિમ ચિત્રની તોલે જગતના ઇતિહાસનું કોઈ દૃશ્ય ભાગ્યે જ મળશે. સ્કૉટના વિચારો છેવટ સુધી પોતાના કરતાં અન્ય માટે વિશેષ રહ્યા. ત્યાં અનંત બરફ અને હીમની વર્ષા વચ્ચે, યમરાજાને સામે બેસાડીને પોતાના દેશબાંધવો જોગ સંદેશો પાઠવવા તેણે મૃત્યુને થોભાવી દીધું. અને કેવો સંદેશો? વિશાળ જગતની અનેક પ્રજાઓ વચ્ચે ભ્રાતૃત્વ ફેલાવવા પ્રેરણા આપી રહે તેવો પ્રાણવાન અને લાગણીથી ભરપૂર!

મૃત્યુએ કેશથી પકડેલ હોવા છતાં, સ્કૉટ હાથની આંગળી વડે નોંધ ટપકાવે છે; અને જે શબ્દો તેણે આલેખ્યા છે તે કોઈ મહાકાવ્યની અમર પંક્તિઓ રૂપ બની રહે છે. પોતાની પત્નીને પુત્રની સોંપણી કરતાં લખે છે: 'ઉચ્છૃંખલતા સામે તેનું રક્ષણ કરજે; તેને રીઢો આદમી બનાવજે-હું એદી હતો અને મારે રીઢા બનવા ઝઝૂમવું પડયું; આ અનન્ય મુસાફરી વિષે કેટલું બધું કહેવાનું મન છે-ઘરને ખૂણે એશઆરામમાં રહેવા કરતાં, આ સાહસ કેટલું રસમય બની રહ્યું!' માત્ર પોતાની પત્નીને જ નહિ, વિલ્સન અને બાવર્સની પત્નીઓને પણ તેણે પત્રો લખ્યા અને ત્રણે મિત્રો અંતિમ પળ સુધી કેવી હિંમતથી અણનમ રહીને ઝઝૂમ્યા અને પ્રસન્નચિત્તે દેહ છોડ્યો તેનું વર્ણન કર્યું છે.

સર જે. એમ. બેરી પરના વિદાય-સંદેશામાં લખે છે: 'વાસ્તવિકતાની ભૂમિકા પર કહું તો મારી વિધવા પત્ની અને પુત્રને મદદ રૂપ થવા આપને વિનતિ કરું. અહીં અમે એ ચરિતાર્થ કરી બતાવ્યું કે અંગ્રેજ બચ્ચો જીવી જાણે છે-ઝઝૂમી શકે છે અને મરી પણ જાણે છે. સૌને ખબર તો પડશે જ કે દક્ષિણ ધ્રુવ પહોંચવાનું ધ્યેય અમે પાર પાડીને રહ્યા; જિંદગીને હોડમાં મૂકીને પણ સાથીદારોને છેહ દીધો નથી; હું માનું છું ભવિષ્યની અંગ્રેજ પ્રજાને માટે કાંઈક પ્રેરણારૂપ અમે મૂકીએ છીએ...તમારા સિવાય બીજા કોઈ મિત્રને મેં અધિક ચાહ્યો કે તેની પ્રશંસા કરી નથી. છતાં તમારી મિત્રતાની કિંમત મારે મન કેટલી છે તે હમેશાં ગુપ્ત રાખ્યું છે, કારણ તમારી પાસેથી મેં ઘણુ મેળવ્યું છે-તમે મારી કનેથી કાંઈ જ નહિ!'

પોતાના દેશજનોને સંબોધીને લખેલા પત્રમાં સ્કૉટની ફરજની ભાવનાનો પડઘો પડે છે. દેશવાસીઓ સમક્ષ ખુલાસારૂપે જણાવે છે: (ધ્રુવ ઉપર પ્રથમ પહોંચવાની) 'નિષ્ફળતાનું કારણ સંયોજનની કોઈ જ ખામી નથી, બલ્કે દૈવની વક્રતાને જ જવાબદાર લેખાય. જે જે સાહસો ખેડયાં તે બધામાં, જો અમે જીવતા પાછા આવ્યા હોત, તો મારા સાથીઓએ જે અપ્રતિમ વીરતા, પરાક્રમ, હિંમત એને સહનશીલતા દાખવ્યાં તેની વીરગાથા હું તમારી સમક્ષ રજૂ કરત.' નોંધપોથી છેલ્લા આ શબ્દોથી અટકે છે: 'પ્રભુને ખાતર આપણી પ્રજાનો હમેશાં ખયાલ રાખજો...' બસ, અહીં અક્ષરો ગરબડિયા થઈ ગયા છે અને તેના હાથમાંથી પેન્સિલ પડી ગઈ હશે. નોટબુકના એક પાના ઉપર લખ્યું છે: 'મારી નોંધપોથી મારી પત્નીને આપજો.' અંતિમક્ષણે પત્ની' શબ્દ છેકીને 'વિધવા' કર્યો! કેટલી ગજબનાક સ્વસ્થતા અને કરુણતા!!

મુખ્ય મથકે સ્કૉટના સાથીદારો તેમના પાછા ફરવાની રાહ જોતા હતા. જેમ સમય વીતતો ગયો, તેમ ચિંતામાં વધારો થતો ગયો. બે વાર તો કૂતરાઓ સાથે રાહત ટુકડીઓ મોકલી, પણ ખરાબ હવામાનને કારણ પાછી ફરી. શિયાળો પૂરો થયો ત્યાંસુધી તે લોકોને પણ મથકમાં જ ગોંધાઈ રહેવું પડયું. સતત બરફ અને હીમવર્ષાએ સ્કૉટની ટુકડીના સમાચાર પર પડદો પાડી દીધો વસંતનું આગમન થતાં, તેમણે દક્ષિણ તરફ જવા તૈયારી કરી. તેમને હવે મનમાં ભીતિ પેસી ગઈ હતી પણ છેવટે મિત્રોનાં શબની ભાળ તો અવશ્ય મળશે એમ ધારી ૧૯૧૨ના ઑકટોબરની ૨૯મી તારીખે પ્રયાણ કર્યું, અને ૧૨મી નવેમ્બરે સ્કૉટનો તંબૂ શોધી કાઢ્યો અંદર ચિરનિદ્રામાં પોઢેલા ત્રણે સાથીઓના મૃતદેહો એ જ સ્થિતિમાં પડેલા હતા. જીવતા સાથીદારોએ મૃત સાથીઓના દેહને વિધિસર દફન કરી ધ્રુવ પ્રદેશના એ અફાટ બરફમાં તેમની કબર ઉપર ઇસુનો 'ક્રૉસ' મૂક્યો. (દક્ષિણધ્રુવ પ્રદેશની એ કાતિલ કુદરત સામે ઠંડી તાકાતથી ઝઝૂમનાર એ અંગ્રેજ નાયક કૅ. રૉબર્ટ ફૅલ્કન સ્કૉટનું આ જન્મશતાબ્દીનું વર્ષ છે. -સં.)

રખેવાળ ટુકડી ૧૯૧૩ના ફેબ્રુઆરીમાં સ્વદેશ પાછી ફરી. સ્કૉટ અને તેના સાથીદારોની બધી જ વાતોની તેની નોંધપોથી અને તેના પત્રો દ્વારા પ્રથમ વાર દુનિયાને જાણ થઈ અને દેશેદેશનાં તારનાં દોરડાં આ એક જ વાત ઉપર ઝણઝણી ઊઠયાં. તેમણે લીધેલા ફોટાની 'નૅગેટિવો' રસાયણમાં ધોવાઈ અને દક્ષિણધ્રુવ ઉપર ઊભેલા સ્કૉટ અને તેના સાથીદારોનાં ચિત્રો દુનિયાને મળ્યા.

આ કરુણાન્ત કથાની ફલશ્રુતિ શી? દૈવની મહેરબાનીથી અસાધ્ય સાધ્ય બને તો મહેચ્છા તીવ્ર બને છે. પણ જો આફત નડે તો તેને પડકારવાની, મૃત્યુ આવે તો શહીદ બની ખપી જવાની, અને જો કોઈ માનવબંધુને જ દૈવ પટકી પાડે તો દ્વિગુણિત જોમથી અજેયને જીતવા અને અશક્યને શક્ય કરવાની માનવીની ઘેલછા દુનિયાના અંત સુધી અસ્તિત્વમાં રહશે. આમુન્ડસેનના વિજય કરતાં સ્કૉટના પરાજયને ગાવાનું એટલા માટે જ કવિ પસંદ કરે છે.

કલાયાત્રી

ફોટો-કલાકાર
શ્રી રલયરામ આર. ભારદ્વાજ

પંડિત જવાહરલાલ નેહરુ ૧૯૬૪માં ગંભીર માંદગીમાં પટકાયા ત્યારે સારવાર, આરામ અને હવાફેર માટે દહેરાદૂન ગયા. ત્યાંથી દૂર સુદૂર દેખાતી હિમાલયની પર્વતમાળાઓમાં જવાની એમને ઇચ્છા થઈ. એ સફર ખેડવા જેવી તો એમની શારીરિક સ્થિતિ હતી નહિ એટલે એમના રહસ્યમંત્રીએ એ જ દિવસે દહેરાદૂન આવેલા એક જાણીતા ફોટોગ્રાફરે લીધેલી હિમાલયની સુંદર તસવીરો નેહરુજીને બતાવવાની વ્યવસ્થા કરી અને તે રાત્રે પંડિતજીએ પ્રસન્ન ચિત્તે હિમાલયનાં દશ્યો અને ત્યાંની કુદરતની લીલાનાં ફોટોચિત્રો જોઇને હિમાલયની યાત્રા કર્યાનો આનંદ માણ્યો. આ ફોટો કલાકાર તે શ્રી રલયરામ આર. ભારદ્વાજ.

સાઠ વર્ષની ઉંમરે યુવાનનાં જોશ અને તરવરાટથી કચકડાની ફિલ્મ ઉપર હિમાલયનાં નિસર્ગ-ગાનતાનને કંડારવા શ્રી ભારદ્વાજ અનેરું સાહસ ખેડીને હિમાલયના 'અન્નપૂર્ણા' શિખરને સર કરવા જનારાં ગુજરાતી ભાઈ-બહેનોની પર્વતારોહક ટુકડીમાં જોડાયા ને ૨૦,૦૦૦ ફૂટથી પણ વધુ ઊંચાઇએ પહોંચી ફોટોકલાના સર્વોચ્ચ શિખરે પગ મૂક્યો. શ્રી ભારદ્વાજની હિમાલયની એ તસવીરો તેમની કલાનો ઉત્કૃષ્ટ ફાલ હતો. એ જ તસવીરોએ શ્રી નેહરુની આંખને છેલ્લા દિવસોમાં તૃપ્તિ આપી હતી. એ કમનસીબે આખો ય ફોટોસંગ્રહ રેલવેના કોઈ તરકટે ગુમ કર્યો.

પણ એમની ફોટોકલા એ એક જ સંગ્રહ સાથે વિલીન થાય એમ નથી. ફોટોકલાના એ સાચા તપસ્વીનાં તપ અનેક ક્ષેત્રોમાં વિસ્તરેલાં છે. પોતાની નજરે એમણે કરોડો ચિત્રો નિહાળ્યાં છે અને તેમાંથી લાખ ઉપરાંત ચિત્રો નેગેટિવોમાં ઝડપાયાં છે. દુનિયાભરમાં ફોટોકલાના ઉપાસકોમાં આટલો મોટો ફાલ ઉતારનાર બહુ ઓછા કલાકાર જડશે. કાશ્મીરથી કન્યાકુમારી અને ડિબ્રુગઢથી દ્વારકાના ખૂણેખૂણા ખૂંદી તેમણે ભારતની જીવંત ધરતી અને ધરતીવાસીઓનાં અનેક સ્વરૂપોને ફોટામાં ઉતાર્યાં છે. શ્રી ભારદ્વાજનાં ખાનગી આલ્બમોમાં મુખ્યત્વે 'ઈલોરા', 'તાજમહાલ', 'હિમાલય', 'ભારતની પુત્રીઓ' વગેરેનો મોટો સંગ્રહ છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફિક જગતમાં એમનું અનેરું સ્થાન છે. ૧૯૦૨ની સાલમાં પંજાબમાં લાહોરથી ૧૧૦ માઈલ દૂર હોશિયારપુર જિલ્લામાં ખાડપંજાબ નામના ગામમાં એમનો જન્મ થએલો. મૅટ્રિક સુધી અભ્યાસ કરી કલાના આ રસિયા જીવે લાહોરની આર્ટ સ્કૂલના તે વખતના ખ્યાતનામ કલાકાર શ્રી અબ્દુલ રહેમાન ચુઘતાઈ પાસે કલાના કક્કા ઘૂંટવા માંડ્યા. બચપણથી આ કલાસ્વામીનો જીવ જીવનના ખૂણેખૂણે કલા નીરખવા લાગ્યો. તેમની તેજસ્વી પણ મૃદુ નજર માનવી અને કુદરતના સ્થૂલ ને સૂક્ષ્મ ભાવોને આબાદ પિછાણી પોતાના હૃદયમાં કાયમ માટે અંકારતી થઈ. સમજણ અને જ્ઞાન વધતાં એ ભાવોને મૂર્ત સ્વરૂપ આપવા મનોમંથન ચાલ્યું. રંગ અને પીંછી એ માટે પૂરતાં સમર્થ છે કે નહિ એ પ્રશ્ન તેમને ઘણા સમય સુધી મૂંઝવતો રહ્યો, અને... મન દ્વિધામાં અટવાયું પણ કોઈ સુલભ પળે તેમણે ચિત્રકલાનો પંથ ત્યજી ફોટોકલાની આરાધના શરૂ કરી. ઘેરબેઠાં પુસ્તકો જોઈવાંચીને અને તે જમાનાના લાહોરના ફોટો સ્ટૂડિયોમાં પ્રત્યક્ષ નિહાળી થોડુંઘણું કામચલાઉ જ્ઞાન મેળવી સને ૧૯૨૩માં 'ધ આર્કિયૉલૉજિકલ સર્વે ઑવ ઇન્ડિયા'માં ફોટોગ્રાફર તરીકે નોકરી લીધી. હિન્દુ સંસ્કૃતિના સંસ્કારધામ સમા મોહેંજો-ડેરો અને હરપ્પાનાં ખોદકામ નજરે જોવાની એમાં તક મળી. તેમનું કલામાનસ વિકસ્યું અને નોકરીના બંધન નીચે તેમનો કલાત્મા રૂંધાવા લાગ્યો એટલે તેને તિલાંજલી આપી લાહોરના એક અણુજાણ્યુ ખૂણે સ્ટૂડિયો કર્યો. જોતજોતાંમાં તેમના અભિનવ પ્રયોગોથી તેઓ ત્યાંના ફોટોગ્રાફરોમાં અગ્રણી બન્યા.

જીવનનાં ક્ષણે ક્ષણે બદલાતાં પાસાં અને મુખારવિંદ પરના પળે પળે પલટાતા હાવભાવ કચકડાના ટુકડા પર ઉતારવા કેમેરા એકમાત્ર સાધન છે એની તેમને પ્રતીતિ થઈ ચૂકી હતી. ફોટોકલામાં ઝીણામાં ઝીણાં છાયાપ્રકાશને સ્થાન છે અને તે કલાને મૂર્ત કરવામાં અદ્ભુત ભાગ ભજવે છે એની તેમને ઝાંખી થઈ. ફોટોગ્રાફીનાં રસાયણોની રમત પણ તેમણે પૂરેપૂરી સમજી લીધી. ભારતનાં આકરાં સૂર્યકિરણોમાંથી પ્રસરતો પીળો પ્રકાશપુંજ અને છાયામાં ય ૧૦૦° ઉપરાંતના ઉષ્ણતામાનથી ફિલ્મના ઈમલ્શનમાં ઉદ્ભવતી સૂક્ષ્મ રાસાયણિક ક્રિયા અને પ્રક્રિયા પર શ્રી ભારદ્વાજે અદ્ભુત કાબૂ જમાવ્યો. પોતાનાં આગવાં ડેવલપરોની શોધ કરી અને ૧૧૬° થી ૧૨૫° સેન્ટીગ્રેડ ગરમીમાં પણ વગર બરફે




ભરતનાટ્યમના પ્રસારક

ફિલ્મો ડેવલપ કરવા માંડી. આવા સિદ્ધહસ્ત ફોટોકલાકારનું નામ વિદેશી કંપનીઓના કાને પહોંચ્યું. સને ૧૯૩૭માં કોડાક લિમિટેડે શ્રી ભારદ્વાજને મોટા પગારથી પોતાના ભારત ખાતેના ફિલ્મના ફરતા પ્રદર્શક નીમ્યા જેના દ્વારા ભારત ઘૂમવાનો શ્રી ભારદ્વાજને અનન્ય લાભ મળ્યો અને સાથે સાથે અવનવા અખતરાઓ કરવાની તક પણ. આ જ અરસામાં ઑસ્ટ્રેલિયામાં સિડની ખાતે કોડાક કંપનીના દુનિયાભરની શાખાઓના કર્મચારીઓના એક ફોટો-પ્રદર્શનમાં શ્રી ભારદ્વાજને સુવર્ણ ચન્દ્રક મળ્યો.

થોડાં વર્ષો પછી શ્રી ભારદ્વાજે એ નોકરી

રજતરેખ






સૂર્યોદય

(બધા ફોટોગ્રાફ્સ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સૌજન્યથી)


છોડી. સને ૧૯૪૧ બાદ હરીફાઇમાં ચિત્રો મોકલવાનું બંધ કર્યું. છેલ્લાં ૨૫ વર્ષમાં હિંદમાં તેમણે પોતાનાં આગવાં અનેક પ્રદર્શનો ગોઠવ્યાં છે. ગુજરાતમાં પણ 'નિહારિકા'એ તેમનાં ચિત્રોનાં બે પ્રદર્શનો યોજેલાં અને હમણાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ એમનાં ફોટોચિત્રો રજૂ કર્યાં.

શ્રી સારદ્વાજે ગુજરાતને પોતનું ઘર કહ્યું છે. આમ તો તેઓ મુંબાઈમાં પોતાનાં ચિત્રો સર્જે છે. પરંતુ જ્યાં જ્યાં સૌંદર્ય નજરે પડે ત્યાં તે વય કે નાણાંના વ્યયનો ખ્યાલ કર્યા વિના કલાદેવીની આરાધના માટે દોડી જાય છે. એમનાં ચિત્રો જોવાં અને માણવાં એ એક અનન્ય લહાવો છે.—લેફ. કર્નલ બળવંત ભટ્ટ



સંક્ષોભ - એક આસ્વાદક નવતર ફોટોચિત્ર

બિન્દી મંજૂષા



મધુર સૌષ્ઠવભરી રેખાકૃતિઓમાં પ્રવીણ ચિત્રકાર ચંદુ દફતરીએ તૈયાર કરેલી **બિન્દી મંજૂષા** નામની એક નાનકડી પુસ્તિકામાં, નારી જગતમાં ચાંદલાનું ગૌરવ ને માંગલ્ય સૂચવતી આવી ૧૦૦૦ વિવિધ આકૃતિઓ દર્શાવાઈ છે. આમાંની કેટલીક આકૃતિઓ તો યથેષ્ટ મોટી કરીને રંગોળીની અવનવી તરાહો ઊપજાવવામાં, ભરત ગૂંથણમાં કે મુદ્રણકામમાં શોભન તરીકે પ્રયોજી શકાય એવી છે. લગભગ વીસ પાનાં ભરીને આપેલી આ આકૃતિઓ અગાઉ મુંબાઈના 'પ્રવાસી'નાં પાનાં પર પણ આવકાર પામી હતી. આની ચાર રૂપિયા જેટલી કિંમતને ઓછી રાખી શકાઈ હોત તો તે વધુ આવકાર્ય લેખાત. પ્રકાશક: રૂપા પ્રકાશન, અશોક ફાર્મસી, નેહરુ ગેટ, મોરબી, સૌરાષ્ટ્ર. —ર. મ. રા.

શબ્દકથા: 'આતવાર', 'મંદવાર'

આપણા કેટલાક વારોનાં એક કરતાં વધુ નામ છે. રવિવાર, સોમવાર વગેરે વ્યાપક અને સર્વમાન્ય નામો ઉપરાંત કેટલાંક લોકપ્રચલિત, અમુક બોલીમાં કે અમુક ખાસ પ્રસંગે વપરાતાં જુદાં નામો પણ છે. કેટલીક બોલીઓમાં રવિવાર ઉપરાંત અથવા તો રવિવારને બદલે 'આતવાર' વપરાય છે. તેના મૂળમાં 'આદિત્યવાર' હોવાનું દેખીતું છે, જોકે સંસ્કૃતમાંથી આ શબ્દનો પ્રયોગ નથી નોંધાયો, પણ પ્રાકૃતમાં તેરમી શતાબ્દીમાં 'આઇચ્ચવાર' મળે છે. તેમાંથી સિંધી 'આચરુ' થયો. હિંદી 'એતવાર' ને ગુજ૦ 'આતવાર'. એ રૂપોના મૂળમાં 'આઇત્તવાર' એવું રૂપ છે.

તે જ પ્રમાણે 'મંગળવાર'ને માટે 'ભોમવાર' અને 'ગુરુવાર' ને માટે 'બેસ્પતવાર' કેટલેક સ્થળે કે પ્રસંગે વપરાય છે. જ્યોતિષ પ્રમાણે મંગળ ભૂમિપુત્ર હોવાથી તેનું એક નામ 'ભૌમ' છે. એટલે 'ભૌમવાર' ઉપરથી 'ભોમવાર' ('સોમવાર' સાથે ઉચ્ચાર સામ્યે) અને 'ગુરુ' એટલે 'દેવગુરુ', 'બૃહસ્પતિ'. તેથી 'ગુરુવાર'નું બીજું નામ 'બૃહસ્પતિવાર', અને પછી 'બૃહસ્પતવાર', 'બેસ્પતવાર'.

'શનિવાર' માટે એક શબ્દ 'મંદવાર' પણ છે. શનિના ગ્રહની ધીમી ગતિને કારણે તેને 'શનૈશ્ચર' નામ અપાયું છે. હિંદીમાં 'સનીચર' વપરાય છે. મંદગતિ, ધીમી ગતિવાળા ગ્રહનો વાર તે 'મંદવાર'. જોડણીકોશ 'મંદવાર'ના મૂળમાં 'મંદવાડિયો વાર' હોવાનું કહે છે તે ગેરસમજ જ છે. સંસ્કૃતમાં 'મંદ'નો અર્થ 'શનિ' થતો હોવાથી આ બાબતમાં કશો સંદેહ રહેતો નથી.

શનિવારનું 'મંદવાર' એવું નામ હોવા ઉપરાંત કેટલેક સ્થળે 'થરવાર' એવું નામ પણ પ્રચારમાં છે. જોડણીકોશમાં આ શબ્દ નથી. જ્યોતિષમાં માનનારા સ્થિરતા અને ટકાઉપણા માટે શનિવારને પસંદ કરે છે, પણ તરત સિદ્ધ કરવાના કામ માટે શનિવારને પ્રતિકૂળ ગણે છે. અગિયારમી શતાબ્દીના એક અપભ્રંશ કાવ્ય (પદ્મકીર્તિકૃત 'પાસણાહચરિઉ')માં કહ્યું છે:

'સણિવારે કે વિ વિવાહુ દેંતી
થિરવારુ ભણેવિ ણ દોસુ લેંતિ'

એટલે કે 'કેટલાક વિવાહ શનિવારે પણ રાખે છે—તેને સ્થિરવાર-થરવાર-માનીને તેઓ તેમાં બાધ ગણતા નથી.'

બીજા વારો માટે આપણી બોલીઓમાં કોઈ નામો પ્રચલિત હોય તો તેની નોંધ થવી જોઈએ.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

ગુજરાત યુનિવર્સિટી · અમદાવાદ-૯

મધ્યયુગીન ભારત-ખંડ-૧: બી.એ. અને એમ.એ.ના ઇતિહાસ વિષયના વિદ્યાર્થીઓને ખયાલમાં રાખીને લખાએલા આ ઇતિહાસ-ખંડમાં ઉત્તર ભારતના રાજવંશો, ગુર્જર પ્રતિહાર સામ્રાજ્યના ભગ્નાવશેષો પર સ્થપાએલાં રાજ્યો, મધ્યકાલીન હિંદુ સભ્યતા અને સંસ્કૃતિ તથા રાજવંશાવળીઓ સાથે પારિભાષિક શબ્દસૂચિ અને સંદર્ભસૂચિને કારણે આ પુસ્તક ઉપયોગી બની રહે છે. પૃ બધા વિભાગોનાં મળી ૩૩૫, પાકું પૂઠું કિ. ૬-૨૫.

ભારતીય ઉદ્યોગમાં કામદાર સમસ્યાઓ: ભારતના આજના ઉપરાષ્ટ્રપતિ શ્રી વી વી. ગિરિના કામદારક્ષેત્રના દાયકાઓના અનુભવના નિચોડરૂપ પુસ્તક 'લેબર પ્રોબ્લેમ્સ ઇન ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝ'નો શ્રી રામચંદ્ર જ. સોમણે કરેલો અનુવાદ. પારિભાષિક શબ્દસૂચિ સાથે ૫૬૮ પાનાંના પાકી બાંધણીના આ અભ્યસનીય પુસ્તકમાં કામદારસંઘની ચળવળ, ઔદ્યોગિક સંબંધો, કામદાર કાયદો, આધુનિકકરણ, વ્યવસ્થામંડળ જોડે કામદારોનો સહચાર રાષ્ટ્રીય વેતનનીતિ, સામાજિક સુરક્ષા; ઔદ્યોગિક આરોગ્ય, સુરક્ષા અને કલ્યાણ, ઔદ્યોગિક ગૃહપ્રબંધ, માનવશક્તિનું આયોજન, શ્રમવિષયક આંકડા, બાલ તેમજ સ્ત્રી-કામદારો, કૃષીય કામદાર વર્ગ, આંતરરાષ્ટ્રીય કામદાર ચળવળ ને તેનું તુલનાત્મક અધ્યયન તથા ભારત અને આંતરરાષ્ટ્રીય કામદાર સંસ્થા તથા ભાવિ કાલનું દિગ્દર્શન કરાવતા લેખો આ ક્ષેત્રના અભ્યાસીએ અવશ્ય વાંચી જવા જેવા છે. કિ. ૧૩-૨૦.

આંતરરાષ્ટ્રીય કાયદાનો પરિચય કોઈ એક પ્રકારના આંતરરાષ્ટ્રીયવાદ તરફ સામાન્ય વલણના વિકાસની સાથેસાથે આંતરરાષ્ટ્રીય કાયદાનો વિષય વધતા જતા રસવાળો અને મહત્ત્વનો બન્યો છે. એ માટે જે. જી. સ્ટાર્કના 'એન ઈન્ટ્રોડક્શન ટુ ઇન્ટરનેશનલ લૉ'નો શ્રી ડી. ડી. દેસાઇએ કરેલો આ અનુવાદ માત્ર વકીલો કે કાયદાના વિદ્યાર્થીઓ માટે જ નહિ પણ મુત્સદ્દીઓ તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનાં કર્મચારી મંડળો માટે પણ અત્યંત ઉપયોગી છે. પાકું પૂઠું. પારિભાષિક શબ્દસૂચિ સાથે ૬૩૯ પૃ. કિ. ૧૫-૦૦

આધુનિક બૅંકિંગ: દુનિયાની અટપટી નાણા અને બૅંકિંગ વ્યવસ્થાનું વિશદ વિશ્લેષણ. મૂળ લેખક: આર. એસ. સેયર્સ. અનુવાદક: ચિમનભાઈ પટેલ. પાકું પૂઠું. પારિભાષિક શબ્દસૂચિ સાથે ૨૭૬ પૃ. કિ. ૬-૨૫.

જંતુઓ અને રોગો અને અજબ આપણી પૃથ્વી ડૉ. નરસિંહ મૂ શાહે લખેલી લોકભોગ્ય પ્રકાશન શ્રેણીની બે માહિતીપ્રદ પુસ્તિકાઓ. કાચું પૂઠું. પૃ. સંખ્યા અનુક્રમે ૫૭ અને ૪૬, કિ. ૧-૨૫ અને ૧-૦૦.

અખિલ બ્રહ્માંડમાં: બ્રહ્માંડનો પરિચય કરાવતા પ્રા. પ્ર. ચુ. વૈદ્યના ૧૪ લેખો. કાચું પૂઠું. પૃ ૬૩, કિ. ૧-૩૦.

ગણિતશિક્ષકોની હાથપોથી: આધુનિક ગણિત પ્રણાલિનું માર્ગદર્શન આપતી હાથપોથી. સંપાદકો: પ્રા. પ્ર ચુ વૈદ્ય અને બીજા. કાચું પૂઠું. પૃ. ૬૨ કિ. ૧-૦૦.

સમાજશાસ્ત્ર: મૉરિસ ગિન્સબર્ગના સોસિયોલૉજીનો ઉષા કાન્કેરે કરેલો આ અનુવાદ આ વિષયના અભ્યાસીઓ માટે એક ઉપયોગી પુસ્તક છે. કાચું પૂઠું, પારિભાષિક શબ્દસૂચિ સાથે પૃ. ૧૬૪, કિ. ૪-૨૫.

ગુજરાતને મળેલ શિલ્પ-સ્થાપત્યનો વારસો: ગુજરાતનાં પ્રાચીન શિલ્પની લાક્ષણિકતા સમજાવતી આ વિષયના વધુ અભ્યાસ માટેની પ્રારંભિક પ્રેરણા આપતી પુસ્તિકા. લેખક: રમણલાલ ના. મહેતા. કાચું પૂઠું, પૃ. ૮૦+૨ ચિત્રપ્લેટો, કિ. ૧-૭૦.

Some aspects of bisociation and scientific creation: ગજ્જર મેમોરીઅલ વ્યાખ્યાનમાળામાં વી. વી. નાર્લીકરે આપેલાં ત્રણ અભ્યસનીય વ્યાખ્યાનો. કાચું પૂઠું. પૃ. ૪૭, કિ. ૧-૦૦.

રાજ્યશાસ્ત્રની પરિભાષા, પ્રાચીન સંસ્કૃતિ, ઇતિહાસ અને પુરાવશેષવિદ્યાની પરિભાષા અને વાણિજ્યની પરિભાષા: ગુજરાત યુનિવર્સિટીનાં વધુ ત્રણ ઉપયોગી પ્રકાશનો. કિ. અનુક્રમે: ૨-૦૦, ૦-૭૦ અને ૦-૮૦.

અનડા પ્રકાશન · અમદાવાદ

શારીરિક મનોવિજ્ઞાન: બી. એ.ના બીજા વર્ષના, મનોવિજ્ઞાનને મુખ્ય વિષય તરીકે પસંદ કરનાર, વિદ્યાર્થીઓને લક્ષમાં રાખી યુનિવર્સિટીના અભ્યાસક્રમને અનુસરી લખાએલું પુસ્તક. લે. ઊજમશી કાપડિયા, ભરતકુમાર ગાંધી, પૃ. ૨૫૧, પાકું પૂઠું, રૂા. ૯.

સાહિત્યસર્જન: ટ્રેનિંગ કૉલેજમાં ભાષાના વિષયના એક ભાગ તરીકે શિખવાતા ગુજરાતી સાહિત્યના ઈતિહાસના અભ્યાસક્રમને લક્ષમાં રાખી તૈયાર કરવામાં આવેલું પુસ્તક–જેમાં નવલકથા, નવલિકા, એકાંકીના સ્વરૂપ વિષે અને ગુજરાતીના સર્જકો વિષે માહિતી આપવામાં આવી છે. લે. રતિલાલ સાં. નાયક, મોહન દાંડીકર, મનોહર ત્રિવેદી- પૃ. ૧૨૮, રૂા. ૨ ૫૦.

ફળ-ઝાડ વિજ્ઞાન: ખેતીવાડી કૉલેજના બીજા વર્ષના વિદ્યાર્થીઓ અને એ વિષયના રસિકોને ઉપયોગી એવું વિજ્ઞાનવિષયક પુસ્તક. લે. બાબુભાઈ અવરાણી; પૃ. ૨૭૨, રૂા. ૫.

સાહિત્ય સહકારી પ્રકાશન

સ્વામી વિવેકાનંદ રોડ, મુંબાઇ-૬૦

પરોઢ થતાં પહેલાં: કુન્દનિકા કાપડીઆની નવલકથા. પૃ. ૨૭૭, રૂા ૭–૬૦

બંધ દિશાઓ: વ્હોરાની નવલકથા. પૃ. ૧૭૬, રૂા ૫–૦૦.

સ્મૃતિ સાહિત્ય મંદિર, વિરાર, મુંબાઈ

કાળ પડછાયા: અનાર્ય વૃત્તિઓ સામે ઝઝૂમી જાતન્યોછાવર કરતાં બીજલ અને સોનલની કથા કહેતી નવલકથા. લે. મૂલચંદ મોદી. પૃ ૩૧૮, પાકું પૂઠું, રૂા. ૮.

કાયાકલ્પ: ભાગવતના નવમા સ્કંધના અઢારમા અધ્યાયમાં આવતી કચ, દેવયાની, શર્મિષ્ઠા ને યયાતિની પૌરાણિક કથાનું ફેરફારો સાથે નવલકથામાં કરાએલું રૂપાંતર. લે. યોગેશ્વર, પૃ. ૨૯૨, પાકું પૂઠું, રૂા. ૬.

પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ · મુંબાઈ

મોરિશિયસ: લે. મીનુ દેસાઇ. પરિચય પુસ્તિકા પ્રવૃત્તિના દસમાવર્ષની પાંચમી પુસ્તિકા, જેમાં જેના પરથી ખાંડ માટે 'મેઃરસ' પર્યાય બન્યો છે એ મોરેશિયસ નામના હિન્દી મહાસાગરમાં આવેલા સૌંદર્યભરપૂર ટાપુની વિગતપૂર્ણ માહિતી આપવામાં આવી છે.

રમણભાઈ નીલકંઠ: લે. યશવંત દોશી આ છઠ્ઠી પુસ્તિકામાં 'ગુજરાતના આધુનિક જીવનનો ઇતિહાસ' (ગાંધીજી)ને 'સકલપુરુષ' (ડૉ. આનંદશંકર ધ્રુવ) રમણભાઈ નીલકંઠના જીવન ને સાહિત્યની મહત્ત્વની ટૂંકી માહિતી એમની જન્મશતાબ્દીને લક્ષમાં રાખી અપાઈ છે. **રામકૃષ્ણ મિશન**: લે. સૌદામિની મહેતા. સાતમી પુસ્તિકા. **કલ્યાણરાજ્ય શું છે?** લે. આલુ દસ્તૂર; આઠમી પુસ્તિકા. **વારસાનો કાયદો**: લે. કેશવલાલ શાહ. નવમી પુસ્તિકા. દરેકનાં ૫૦ પૃષ્ઠ ને ૫૦ પૈસા.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી વિજય ભટ્ટ

જન્મ: પાલિતાણા (સૌરાષ્ટ્ર)માં તા. ૧૨–૫–૧૯૦૭. ઇલેક્ટ્રિકલ એન્જિનીયરિંગનો ડિપ્લોમા લીધા પછી ઈ. ૧૯૩૩માં 'પ્રકાશ પિક્ચર્સ'ની સ્થાપના કરી ફિલ્મઉદ્યોગમાં ઝુકાવ્યું. અને ૬ મૂગી તથા બે રંગીન સાથે ૬૪ ફિલ્મો સર્જી. સરકારી ફિલ્મ એડવાઈઝરી કમિટીમાં બે વર્ષ અને પોસ્ટર નિરીક્ષણ કમિટીમાં તથા સ્ટેટ ઍવૉર્ડ કમિટીમાં પણ કામ કર્યું. નરસિંહ મહેતા, ભરતમિલાપ, રામરાજ્ય, વિક્રમાદિત્ય, ચૈતન્ય મહાપ્રભુ, ભક્ત ધ્રુવ, બૈજુ બાવરા વગેરે એમનાં જાણીતાં ચિત્રપટો દ્વારા ભારતની ગૌરવશાળી વિભૂતિઓને એમણે જનસમાજ સમક્ષ રજૂ કરી છે. આમાંથી 'રામરાજ્ય'ની અમેરિકામાં અને 'બૈજુ બાવરા'ની રશિયામાં સારી પ્રશંસા થયેલી. આજે ચત્રચિત્ર-ઉદ્યોગમાં તેઓ એક અધિકૃત અનુભવી ગણાય છે.

૧ રાષ્ટ્રોન્નતિમાં ફિલ્મોનો શો ફાળો કહી શકાય?

❑ હિંદી ફિલ્મોએ સમગ્ર દેશમાં હિન્દી ભાષાનો પ્રચાર કર્યો છે. એ સાથે જુદાજુદા પ્રાંતના સાહિત્ય, સંસ્કૃતિ, જીવન અને રસમોનો પરિચય કરાવ્યો છે. દેશના અનેક સંત-સેવકો, શહીદો-મહાપુરુષોની ઓળખ કરાવી છે.

૨ આજનાં ફિલ્મીગીતોમાં કાવ્યતત્ત્વ કેટલું?

❑ છેલ્લા વિશ્વયુદ્ધ પહેલાંનાં ફિલ્મી ગીતોમાં કાવ્યતત્ત્વ જણાતું, પણ આજે બહુધા પ્રણયત્રિકોણ પર જ રચાતાં ચિત્રોમાં કલ્પના અને વૈવિધ્ય ઓછું હોય છે. આજે ફિલ્મી ગીતોમાં કવિ કરતાં સંગીતકારનું વર્ચસ્વ વધારે છે.

૩ ચિત્રપટ અને સાહિત્ય વચ્ચે સામ્ય ખરું?

❑ બંને જનતાનું મનોરંજન કરી શકે એટલું સામ્ય. સાહિત્યમાં વ્યાપારી હેતુ ઓછો. ચિત્રપટ એક સાથે અનેકને સ્પર્શી શકે. સાહિત્યને જે ચિત્ર ઊભું કરતાં શબ્દોનો આધાર લેવો પડે તેને ચિત્રપટ તાદશ રજૂ કરી શકે. સાહિત્યને વાચકની કલ્પના શક્તિનો આધાર જોઈએ. ચિત્રપટ પાસે અભિનય, અવાજ અને સંગીતની અસરકારક શક્તિ છે.

૪ સૌન્દર્યની આપની વ્યાખ્યા?

❑ એના ત્રણ પ્રકાર ગણું છું: આદરણીય સૌન્દર્ય જેને જોતાં પૂજ્યભાવ જાગે; શાંત સૌન્દર્ય જેનાથી આત્મા પ્રસન્ન થાય અને માદક સૌન્દર્ય–જેનાથી વિકાર પેદા થાય. સાચું સૌન્દર્ય આત્માને સ્પર્શી મનમાં ઉદાત્ત ભાવના ઊભી કરે છે.

૫ કલા એટલે?

❑ જીવનનાં વિવિધ પાસાંની મનોરમ રજૂઆત દ્વારા હૃદયને સાત્ત્વિક આનંદ આપી મનને ઊર્ધ્વગામી બનાવે તે સાચી કલા. એ કોઈ પણ સ્વરૂપે હોઈ શકે.

૬ કોનું વ્યક્તિત્વ આપને વધારે ગમ્યું કે ગમે છે?

❑ મુનશીજીનું. એ નિષ્ણાત ધારાશાસ્ત્રી, સમર્થ સાહિત્યકાર, સંનિષ્ઠ કેળવણીકાર, રસિક કલાધર, ફિલસૂફ, વક્તા, પત્રકાર, દેશસેવક, કુશળ વહીવટકાર, વિદ્યાવ્યાસંગી અને ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધરની સર્વતોમુખી પ્રતિભાએ મને આકર્ષ્યો છે.

૭ ધર્મ વિષેની આપની માન્યતા?

❑ ધર્મ એટલે માનવતા. કર્મકાંડમાં અટવાએલી અંધશ્રદ્ધા નહિ.

૮ આપનો ખાસ શોખ?

❑ વાચન અને શતરંજ. જ્યોતિષમાં પણ થોડો રસ ખરો.

વિજય ભટ્ટ

ગુનાશોધક કૂતરા

ગુનાશોધન-૩૪ • લેખક: પુષ્કરભાઈ ગોકાણી

ઇન્સ્પેકટર રાઠોડને ખાતરી હતી કે રમઝાને જ આ ખૂન કર્યું છે. ચપ્પુ વાપરવામાં એ કાબેલ હતો. મરનાર સાથે તેને ઝઘડો થયો તેના ઘણા સાક્ષી હતા, પણ ખૂનનું હથિયાર મળતું નહોતું. રમઝાન તો ગુનો કબૂલતો જ નહોતો. પોલીસની બધા પ્રકારની માવજતમાંથી તે અવલ બહાર આવ્યો. આખરે ઇન્સ્પેકટરને તેના મિત્ર પ્રવીણનો 'મિકી' યાદ આવ્યો. ઘણી વાર મિત્રો મળતાં ત્યારે એ આલ્સેશીઅન કૂતરો સંતાડેલી વસ્તુ સહેલાઇથી ખોળી કાઢતો. પોલીસના પોતાના કૂતરા પણ હતા, છતાં તેને મિકીને અજમાવી જોવાનું મન થયું. મિકીને રમઝાન બતાવ્યો. મિકીએ પૂંછડી હલાવતાહલાવતા તેને સૂંઘ્યો, જરા ચાટ્યો. એક સાદું ચાકુ બતાવી મિકીને હુકમ કરવામાં આવ્યો કે રમઝાનનું ચપ્પુ શોધી લાવ. ખૂન થયાને દસેક કલાક વીતી ગયા હતા. મિકી ચાલ્યો. પોલીસ ચૉકીથી તેણે રમઝાનના ઘરનો રસ્તો લીધો. ચીંચબંદરના ક્રૉસિંગ બ્રિજ નીચે નાની ઝૂપડી જેવું હતું ત્યાં રમઝાન રાત્રે સૂઈ રહેતો. ત્યાંથી મિકી ઊપડ્યો, ડૉક તરફ. રમઝાન કદાચ તે રસ્તે ગયો હતો. મઝગાંવ જતાં રસ્તા તરફ એક ગટરના ઢાંકણા આગળ તેણે વારંવાર મોં નાખવા માંડ્યું. તપાસ કરતાં એ ગટરમાંથી લોહિયાળ રામપુરી ચપ્પુ મળી આવ્યું તેની ઉપર ઉર્દૂમાં રમઝાનનું નામ પણ લખેલું હતું. આખર રમઝાન કબૂલ થયો.

ગુનાશોધનમાં કૂતરાનો ઉપયોગ ઘણા સમયથી થાય છે. માણસે પહેલવહેલો કૂતરો પાળ્યો હશે તેમ પ્રાગૈતિહાસિક ગુફાચિત્રો ઉપરથી જણાય છે. દુનિયામાં કૂતરાની ૧૧૯ જેટલી જાતો થાય છે. કૂતરા ટોમાર્કટસ નામના પ્રાગૈતિહાસિક પ્રાણીમાંથી ઊતરી આવ્યા છે. લગભગ દોઢ કરોડ વર્ષ પહેલાં પણ કૂતરાઓ આ પૃથ્વી ઉપર હતા તેવા પુરાવા મળી આવ્યા છે. કહેવાય છે કે વરુ, શિયાળ, લોંકડી, આદી પ્રાણીઓ પણ કૂતરાની જાતનાં જ છે. શિકાર કરવામાં કૂતરાનો પહેલો ઉપયોગ માનવજાતે જોયો હશે. ધ્રુવપ્રદેશમાં કૂતરાઓ સ્લેજ ગાડી ખેંચે છે. ગાય, ભેંસ, ઘેટાં ઇત્યાદિ પશુઓને ચરાવવા જતી વખતે માણસની સાથે હળી જતાં પ્રાણીઓમાં કૂતરા કદાચ એના સૌથી જૂના મિત્ર છે. અનેક રમતો અને નાના શિકારોમાં સહાય કરવા ઉપરાંત ચોકીદાર તરીકે કે માણસનાં ગાયભેંસ કે ઘેટાંબકરાંની સાચવણીમાં પણ એ સહાયક બની રહે છે. મધ્યકાલીન સમાજમાં નાસી ગએલા ગુલામોને ખોળી કાઢવામાં એમનો ઉપયોગ થતો. યુદ્ધકાળમાં સંદેશવાહક તરીકે પણ તેઓ કામ આપતા. આજે વિકાસ પામેલા પોલીસતંત્રમાં પણ કૂતરા રાખવામાં આવે છે. ચોકીદાર તરીકે તો એની માત્ર હાજરી જ નવાસવા ગુનેગારને ગભરાવવા માટે પૂરતી છે. પોલીસને પણ નહિ ગણકારનાર અનેક ગુંડા કૂતરા પાસે લાચાર બની જાય છે. ગંધ પરથી વ્યક્તિને ખોળી કાઢવાની એની તીવ્ર ઘ્રાણશક્તિને લીધે પોલીસતંત્રમાં આ માટે આલ્સેશીઅન અથવા લૅબ્રેડોર જાતના કૂતરા રાખવામાં આવે છે. નાસતા ફરતા ગુનેગારને કે એણે છુપાવેલી ચીજો ખોળી કાઢવામાં, ગ્રામવિસ્તારમાં ભૂલાં પડી ગએલાં બાળકોને શોધવામાં કે રાત્રે અંધારામાં જ્યાં પોલીસ પેસી ન શકે તેવાં સ્થાનોમાં ગુનેગારનો પીછો પકડવામાં કૂતરા ઘણા ઉપયોગી સાબિત થયા છે.

કૂતરા ચોકીદારનું કામ કરતા નજરે પડે છે. ગામઠી કૂતરા પણ આટલું શીખી જાય છે. સાંજે પણ ગાયને તેઓ વાડામાં હાંકી લાવે છે. માનવજાતને આપવાની દવાઓના કૂતરા ઉપર ઘણા પ્રયોગો થાય છે. સ્પુટનિક–૨ માં ૧૯૫૮ના નવેમ્બર માસમાં લાયકા નામની કૂતરી પૃથ્વીની પ્રદક્ષિણા કરવા ગઈ હતી અને મૃત્યુ પામી હતી. સ્ટીમર અને વહાણ ઉપર રાખેલા કૂતરા ડૂબતા માણસોને બચાવવાની તાલીમ પામેલા હોય છે. રાત્રે ઘર કે દુકાનની ચોકી કરવી એ કૂતરા માટે સહજ વસ્તુ છે. પાળેલા કૂતરાઓ ઘરનાં બીજાં પણ ઘણાં કામ કરે છે. છાપું લઈ આવવું, ટપાલમાં પત્ર નાખી આવવો, ઘરમાં નાનું બાળક એકલું હોય ત્યારે ચોકી કરવી તથા તેની સાથે રમત કરી તેને એકલું ન પડવા દેવું વગેરે કાર્યો કૂતરા માટે સામાન્ય થઈ પડ્યાં છે.

પણ આ ઉપરાંત, ગુનાશોધનમાં કૂતરા બહુ જ મહત્ત્વની કામગીરી બજાવે છે. આ કામગીરીનું રહસ્ય છે કૂતરાની અજબ તીવ્ર

પોલીસ-કૂતરા કોઈ પણ પ્રકારના અવરોધો પાર કરી શકવા જેટલા કાબેલ હોવા જ જોઈએ અને એટલા સારુ એમને સતત એ પ્રકારની તાલીમ આપવામાં આવે છે.





જમણી બાજુ છેડે લંડનનો પોલીસ અને એનો કૂતરો. આ બંને મળીને એક એકમ રચાય છે. આ કૂતરો એને કેળવનાર અને સંભાળનાર આ પોલીસને જ આજ્ઞાધીન રહે છે અને એને એની સાથે જ રાખવામાં આવે છે. લંડનની મૅટ્રોપોલિટન પોલીસે ઈ. ૧૯૪૬થી કૂતરાને તાલીમ આપી રાખવાનો આરંભ કર્યો. આજે એમની પાસે ૨૦૦ ઉપરાંત કૂતરા છે જેમણે સેંકડો ગુનાઓ ઉકેલવામાં મદદ કરી છે.



પોલીસ-કુતરાને જે અનેક પ્રકારની તાલીમ અપાય છે તેમાં બંદૂક ફોડતા જતા ગુનેગારનો પીછો પકડવાનું પણ શીખવાય છે. એમને એવી કેળવણી અપાય છે કે જેની પાછળ પડે તેનો જમણો હાથ તુરત પકડી લે. કેમ કે મોટેભાગે બધા જમણો હાથ વધુ વાપરે છે. પણ એ દાંત બેસારતા નથી. જો નાસનાર વ્યક્તિ પ્રતિકાર કરે તો જ તેઓ હુમલો કરે છે. જો સામી વ્યક્તિ શાંત ઊભી રહે તો એ કુતરો પણ એની બાજુમાં શાંત ઊભો રહે છે ને પોલીસના આવતાં સુધી એની ચોકી કરે છે. આ રીતે એ થાક્યા વિના કલાકો સુધી ગુનેગારને સાચવે છે.

ઘ્રાણેન્દ્રિય. બહુ જ સૂક્ષ્મ વાસ—આપણને ન જણાય તેવી ગંધ તે પકડી શકે છે. માણસનાં આંગળાંની છાપની માફક તેના શરીરમાંથી નીકળતી પરસેવાની ગંધ—બીજા કોઈ પણ માણસની ગંધ સાથે મળતી આવતી નથી. કુતરા આ ગંધને પારખવાની ગજબ શક્તિ ધરાવે છે. માણસ જે રસ્તે દોડ્યો કે ચાલ્યો જાય છે ત્યાં તે ગંધ પ્રસરતી જાય છે. સામાન્ય રીતે સૂકી ગરમ હવામાં પણ ૭ કલાક સુધી આ ગંધ કુતરા સહેલાઇથી પકડી પાડે છે. પણ ઘણા દાખલાઓમાં તેઓ બે દિવસ પછી પણ ગુનેગારોને આ ગંધથી પકડવા શક્તિશાળી બન્યા છે. માણસના પરસેવાની ગંધ દરેક સમયે જુદીજુદી હોય છે. ગભરાટ અને ભય વખતે જે પરસેવો-સૂક્ષ્મ પરસેવો શરીર બહાર નીકળે છે તે આપણા નાકને જણાતો નથી-પણ કુતરા માટે તે બહુ જ તીવ્ર હોય છે. સામાન્યરીતે સારી હાલતમાં અને નિર્ભય રીતે જતો રાહદારી કુતરાની નજર ખેંચી શકતો નથી. તેથી જ જે કુતરાથી ડરતા હોય તેને કુતરો એના પરસેવાની ગંધ પારખી તેના પોતાની પ્રત્યેના ધિક્કારને ઓળખી ખૂબ ભસતા હોય છે. કુતરાને ઘણી વાર પવનની દિશામાં સો વાર દૂરથી પણ ભયગ્રસ્ત માણસના શરીરની ગંધ આવી જાય છે.

ગુનાશોધન શાસ્ત્રમાં કુતરાને આ રીતે કેળવવા માટે એક અલગ વિભાગ ઊભો કરવામાં આવે છે. સાધારણ રીતે ઊંચા તીણા કાનવાળા અને લાંબા પગવાળા આલ્સેશીયન કુતરા આ માટે પસંદ કરવામાં આવે છે. બહુ નાનપણથી જ તેની તાલીમ શરૂ થઈ જાય છે. તાલીમ આપનાર ગુનાશોધક ત્યાર પછી કુતરા સાથે જ રહે છે. સામાન્યરીતે આવા કુતરા પાસેથી ૯ વર્ષ કામ લેવામાં આવે છે. તેને ખૂબ ચોખ્ખા અને બહુ જ સારી રીતે અલગઅલગ નાના ઘરમાં રાખવામાં આવે છે. ગંદો કુતરો ૩૦૦ જેટલા રોગો ફેલાવે છે એમ પશુચિકિત્સકો કહે છે. કુતરો કરડે અને તે રોગી હોય તો તેને માટે ૧૪ ઇન્જેક્શન લેવાં જ પડે છે. તેથી તાલીમી કુતરાઓને દર છ માસે આવા રોગો સામે વૈદકીય સારવાર અપાય છે. કુતરાનો ખોરાક પણ સમતોલ તથા નિયમિત સમય પર અપાય છે જેથી કુતરો, આળસુ ન બને અને લાંબુ દોડી શકે જ્યારે કામ ન હોય ત્યારે પણ તેને યોગ્ય કસરતો તો અપાતી જ રહે છે. કેટલાક કુતરાએ પોતાના જીવનકાળ દરમ્યાન ગુનાશોધન માટે પોતાના પગે ૨૫૦૦૦ માઈલથી પણ વધારે મુસાફરી કર્યાના દાખલા છે. ગુનાશોધનમાં કુતરાને પ્રથમ સામાન્ય આજ્ઞાઓ શિખવાડાય છે: તે જરૂર પડે ઊભો રહે, બેસી જાય, રાહ જુએ. શિકાર કે ગુનેગાર પાછળ દોડે, તેને પકડે, તેની ઉપર હુમલો કરે ઇત્યાદિ આજ્ઞાઓ તેને કાળજીપૂર્વક શિખવાડાય છે. તેના ગુનાશોધનના કાર્યમાં તે એક જ ઈન્સ્પેક્ટર સાથે નવે વર્ષ રહે છે.

રૉયલ કૅનેડી અને માઉન્ટી પૉલીસે કુતરા માટે ૧૯૩૫થી ખાસ વિભાગ ખોલ્યો છે. તેના દ્વારા દર વર્ષે તેઓ દશ હજારથી વધારે ગુનાઓ પકડે છે. જેલમાંથી નાસી છૂટેલ બે કેદીઓએ હથિયાર બતાવી એક રાહદારીની મોટરમાં કૅનેડા છોડી દીધું. ફક્ત બે દિવસમાં જ તેને આ કુતરાઓએ પકડી લીધા હતા. ઘરેથી રમતમાં ને રમતમાં દૂર ખોવાઈ ગએલાં બાળકોને શોધી આપવાનાં સૅંકડો કાર્યો આ કુતરાઓએ કર્યાં છે. આ માટે કુતરાને યોગ્ય તાલીમ આપણા દેશમાં અપાતી નથી નહિ તો અહીં પણ તેઓ ખૂબ જ આશીર્વાદરૂપ બને. ∅

અનુસંધાન] અજનબી [પૃ. ૪૪૨થી

વીંટળાએલું ઘર હતું. મીરાં રડીને ખાલીખાલી લાગતી હતી. ધોધમાર વરસાદ પછી ધોવાએલા ભીના પર્વતો જેવી શાંત લાગી રહી હતી.

'મેક મી અ ડ્રિન્ક. આઈ ફિલ સિક.'

હું ઊભો થઈ જીનની બૉટલ લઈ આવ્યો. જીનના ત્રણ ગ્લાસ ટેબલ પર મુકાયા.

'ત્રણ કેમ?' મેં ચૂપચાપ મારો ગ્લાસ હાથમાં લીધો, દીવાસળી સળગાવી અને ત્રણ ગ્લાસમાં ફેંકી. એક ભડકો થયો અને પછી બધું જ શાંત થઈ ગયું.

'શું કરે છે?'

'કંઈ નહિ. નીલની યાદમાં એક ભડકો.'

સ્યૂટકેસ લઇને તૈયાર થયો. ડ્રેસિંગ ટેબલ સામે ઊભા રહી સ્કાર્ફને સરખો કર્યો. દાઢી પર હાથ ફેરવ્યો અને મીરાંની વિદાય લીધી. સ્કૂટરો ખાલી જતી હતી પણ મેં ચાલ્યા કર્યું. દિલ્હીના રાજમાર્ગો પર દિશાહીન ચાલી રહ્યો હતો.

નીલનું મોત બહુ જ જલ્દી ભુલાઈ જશે. ફરી એ જ પાર્ટીઓ. થોડી બનાવટી દુઃખની વાતો થશે. ચીઅર્સ...ડૉગ શો... ક્રિસેન્થિમમનાં ફૂલો...અંધારી રાત અને ફરી હસતા ચહેરાઓ. નીરા, પાલી, ઈરા, પોમા, શીના–નામો બદલાશે, મહોરાંઓ એ જ રહેશે.

નીલની સાથે જ આ ફૅશનેબલ પાર્ટીઓની રંગીન દુનિયાની વિદાય લઉં છું. પહોળા રસ્તાઓ પર ચૂપચાપ ચાલ્યા કરું છું. કોઈ આધુનિક ટૉમ જોન્સની જેમ જઈ રહ્યો છું. કોઈ નવી દિશા તરફ... ફરી અજનબી બનવા. ∅

આંટીઘૂંટીની પ્રીત

ચન્દ્રવદન ચી. મહેતા

અંતરગઠરી-૧૧



માદમોઝલ
અનાઈ નિન


આ પણે ઇટાલીનું જીનોવા શહેર તો સાંટા મારગારિટાના સાગરખોળે જેક રૈરિન્યો સાથે મૈત્રીભાવનાં પ્રીત-લહેરિયાં માણતા હતા ત્યારે જોયું હતું; અને સ્વિત્ઝર્લૅન્ડની જીનિવ-નગરીમાં તો પહેલાં કંઈક વાર આવી ગયા હતા, ત્યારે પણ જોયું હતું. યાદ છે અહીં આપણે બાયરન અને વોલ્તેર ચર્ચ્યા હતા. રમણીય સરોવરની ગોદમાં પેલો દ્દિલોંગ દુર્ગનો કેદી જોયો અને બાયરને પોતાનું અમર કાવ્ય લલકાર્યું ત્યારે, એમાં દેશદાઝે શહીદ થએલા સાતસાત ભાઈઓ કેવા ત્યાં અડખે-પડખે અવસાન પામ્યા અને ત્યાં જ દાટવામાં આવ્યા, એ પ્રસંગ અને એની જીવંત કબર ઉપર આપણે આંસુ પણ સાર્યાં હતાં! અને એ જ લેઈક લેમેં યા લેઈક જીનિવની વિસ્તરતી પાળે ભમતાં ધૂની વોલ્તેરના રાજપ્રાસાદને શરમાવે એવી ભભકભરી રુહેમાની જોઈ, એ અહીંથી ડંકાનિશાન સાથે પારી(સ)માં બાદશાહી કૂચ કરી ગયો તે પણ આગળ ઉપર જોઈ ગયા હતા એ આ જીનિવ.

આંતરરાષ્ટ્રીય નગર. માનવ-સ્વભાવનાં કંઈક ચંચળ કરતૂકો અહીં આ નગરીએ જોયાં છે. લીગ ઑવ નેશન્સ સ્થપાઈ, ચીંખાઈ, ચીંખાઈ ગઈ; અહીં જ શાંતિનાં કબૂતરો પળાયાં, પંખેરાયાં, વિખેરાયાં. દેશ-દેશના ઝઘડા-કજિયા કંકાસ ઉપર કંઈક ચૂક ઉરાડાયાં, લવાદોએ લવારા સાંભળ્યા, ખુદ લવાદો પણ એ લવરીના ભોગ થઈ પડ્યા. અહીંની ચપટી ધૂળ પણ અણુબૉંબ ઉપર ભાષણો કરી શકશે, વેધક પ્રકાશ ફેંકી શકશે, એટલાં સંમેલનોની એ સાક્ષી છે. પણ આપણે ક્યાં રાજકારણ કે વૈજ્ઞાનિક કિરણો સંશોધવા નીકળ્યા છીએ! આટલી મજલ દરમ્યાન પ્રીતની મહેફિલો માણી, એનાં અડખાંપડખાં જોયાં, અનુભવ્યાં, તો આ સરોવરને કાંઠે અને એનાં છલોછલભર્યાં જલ ઉપર નૌકાવિહાર કરનારાઓમાંની સરેરાશ દશમાંથી નવ બેલડીઓએ પોતાના અંતર-માં પ્રીતનો મહેરામણ મલકતો કે ઊછળતો તો માણ્યો જ હશે, માણે છે.


ભારતની એંબાસીકૉન્સાસીનાં બારણાં અ પંણે ચડઊતર નથી કરતા એ તો આપ જાણો જ છો. હા, અમ્બાસડર જાણીતા-ઓળખીતા હોય તો પટાવાળાથી માંડી નિકટના મંત્રીશ્વરો સુધી તમને લળીલળી નમસ્તે થાય, માગો તે પીણાં હાજર કરાય, સાતસાત પેઢીનો વહાલનો સં-બંધ ઊભરાતો ઢળી જાય, પણ એ મૂળ વ્યક્તિની બદલી થાય કે સરકારી હોદ્દા ઉપરથી નિવૃત્ત થાય તો એ જ પટાવાળાથી મુખ્ય મંત્રી સુધી કોઈની પણ આંખો મળતાં, એમને 'હેલો' કરતાં પણ એ લોકો એવા અજાણ થઈ જાય, કે આપણે ભોંઠાભઠ થઈ પ્રરતી જગ્યા આપે તો એમાં દટાઈ જઈએ એવો વૈરાગ્ય પેદા કરાવી દે. થોડા મીઠા અને વધારે કડવા એવા ભારતની કચેરીઓના અનુભવોની જુદી ગઠરિયાં કરવી સારી એટલે એ હકીકતોને હાલમાં પોટલે બાંધેલી રાખીએ.

જીનિવ જીવવાળી નગરી, આમ ઇટાલી, આમ ફ્રાન્સ અને ઑ-સ્ટ્રિયા પણ દૂર તો નહિ જ. રેલવે કે હવાઈમાર્ગે કિસમકિસમના યાત્રીઓ અહીં આવવાના, અહીં ઊતરી આજુબાજુ પાંખરવાના–પ્રસરવાના અને એમાંના દશમાંથી નવ અહીંની ધરતી પર પગ માંડતાં જ સૌપ્રથમ હાથમાં સ્વિસ નાણું ખણખણતાં સીધા નજરે ચડે તે ઘડિયાળીની દુકાને દાખલ થઈ જવાના, ભૂખ્યા વરુની જેમ. જાણે જિંદગીમાં કદી ઘડિયાળ દીઠી જ નથી એમ, પાસે બેત્રણ હોય તો પણ અને ઘરઆંગણે કબાટમાં ડઝનબંધ કટાતી હોય તો યે ઘડિયાળ તો ખરીદવાના જ! ખરીદીને પછી જ ખાવાપીવા તરફ ધ્યાન દોરવાના. પણ નિકટનાં સુંદર બરફ-ઢાંક્યાં રળિયામણાં સૂરજ-પ્રકાશે ચકચકિત, તો કદીક વાદળ-લપેટથી ભૂખરાં શિખરો તરફ નજર તો બે-પાંચ દિવસ બાદ જ દોડાવવાના. બળ્યા એમના અવતાર!

હું ઊતર્યો હતો સૌ. સોનલ માનસિંગને ત્યાં, અસલમાં સોનલ પકવાસા; લલિત માનસિંગના પિતા અને સોનલના પિતા બંને મારા દોસ્તદાર અને એ બે વરવહુ એમનાં કામકાજમાં પરોવાયેલાં, એટલે હું તો એકલો લટાર મારવા નીકળી પડેલો, અમારું હવાઈ જહાજ ફક્ત આઠ દસ કલાક જ મોડું એટલે એરઇન્ડિયામાં જઈ નવાં બુકિંગ કરાવી રેલવે સ્ટેશનના નાણાવટીની બારી પાસેની ક્યૂ ઉપર હાજર! દુનિયા-ભરનો તો શું, પણ સાતમા પાતાળનો કે કોઈ નવા ગ્રહમદેશનો સિક્કો કે નોટ હોય કે ચૌદમા બ્રહ્માંડમાંના કોઈ દેશનું નાણું હોય તો તે સ્વિસ-નાણું રટી આપવામાં જરા અચકાય નહિ. ત્યાં આગળ નજર કરું છું તો પૂંઠ ઉપરથી, હોય નહિ! ગરદન તો ફ્રેલિહની જ એની આગળ ઊભેલી બાઈ, કિ ચમત્કાર! ઓડાનું જ માથું. એ જ સુંદર વાળ, પણ રે જીવ જરા ધીરજ ધર, અચાનક ભેટો થવાના આનંદને એકાએક માણવા અગાઉની એક મીઠી મનની અધ્ધર ડોલતી ફોરમ અનુભવ-વાનો આનંદ છે તે શા માટે મનમાં એકલા ન મલકાવી લેવો! પણ એ સ્વાર્થ ન કહેવાય? એ બે જણાં જે ઊલટથી આ સત્સંગને વધા-વશે, એટલી મારી ઊલટ અર્ધીપોણી ક્ષણ વીત્યા બાદ રહેશે ખરી?



જીનિવ નગરીનું એક રમણીય દૃશ્ય



જીનિવનો મનોહર જળવિસ્તાર

મનમાં સ્વાર્થ પ્રવેશે છે, ત્યારે મન છેતરપીંડીના કેવા દાવ રમે છે તે તો જુઓ! મન કહે છે કે હજી બરાબર પાકી ખાતરી તો થવા દો, કે એ બે ફ્રેલિહ અને બેડા જ છે! એ ન હોય તો? હટ રે મન! લુચ્ચા, સ્વાર્થનો આનંદ પહેલાં, એકલાં માણવો હોય તો માણ; પણ અંતરે જે પ્રમાણ્યું, એની સચ્ચાઈમાં વાંધા-વચકા પાડી ખલેલ ન કર.

ત્યાં ક્યૂ એટલે કે કતારને ઓગળતાં વાર નથી લાગતી. એમને વખતની કિંમત છે. આપણે ત્યાં મોત આવે તો પણ એને આવવાની આળસ, અને મરતાં જીવ છોડવાનું પણ આળસ. વખતની આપણે ત્યાં કોઈ કિંમત કરવા બેસે એને આપણે મૂર્ખમાં ગણીએ! ટિકિટબારી ઉપર દર રેલવે બજેટે સરકાર ભાવમાં વધારો કરે, એટલે ટિકિટ આપનારે દર ટિકિટ ઉપર પોતાના સુંદર હસ્તાક્ષરો થકી દરમાં ફેરફાર, નવો ભાવ લખી ટિકિટ આપવાની. ભારતનાં રેલવે સ્ટેશનો, માનો કે પાંચહજાર છે. સરેરાશ ત્યાં રોજની સો ટિકિટ ખપતી હોય તો પાંચ લાખ ટિકિટ ઉપર પા અરધી મિનિટ લખાપટી થવાની, શાહી બગડવાની, એટલો વખત બગડવાનો, ક્યૂ લાંબી થતી જ રહેવાની, એમાં કોઈ નવો ટિકિટ વેચનારો આવી મળ્યો તો એ દર વખત દર-સુધારાનું નવું પત્રક જોવા બેસવાનો, અને એ જ પ્રમાણે પોસ્ટની રામાયણમાં છ પૈસાના કાર્ડ ઉપર ચારની નવી ટિકિટ ચોઢ્યા કરવાની, એવી એવી નાની બાબતોથી માંડી મોટા કામકાજમાં વખતની બરબાદીનો આપણે આંક કાઢીએ તો આપણે કાળજે ફેફરું ચઢે, તે એવું ચઢે કે એ તરત ગગન ભૂસકા મારવા શરૂ કરે! આવી નાહકની બરબાદીનો કશો તર્કપૂર્વક યોજેલો કોઈ ઉપાય છે જ નહિ? નાણું વટાવી પહેલાં બેડાએ પૂઠ ફેરવી, એટલે એની નજર મારા પર પડતાં જ એ ચકોર બાઈએ ખુશીની સિત્તારી કાઢી મને બાઝી પડી, અને તરત ફ્રેલિહે એ જોતાં તે પોતાનો ક્યૂનો નંબર છોડી મારી ઉપર ધસ્યો. અમારા બેનો વટાવ-વિધિ ઠેકાણે રહ્યો; અમે ત્રણ ઉમળકાની ભાતીમાં હિંચોળાતાં રહ્યાં. ક્યાં મારીબોર, ક્યાં જીનિવ, હમણાં તો થોડા દિવસ પહેલાં રડતી સૂરતે વિખૂટાં પડ્યાં હતાં, અહીં ફરી ભેગા ભેગા થઈ ગયાં. આવે ટાણે થતી વાતચીતની તે કોઈ પણ ઠેકાણે વળી નોંધણી રહેતી હશે ખરી? ભલભલો ફોટોગ્રાફર હોય તો તે પણ આવી પળ પોતાના કૅમેરામાં ઝડપી શકે ખરો? હાથ-આંગળાં-આંખમાં તરવરાટ, ગાલે શેરડા, અંગમાં લોહીનો ઉછાળ કઈ ફિલ્મમાં ઊતરે વારુ? અને તે ઉપરાંત હૈયાના થનગનાટની છબિ કોણ પાડી શકે કહો? દશપંદર મિનિટ અમે અધકચરાં વાક્યો બોલી જરા ટાઢાં પડ્યાં ત્યારે નાણાવટીની બારીએ પણ ઠઠ ઓગળી ગએલી, એનો લાભ લઈ ફ્રેલિહ અને હું વારાફરતી અમારાં નાણાં બદલી આવ્યા. ફ્રેલિહ ગયો તે વખતની એ એક મિનિટમાં બેડાએ ફરી આંખને ઉમળકે આવકાર દીધો. અને ત્યાર બાદ અમે ત્રણે નજીકની રેસ્ટોરાંની પગથારમાં એક ટેબલની આસપાસ વીંટળાઈ હજારો વર્ષના વિરહની વાતો કરતાં બેઠાં.

એકાએક ફ્રેલિહ ઊછળ્યો. બેઠાં ન બેઠાં એટલામાં ઊભાં કીધાં. પોતાના ભાંગ્યા તૂટ્યા અંગ્રેજીમાં બોલી, પોતે નેતાજી બની પોતાની પાછળ અમને સ્ટેશનને જમણે પડખે ચોક વટાવી બીજા સરિયામ રસ્તા ઉપર લઈ ગયો. 'લુક-રીડ'-જોયું, વાંચ્યું. એ રેસ્ટોરાંમાં લઈ ગયો રેસ્ટોરાં ડૉન કિહોટે. 'હું ડૉન કિહોટે ઓપેરાનો મારીબોરમાં પ્રોડ્યુસર અને આપણે અહીં નહીં બેસીએ તો ક્યાં બેસીએ?' મેં કહ્યું. 'બરાબર! હું તમારો સાંકો પાંઝા, એટલે કે તમારી પર્સ મારી પાસે, નાણાં તમારે નહીં ચૂકવવાનાં. આ યુગોસ્લાવિયા નથી. તમે મારા મહેમાન!'

વખત થોડો અને વેશ ઘણા. એ બે આવ્યાં હતાં અહીંથી રેલ મારફત કલાક દોઢ કલાકને રસ્તે ફ્રાન્સના ગ્રેનોબ્લ ગામમાં ભરાનાર એક સેમિનારમાં ભાગ લેવા. બપોર સુધીમાં તો એમણે ત્યાં પહોંચી જવાનું હતું. દશ વાગવાની તૈયારી હતી, બે પાંચ મિનિટમાં જ જીનિવનું ત્યાંનું ટાવર ટન ટન ટન ટંકારશે. ફ્રેલિહ અને બેડા પોતાનાં દેશનાં પ્રતિનિધિ હતાં. હું તો અમેરિકા જવા પૃથ્વી-પ્રદક્ષિણા કરવા નીકળેલો, મિશિગન સ્ટેટ યુનિવર્સિટીમાં નોકરી કરવા હાજર થનારો યાત્રી. સપ્ટેમ્બર બેસી ચૂક્યો છે તા. ૧૫મી સપ્ટેમ્બરે બપોરે તો ઈસ્ટ લાન્સિગ ઊતરી હાજર થવાનું છે. અને આ તો હજી જીનિવ. જીનિવ જાઓ તો 'ડૉન કિહોટે' રેસ્ટોરાંમાં જરૂર જજો, સ્ટેશન પાસે જ છે. ત્યાં એના ઉચ્ચાર માટે લડવા ન બેસતા, કિ ખોટે, કે કિગખોતે કે કિહોતે કે ખિશોતે કે કિવગ્ઝોટ ફરી વાર લખું છું, એક જ શબ્દના એક જ નામના જુદાજુદા દેશમાં જુદાજુદા ઉચ્ચાર શક્ય છે, હોય છે; એક જ દેશમાં એક જ નામના જુદાજુદા ઉચ્ચાર, બારસિલોનિયામાં જાઓ. મેડ્રિડમાં જાઓ કે નીચે મલાગા પહોંચો કે ત્યાંથી પશ્ચિમ દિશામાં કેડીઝ પહોંચો ૩૬૦૦ વર્ષો પહેલાં હરક્યુલિસે બંધાવેલું આ નગર એટલું જૂનું હોવાનું મનાય છે, આ બધાં ગામોમાં એક જ નામના ઉચ્ચારમાં ફરક પડવાનો. આપણે મેયોનિઝ સોસ હવે તો ભારતમાં પણ વાપરતાં અને બનાવતાં પણ થઈ ગયા છીએ પણ સ્પેનના માઇનોરકા ટાપુના પાટનગર મેહોનમાં જઈ મેયોનિઝ સોસ બોલ્યા છો તો એમના ખભા, નાકનાં ટીચકાં અને આંખના ડોળા ભવાં સાથે આસમાનમાં ચગી જશે. મૂળ સોસ જ મેહોનમાં પહેલાં બનેલો ત્યાં કહેવાય મેહોનિસા. ફિરાંસી રસોઈયાઓએ એને પોતાનો કરી મેયોનિઝ નામ આપ્યું. વિશેષ નામોમાં પણ એમ જ. જર્મનીમાં ગોઈટે, ગ્યોટે, ગથે, એમ આઠ રીતે એ નામ બોલાય છે, જાણીતું છે. આપણે ત્યાં ટાગોર ઠાકુર, વલ્લભભાઈ બલભભાઈ, અશોક તે દિલ્હીમાં અશોકા, એમ ક્યાં નથી બોલાતાં?

પણ આ દરમિયાન ફ્રેલિહે પીણાંની યાદી મંગાવી અને 'વીપ નો મોર', 'હવે ન રડો'નાં ત્રણ પીણાં મંગાવી પણ દીધાં. ભૂખ ઉઘાડવાનું આ પીણું છે, અને અમે એનું ગુજરાતી એ મતલબથી કર્યું કે આજકાલ છાપાંઓમાં 'એને લાંબું દોરડું આપ્યું', એટલે કે ગેવ હીમ એ લૉંગ રોપ', એવાં એવાં વાક્યો વાંચવા મળે છે એથી આ તરજુમો પણ કોઈને કામ લાગે, એટલા માટે લખ્યું છે; કોઈ કહેશે કે આવું લખી તમે ગુજરાતી ભાષા ન બગાડો. પણ અંગ્રેજી ભાષાના પણ હાલહવાલ થવા બેઠા છે એ કંઈ બગડતી બચવાની નથી. 'અમારી મંડળીએ જંગલમાં મંગલ કર્યું', એનું અમે અંગ્રેજી વાંચ્યું, 'અવર કંપની મેઈડ ટ્યુઝડે

ઈન જંગલ!' ચારે કોર વર્ણસંકર ઉચ્ચાર, સંસ્કાર, લખાવટ, પહેરવેશ પ્રસરવા માંડયાં છે, ત્યાં અમે એમાંથી શીદ બચવાના હતા જે?

ફ્રેલિહને એની વહુ યાન્ના અને ઍડાને એના વર ફ્લોરિયનની ખબર પૂછી એટલામાં તો ટ્રેઇનનો સમય થવા આવ્યો અને અમારી સમિતિએ ઝપાટાબંધ નિર્ણયો લઈ લીધા. હજી મારી પાસે વીસ દિવસ ફાજલમાં હતા એટલે ફ્રેલિહ ફ્રાન્સ જવા ઊપડયા. ત્યાં થીએટર ઇન્સ્ટિટયૂટના મેં દરકાન્તે આ મેં દાર્તે કે એવા કોઈ અફસર અધિકારી હોવાના જ, એ હિસાબે ફ્રેલિહે ત્યાં જઈ મારે માટે પણ હેટલની વ્યવસ્થા કરવી, ચર્ચામાં ભાગ લેનારા તરીકે નામ નોંધાવવું, અને અમારે બેએ કંઈક ખાઈ, એર ઇન્ડિયામાં મારી ટિકિટની તારીખ બદલાવી, મિ. માનસિંગને ફોન કરી, સ્ટેશને ઊપડવું એમ ઠર્યું. યુનિકાની ખબર પૂછવાનો તો હજી અવસર મળ્યો જ નથી, પણ ટ્રેઇનમાં નિરાંતે વાત થશે એવી આશા હતી. બધું પતાવતાં માંડ બેની ટ્રેઇન હાથ આવી, અને અમે એમાં આસાનીથી ગોઠવાયાં.

ટ્રેઇન સ્ટેશનની બહાર નીકળી, ત્યાં વીસા પ્રકરણ–એરિકાની વાતોમાં ફ્રાન્સની વીસા લેવાની તો રહી ગએલી; સ્વિસ વીસા તો હતી, પણ આ લોચાનું શું? બહુ બહુ તો બીજી ગાડીમાં પાછા જીનિવ બંદરે! આટલી જિંદગીમાં એમ હજુ માંડવેથી રાણા પાછા નથી ગયા, તો અહીંથી પાછા ફરશું? સાથે ઍડા હતી. એની ચબરાક બુદ્ધિ અને મારી વાચાળ જીભ! ઍડા પાસે નોતરાંનાં પૂરાં કાગળિયાં. મારી પાસે મિશીગન સ્ટેટનાં અને જે. ડી. આર રૉકફેલર સ્કૉલરશિપનાં આંજી દે એવાં ઓચરિયાં. અને આ કંઈ આણંદથી વલસાડમાં ફરતા ટિકિટ કલેક્ટરો કે અમલદારો નહિ, કે જો એને જ્યોતીન્દ્ર દવેનું કે ઉમાશંકર જોષીનું નામ દઈએ તો ભાગ્યે જ એ તને ઓળખે! ગ્રેનાબ્લોલની સિમિનારનું આ અફસરને પૂરું ભાન, ઍડાએ શુદ્ધ અંગ્રેજીમાંથી મુલાયમ ફ્રેન્ચમાં ઊતરી નીતરતી વાણીમાં મોરચુ દોક્તુર મહેતાની ભારોભાર તારીફ કરી, દોક્તુર પ્રોફેસર સારા બર્નાડની અભિનયકલા ઉપર લેકચર કરવાના છે, એ માનવંતા મહેમાન છે વીસા લેવાનું ભૂલી ગયા છે, પોતે એટલે કે ઍડા છેક મારીબોરથી અહીં સુધી સાથે લઈ આવેલ છે, એ પાછા કેમ જાય! અર્ધી મિનિટમાં નહિ અરધી સેકન્ડમાં જ ફિરાંસી અફસરે તોડ કાઢયો. બે દિવસની ટેમ્પરરી વીસા એ આપે. એ લઈ ગ્રેનાબ્લોલમાં પોલીસ દફતરે નામ નોંધાવે, હોટેલ ઍડ્રેસ બતાવે, અને પાછા ત્રીજે દિવસે કઈ ગાડીમાં ફરનાર છે, તે નક્કી કરે એટલે એ અફસર જાતે જ આ વીસા પાછી લઈ લે. ભરવાની જે કંઈ ફી હોય તે ગ્રેનાબ્લોલ ગામમાં ભરે, એ માટેની અલાયદી ચિઠ્ઠી બતાવે. કબૂલ મેરસી, મહેરબાની. થૅંક્સ માની હવે બારી બહાર નજર કરી. મોંબ્લાં, ફ્રેન્ચ આલ્પ્સ મલકતો જણાયો. ઍડાએ પેલા અફસરને કહ્યું 'તમે પ્રોફેસરને આ તમારા સુંદર આલ્પ્સ જોવાનો લહાવો આપ્યો એ બદલ અમે બંને તમારો ફરી આભાર માનીએ છીએ.'

ઍડાએ અનાઇ નિન વિશે વાત કાઢી. યુનિકા ઍડા અને હું, અમારાં ત્રણ જણનાં હૃદયનાં સ્પંદનો વિશે કશી વિવરણ-પૃથક્કરણ કરવાની અમને જરૂર પડી નથી, આપોઆપ સમજણથી જ અમે એકબીજાની અંતરઘટના જાણતાં હતાં. અનાઈ નિનની પ્રીતનો કિસ્સો સ્વચ્છ તો નહિ, પણ કૂટ, અનેક આંટીઘૂંટીવાળો હતો, એવી પ્રસ્તાવના થકી એણે વાત શરૂ કરી. પણ આ અનાઈ નિન કોણ? 'મળશો તમે ગ્રેનીબ્લોમાં, તમને ક્યાંય રહેવા ઠામ ન મળે તો એ બધી વ્યવસ્થા કરી દેશે. માયાના વિવિધરંગે રંગાએલી તેજસ્વી કલમ ઝાલી ગદ્યને ચમકાવનારી એ બાઈ છે. મેં એનાં ફ્રેન્ચ લખાણ વાંચ્યાં છે, અને એને મળી પણ છું. પરમ દિવસે પાછા ફરો ત્યારે જતાં પહેલાં



હેન્રી વી. મિલર   જૂન મિલર

મને બેચાર વાક્યોમાં તમારો અભિપ્રાય કાનમાં કહેતા જજો.'

આપણે વાર્તા લખવા નથી બેઠા, નહિ તો તમને ફિરાંસી ગાડીમાંથી લીલીછમ અને ઉપરથી ચકચકતી ગિરિમાળાઓ વિષે મનડું મુગ્ધ થઈ જાય એવાં વર્ણનો લખત. નગર સૌન્દર્ય, અંદર ડબ્બામા શરીરના પિંજરમાં ઍડાનું ઉમળકે ઊભરાતું અંતરનું સ્વરસૌન્દર્ય, ફરી વાર ગાઈ ગએલી ગાથાનું ટૂંકમાં પૃથક્કરણ કરી લઇએ. ઍડાના હૃદયમાં મારે માટે માન છે, લાગણી છે, એના અણુના આઠમા ભાગની પણ ફ્લૉરિયનને જાણ છે. યુનિકાને એના પતિએ દગો દીધો છે, દરિયાના બંદરે બંદર પર સાસરાં કરતો ફરે છે, યુનિકા એને વફાદાર છે, પરંતુ એના હૃદયમાં બે ધારો પ્રેમ પ્રગટયો છે. એક તો ભારત માટે, ભારત આવવું છે. બીજો 'તમારે મને ક્યાં નાખવી હોય ત્યાં નાખજો, મને તમારી સાથે લઈ જાઓ, ભારતમાં હું મારું ફોડી લઈશ. તમે મને ઉદ્ધારો.' એવું અંતરનું આકર્ષણ છે. આ ગૂંચમાંથી ઍડા યુનિકાને માટે પારાવારનો સમભાવ ધરાવતી હોઈ અળગી થઈ યુનિકા માટે બનતું બધું કરી છૂટવા તત્પર છે. ફ્રેલિહ આ આખી પરિસ્થિતિથી જાણકાર છે. ત્રણે માટે એને અનહદનો મૈત્રીભાવ છે. મારીબોરથી વિદાય લીધા બાદ તરતમાં જ સ્વિત્ઝર્લૅન્ડના પાદરે આવો અનાયાસ ભેટો થશે, અને ફ્રેલિહના આગળ જવા બાદ થોડા કલાક અમે એકલા ફ્રાન્સની રમ્યભૂમિનું આહ્લાદક સૌન્દર્ય માણતાં રહીશું, એનો અણસારો સરખો પણ કોઈના અંતરમાં સળક્યો નહોતો. કોણ કહી શકે કે અમે આ પ્રવાસમાં સુખી હતાં કે દુઃખી હતાં! જેમણે આવી ઘડીઓ માણી હશે એ બધા જ કબૂલ કરશે કે આવા પ્રસંગમાં વાચા રુખસદ લઈ લે છે અમે બંને એકીટશે એક જ ધ્યાને એક જ અલાયદું અને અનોખુ સૌન્દર્ય નિહાળી રહ્યાં હતાં.

સ્ટેશન પર ફ્રેલિહ રાહ જોતા ઊભા હતા. આ જ ગાડીમાં અમે આવવા જોઈએ એવી ગણતરી એની પાકી હતી. સ્ટેશન બહાર જતાં મોટી ફ્રેન્ચ ગાડીમાં એણે અમને બેસાડયા. 'આ માદામોઝલ અનાઇ નિન'

'ઘણું સાંભળ્યું છે તમારે માટે. ઍડા તો મારી દોસ્ત છે જ, દોસ્ત નહિ મારાં લખાણોની આશક; તમારાં લખાણો હું વાંચી શકું તો આશક થાઉં, પણ એવું શુભ નસીબ મારું નથી. ફ્રેલિહે મને તમારે માટે જે કંઈ કહ્યું એ થકી મને માન થયું, અને તમે ઍડાના નિકટના સ્નેહી છો, એટલે હવે મારે કશું વધારે જાણવાનું રહેતું નથી. હોટેલમાં જગ્યા નથી. તમે બંને મારી સાથે રહેશો; ફ્રેલિહને પણ હું મારે ત્યાં રહેવા કહું છું, પણ એ માનતા નથી. હું એને ઓળખતી નથી, એટલે એણે એમ નક્કી કર્યું હશે. બાકી તમારે ત્રણે માટે મારે ત્યાં પૂરતી સગવડ છે' ઍડાએ કહ્યું 'તમે એની ચિંતા ન કરો. એને હું સમજાવીશ, ચાલો તમારે ત્યાં.'

લંબગોળ ચહેરો, ઢીંગલીની હોય એવી આંખો, મક્કમ સાદ, હસ-

મુગ્ધી અનાઇ નિન અનુભવને જ જીવનનો ગુરુ માનતી. પિતા સંગીતકાર, મૂળ અસ્પાનિયાના, મા ડેનમાર્કની, જન્મ પારી(સ)ના એક પરગણામાં, કદીક ફ્રાંસના ગામડામાં રહેનો, કદીક ન્યૂ યૉર્કના પૂર્વભાગના સાગરકાંઠાના વિસ્તારમાં રહે. કુટુંબથી છૂટી થઈ સ્પેનનાં નૃત્યો શીખી; દેખાવડી એટલે ચિત્રકારો તેમજ શિલ્પીઓ પ્રત્યક્ષ ખડું થવા નમૂના માટે ડોળબીબું થઈ. અને આખરે કલમનો આશરો લીધો, અને કલમ હાથે ચડતાં જ નોંધપોથીઓ લખવાના ક્ષેત્રમાં એક અનેરો ઘાટ સરજી બતાવ્યો. ફ્રેન્ચ લેખક પ્રુસ્ટ અને ગિરેદો, અંગ્રેજ લેખક લૉરેન્સનાં લખાણોની અસર હેઠળ એણે પોતાનો અવનવો બંગ સરજ્યો. મોકળા મનથી એણે લખ્યું; ડાયરી-નોંધપોથીઓનો એક નવો ઘાટ ઉપજાવ્યો. સાહિત્યની દૃષ્ટિએ અને કલાની સૂઝે અનોખો સમન્વય રચાયો. ભરચક બાર ઉપરાંત થોથાં. ગમે ત્યાં ગમે ત્યારે લખી શકે, ટ્રેઇન આવતાં વાર થાય, કે કોઈની રાહ જોતાં બેસવાનું હોય, રેસ્ટોરાંમાં માગેલી વાની બનાવાય એવા ગાળા મળે તો ત્યાં કલમ બેઠી ન રહે. વણઅટકી ભીતરને છતું કરતી, અંતરની ખોજ ચલાવતી સંવેદનાની ભરતીમાં સરતી એ લખ્યે જતી. ૧૯૩૧થી શરૂઆત તે આજ સુધી એની લખાવટ ચાલુ છે. જાતજાતની વ્યક્તિઓ વિષે એણે સમભાવથી સંવેદનાથી અને છતાં નિડરતાથી લખ્યું છે. પ્રેરણાને એ રૂપ આપી લેખનમાં તાદૃશ કરે છે.

સારા બર્નાડ ઉપરની ચર્ચાસભા બીજે દિવસે સવારના નવ વાગ્યાથી શરૂ થવાની હતી. નિનની વિલા–કે ભવન–કે ભુવન નવા જ પ્રકારની બાગબાનીથી વીંટળાએલું હતું. છોડક્યારી તો ખરી, ભીંતે વળગીને ચઢતો પથરાતો વેલવિસ્તાર પણ ખરો, જરા ઠેરઠેર એક જ પ્રકારનાં પણ આપમેળે ઊગવા દીધેલાં વણકાપ્યાં નાનાં તરુવરો પણ ખરાં, પરંતુ એ બધો લીલોછમ વિસ્તાર નાનાનાના છોડવા ઉપરના રંગબેરંગી ફૂલોથી શોભી નીકળતો હતો. મકાન આલિશાન, નજાકતથી બાંધેલું હતું. રહેવાને પૂરતી સગવડ, પરતુ નોકરમાં એક જ ચાકરડી, જેક પણ જુવાનીની તાજગીવાળી સળવળતી અને રસળતી જીવતી જીભવાળી. અમે હેન્રી મિલરની વાત કરતાં હતાં, નિનબાનુ હેન્રીનો સ્વભાવ એનું લખાણ એની ખાસિયતોનું બયાન કરતાં હતાં ત્યાં એકાએક આ કામ કરનારી બાઈ નામે હેન્રીઆદ્રા, એને નિન રિટાજ કહી બોલાવતી, તે ટપકી પડી, 'એ પધાર્યાં, બને જણાં. મોં! હેન્રી અને માદામ જૂન. આપ નિન માદામ! જરા એમનો વેશ તો જુઓ–માદામ જૂન તો એપ્રિલ મેના વસંત જેવાં હરહંમેશ હોય છે તેવાં જ સોહામણા લાગે છે, પણ મોંસ્યોર હેન્રી મિલર તો નાતરિયા કોટપાટલૂન, રંગે સિલાઈએ અને ઘાટમાં હેટ શોધાઈ નહીં હોય ત્યારે જે પહેલી ઘટાવાઈ હશે એની ઇકોતેર પેઢી પહેલાંની, હાથમાં એવા જ કાગળોના લબાચા. અરે આપ સૌ બહાર આવી આ વખતે આખેલી એમની બેગ જોશો તો પંદર કે સત્તર, જેટલા લૂઈ રાજાઓ થયા એ બધાની ભેગી બાદશાહી એમની બેગમાં ઠાઠે ઠમકતી જણાશે.'

ક્યાંના ક્યાં આપણે કતરાણા. આખી સાંજ પેલી વગોવાએલી એની ચોપડીના લેખક હેન્રી મિલર, એની વહુ, અમે ત્રણ, અને નોંધપોથીઓની જમાતમાં અનોખી ભાત પાડનારી ડાયરીની લેખિકા બેડાની ઓળખીતી નિન. આપણે પ્રીતના તાણાવાણા પકડતા ચાલ્યા છીએ. હેન્રી જૂન અને નિન, એ ત્રણેની પ્રીતનો ઘાટ કેટલી આંટીઘૂંટીવાળો છે, એ હવે જોઈએ; પછી સારાહ બર્નાડના ચર્ચાચોતરામાં બિરાજમાન થઈશું. અને કોને ખબર, કાલ સવાર સુધીમાં હોટેલમાં નહિ ઊતરનાર નિનબાઈના બીજા કેટલા દોસ્ત અહીં મારતી મોટરમાં આવી પહોંચશે તે; તે તો આપણે જાણતા જ નથી.

હા, સન્ધ્યાટાણે આ નિવાસની આસપાસની વાડીમાં છાનીછુપાતી અર્ધઅગોચર લહેરતી આડીઅવળી લપાતી પગથાર ઉપર પાએક કલાક મૂગાં મૂગાં બેડા અને હું ફર્યા. અમારે કશી જ વાત કરવાની નહોતી, એટલે હોઠે કોઈ વાત ફરકી નહિ, ત્યાં અહીં શું નોંધું? (ચાલુ)

અનુસંધાન] **વિવિધ ઝેર** [પૃ. ૪૫૯થી

છે. ઉપચાર: રાઈના પાણીથી ઊલટી, મીઠાનો જુલાબ, કૉફી અથવા ઍરોમેટિક્સવાળું સ્પિરિટ એમોનિયા પાવું, શરીરની ગરમી જાળવવી.

સોમલ કે ઉંદર અને જંતુઓ મારવાની તેના મિશ્રણવાળી દવા અને ડબામાં સંઘરેલા બગડેલા ખોરાકનું ઝેર દાહક છે. એનાથી ગળા ને હોજરીમાં લાહ્યની વેદના અને ઉબકા, ઊલટી, પેટમાં ચૂંક, ઝાડા થોડા ચક્કર આવી આઘાતની સ્થિતિ આવી પડે છે. ઉપચાર: સાબુનું ફીણ કે મીઠું ઓગાળેલું હૂંફાળું પાણી સારી પેઠે પાવું જેથી ઊલટી થાય. ઊલટી થયા બાદ મોટા માણસને એક ઔંસ ને બાળકને દસ ગ્રામ દિવેલ પાવું. હાઇડ્રેટેડ ઑક્સાઇડ ઑવ આયર્ન અને મૅગ્નેશિયાનું મિશ્રણ આના પ્રતિવિષ તરીકે કામ કરે છે તે રોગીને આપ્યા બાદ ફરી ઊલટી કરાવવી. તેલ, પૅરેફીન, રાબ, ઇંડાં ઓગાળેલું દૂધ કે પાણી આપવાં. આ ઉપરાંત ચક્કર અને આઘાતની સારવાર આપવી.

કાર્બોલિક ઍસિડ લાયસોલ, ડેટોલ વ. આ કૉરોઝિવ ઝેર છે. ઉપચાર: સવાશેર પાણીમાં એક ઔંસ પૅરેફીન લિક્વિડ કે વિલાયતી મીઠું નાખી પાવું અગર તો દસ ઔંસ દૂધ કે પાણીમાં અરધો ઔંસ વિલાયતી મીઠું કે સોડિયમ સલ્ફેટ નાખી પાવું. ઊલટી બાદ લોટ ઓગાળેલું પાણી પાવું જેથી ઈજા પામેલી પેશીઓને શાતા વળે.

બારબિટ્યુરેટ એટલે કે ઊંઘ આણનારી ફેનાબાર્બિટલની ગોળીઓ વધુ પ્રમાણમાં લેવાઈ હોય ત્યારે જો રોગી ભાનમાં હોય તો ઊલટી કરાવવી. જો બેભાન હોય તો દાક્તર આવતાં સુધી તેને હૂંફમાં રાખવો. જો શ્વાસ થંભી ગયા હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.

માંકડ મારવાની દવા 'ટીક્ ૨૦' જેવી દવા પીધા પછી પા કલાકથી એક કલાકમાં ઝેરનાં ચિહ્નો જેવાં કે ઉબકા, ઊલટી, પેટમાં પીડા, નાક ને મોંમાં ફીણ, ઘેન, ચક્કર, મોંમાંથી લાળ ગળવી, ઝાડા, શ્વાસમાં મુશ્કેલી, પરસેવો ને બેભાનાવસ્થા આવી પડે છે. રોગીના મોંમાંથી લસણ કે કેરોસિનના જેવી વાસ આવે છે. શ્વાસાવરોધથી મોત થાય છે. ઉપચાર: રોગીને સોડા બાય-કાર્બનું પુષ્કળ પાણી પાઈ ઊલટી કરાવવી. માથું એક બાજુએ ઢળતું રહે એવી રીતે રોગીને ઊંધો કે એક પડખે સુવાડવો. મોંમાંથી આવતું ફીણ લૂછી નાખવું. શ્વાસાવરોધ લાગે તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા. રોગીને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવો. (ચાલુ)

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા 'ડૉક્ટર આવતાં પહેલાં'-૧૪

વિવિધ ઝેર લેવાયાનાં લક્ષણો અને તેના પ્રાથમિક ઉપાયો

હવે આપણે સામાન્ય ઝેરો અને એની સારવાર વિષે વિચારીએ. નીચે આપેલાં પ્રતિવિષનાં પ્રમાણ પુખ્ત વયનાં માણસો અને આઠ વર્ષથી ઉપરનાં બાળકો માટે છે. એથી નાનાં બાળકો માટે અર્ધું પ્રમાણ ને બે વર્ષનાં બાળકો માટે એનાથી ય અર્ધું પ્રમાણ લેવું.

ઑક્ઝેલિક ઍસિડ: સાકર સમજીને બાળક ક્યારેક એના ગાંગડા ખાઈ જાય છે. એ વખતે મોં ગળું ને પેટમાં બળતરા, બોલવામાં મુશ્કેલી અને ઊલટી-ઝાડાનાં લક્ષણો જોવા મળે છે. ચહેરા ઉપર આની સ્પષ્ટ વેદના પથરાય છે. ઉપચાર: સવાશેર પાણીમાં બે મોટા ચમચા ભરી ચૂનો નાખી પાવું, પાણીમાં બેત્રણ ઈંડાંની સફેદી મેળવીને પાવી અગર બે મોટાં પવાલાં દૂધ પાવું કે અર્ધો શેર પાણીમાં એક ચમચાપુર મિલ્ક ઑવ મૅગ્નેશિયા કે બેકિંગ સોડા નાખી પાવું અને શરીરની ગરમી જાળવવા ધાબળા ઓઢાડી દેવા.

ઍસિડ કે અલ્કલી ખાધાની જાણ ન થાય કે યોગ્ય પ્રતિવિષ હાથવગું ન હોય તો પેટમાં ગએલું ઝેર હળવું બનાવવા પુષ્કળ દૂધ કે છેવટે ઠંડું પાણી પાવું. પછી માખણ દવાખાનામાં વપરાતું પૅરેફિન લિક્વિડ, ઑલિવ ઑઈલ કે તેલ યા રાબડી આપવાં, જેથી વેદના શમે. આ વખતે આઘાતની સ્થિતિ વધારે હોવાથી તેની સારવાર આપવાનું પણ ધ્યાન રાખવું.

મેથિલેટેડ સ્પિરિટ પીવાઈ જાય તો રાઈ નાખેલું પાણી પાઈ ઊલટી કરાવવી. ઊલટીમાં સ્પિરિટની વાસ આવતી બંધ થાય ત્યાં સુધી એ કરાવવી. ત્યાર બાદ સોડા બાય કાર્બવાળું પાણી કે દૂધ પાવાં. એ પછી ગરમ ચા, કૉફી કે સ્પિરિટ એમોનિયમ ઍરોમેટિક્સ પાવાં.

ધોવાનો સાબુ કે સોડા લેવાઈ જાય તો બે ત્રણ ઈંડાંની સફેદી પાણીમાં ઓગાળી પાવી, દૂધ પાવું, મોંમાં મધમાં ઓગાળેલો ટંકણખાર (બૉરેક્સ) લગાડવો.

કેરોસિન, પેટ્રોલ કે ડામરની ગોળી પેટમાં જાય તો ઊલટી, પેટમાં વેદના ને બેભાનાવસ્થા થાય છે. મોંમાંથી કેરોસિનની કે પેટ્રોલની વાસ પણ આવે છે. ઉપચાર: શરૂઆતમાં ઊલટી ન કરાવવી. તેનાથી ઝેરી પદાર્થ શરીરમાં શોષાવાની દહેશત રહે છે. શ્વાસાવરોધ હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા. તલનું કે મગફળીનું તેલ અગર તો આઈસ્ક્રીમ આપવા જેથી તેની શાંતિદાતા અસર રહે અને કેરોસિન આંતરડાંમાં શોષાતું અટકે. આંતરડાંમાંથી કેરોસિનની અસર હઠાવવા એનિમા આપવી કે વિલાયતી મીઠાનો જુલાબ દેવો, કડક કૉફી આપવી.

દીવાસળીનાં ટોપકાં ખાવાથી કે અન્ય રીતે પેટમાં ફૉસ્ફરસ જાય તો શ્વાસમાં લસણ જેવી વાસ આવવી, નસકોરી ફૂટવી, ઊલટી વગેરે ચિહ્નો જણાશે. ઊલટીમાં ફૉસ્ફરસ હોવાથી તે અંધારામાં ચમકે છે. ઉપચાર: મીઠું ઓગાળેલા હૂંફાળા પાણીથી અગર રાઈના પાણીથી ઊલટી કરાવવી. અથવા છ ઔંસ પાણીમાં ચપ્પુની અણી ઉપર આવે એટલું - દસ ગ્રેઈન મોરથૂથુ ઓગાળી પાવું. ફૉસ્ફરસ ઉપર મોરથૂથુ ફરી વળવાથી ફૉસ્ફરસ શોષાતું નથી. આ પછી હૂંફાળું પાણી પાઈ ઊલટી કરાવવી જેથી ફૉસ્ફરસ બહાર નીકળી જાય. બાર ઔંસ પાણીમાં એક ડ્રામ જેટલું હાઈડ્રોજન પેરોક્સાઈડનું દ્રાવણ પણ આપી શકાય. આમાંથી કંઈ ન થઈ શકે તો રાઇના પાણીથી ઊલટી કરાવ્યા બાદ ઇંડાંની સફેદી અગર લોટ ને પાણી ભેળવી પાવાં અને શરીરની ગરમી જાળવી રાખવી.

તમાકુ લેવાઈ જાય તો ઉબકા, ઊલટી, શ્વાસ ઘૂંટાવા ઉપરાંત આગળ વધતાં તાણો ને બેભાનાવસ્થા આવી પડે છે. ઉપચાર: રાઈના પાણીથી ઊલટી કરાવવી. અરધા ચમચાપુર ટૅનિક ઍસિડ મોટા પ્યાલા ભરેલા પાણીમાં નાખી પાવું. આનાથી ઊલટી થશે. ઉત્તેજક દવા પાવી અને શરીરની ગરમી જાળવવી.

બોરિક ઍસિડ લેવાઈ જાય ત્યારે ઠંડુંગાર શરીર, પેટમાં વેદના, ઝાડા-ઊલટી અને અશક્તિનાં ચિહ્નો જણાય છે. ઉપચાર: રાઈના પાણીથી ઊલટી કરાવી, ગરમ કડક કૉફી પાવી. સોડા બાય-કાર્બનું પાણી પાવું. શરીર ઉપર ગરમ ધાબળા ઓઢાડવા.

કપૂર: ચિહ્નો–મોંમાંથી કપૂરની વાસ આવે છે, પેટમાં લાહ્ય બળે છે અને શરીરની ખેંચ, તાણો ને મૂર્છાવસ્થા થાય છે. ઉપચાર: રાઈના પાણીથી ઊલટી કરાવવી, ગરમ કડક કૉફી પાવી, કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા, શરીરની ગરમી જાળવવી.

આયોડિન: ચિહ્નો–મોંમાંથી આયોડિનની વાસ આવે છે. પુષ્કળ તરસ લાગે છે. મોંમાં ને ગળામાં બળતરા થાય છે. ઝાડા અને ભૂરા કે પીળા રંગની ઊલટી થાય છે. ઉપચાર: પાણીમાં ઘઉંનો લોટ પલાળી પાવો. જ્યાં સુધી ઊલટીમાં ભૂરો રંગ દેખાય ત્યાં સુધી એ કરાવવી. તે પછી ઈંડાંની સફેદી આપવી કે સ્પિરિટ ઍરોમેટિક્સ પાવું. શરીરની ગરમી જાળવવી.


ઍસ્પિરીન: ચિહ્નો–ઉબકા, ચક્કર, કાનમાં અવાજ થવા, પુષ્કળ પરસેવો, ઝડપી ને ધીમી નાડી અને માનસિક ગૂંચવણ થાય છે. ઉપચાર: ઊલટી કરાવવી, સોડા-બાય-કાર્બ નાખેલું પાણી પાવું, ઉત્તેજક દવા આપવી.

અફીણ: ચિહ્નો–મોંમાંથી અફીણની વાસ આવે છે. તાણો સાથે બેભાનાવસ્થા થાય છે. ઉપચાર: રાઈના પાણીથી ઊલટી કરાવવી. ચપ્પુની અણી ઉપર આવે એટલું પોટાશ પરમેન્ગેનેટ લઈ સવાશેર પાણીમાં ઓગાળી પાવું, પછી ઊલટી કરાવવી. કડક કૉફી પાવી. રોગીને હલચલ કરાવી જાગતો રાખવો, પણ તે થાકી ન જાય તે જાળવવું. છાતી ગળું ને મોઢા ઉપર ભીના કપડાનાં પોતાં મારવાં. બેભાન રોગીને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા અને હૂંફમાં રાખવો.

ઝેરકચોલાં લેવાઈ જાય ત્યારે રોગીને તાણ આવે છે. બે તાણોની વચ્ચેના સમયમાં સવાશેર પાણીમાં ચપ્પુની અણી ઉપર આવે એટલો પોટાશ પરમેન્ગેનેટ, અરધો ચમચો ટૅનિક ઍસિડ ને અરધો ચમચો કોલસાનો ભૂકો ઓગાળીને પાવો. આમાંનું કોઈ એક જ દ્રવ્ય મળે તો તેનો પણ ઉપયોગ કરવો. એક અભિપ્રાય ઊલટી ન કરાવવાનો છે, કારણ કે તેનાથી તાણ આવે છે, પણ તાણોની વચ્ચેના સમયમાં કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા. ચા, કૉફી પાવાં નહિ.

ટર્પેન્ટાઇન પીવાઈ જાય ત્યારે શ્વાસમાં એની લાક્ષણિક વાસ આવે છે. ગળામાં ને પેટમાં લાહ્ય બળે છે. ઉબકા, ઊલટી, ચૂંક, ઝાડા, ઝડપી શ્વાસોચ્છ્વાસ તાણો ને બેભાનાવસ્થા થાય છે. ઉપચાર: રાઈના પાણીથી ઊલટી કરાવવી. મીઠાનો જુલાબ આપવો. ઈંડાંની સફેદી કે લોટને પાણી કે દૂધમાં ઓગાળી પાવાં. કૉફી કે સ્પિરિટ ઍમોનિયા ઍરોમેટિક્સ પાવાં. શરીરની ગરમી જાળવવી.

બિલાડીના ટોપમાં કેટલીક ઝેરી જાત હોય છે. એ ખવાઈ જાય ત્યારે પેટમાં અસહ્ય ચૂંક, ઝાડા અને ઊલટી થાય (અનુ. પૃ. ૪૫૮)



વિસ્તૃત સપાટ ભૂમિ અને હરિયાળુ એકાંત જોઈ એમાં આળોટવાનું સહેજે મન થાય. બિહારની આ ટેકરીઓ પણ એ જ રીતે ઢળતા તડકામાં રમવા ઊતરી લાગે છે.

પર્વતપ્રદેશનું સૌંદર્ય · ફોટો : આર. આર. ભારદ્વાજ





સૂર્યપ્રકાશના સાંજ-સવારના સ્પર્શથી અનેરું ગૌરવ ધારણ કરતા હિમાચ્છાદિત 'શિવલિંગ શિખર'નાં બે દૃશ્યો. એકનો ઝગમગાટ આસપાસના ટાઢાબોળ વાતાવરણમાં ઉષ્મા પ્રેરે છે તો બીજાનો ઝળહળાટ નવી તાજગી.
(બધા ફોટા ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સૌજન્યથી)

અતિ શીતળતા

લેખક · નાનાલાલ વસા

વિજ્ઞાનની દુનિયામાં ગરમીનું ઘણું મહત્ત્વ છે. ગરમીનું પ્રસરણ, ગુપ્ત ગરમી, ગરમીની અસરો વગેરે અંગે આપણે ઠીકઠીક જાણીએ છીએ, પરંતુ ગરમીના અભાવનું નવું ક્ષેત્ર એટલું જાણીતું નથી. પદાર્થ કેટલો શીતળ થઈ શકે ? ગરમી તો લાખો અંશ સુધી ઉત્પન્ન કરી શકાય છે. હાઇડ્રોજન બૉંબમાં તો સૂર્યની ગરમી જેટલી અનર્ગળ ગરમી પેદા થાય છે. પ્રયોગશાળામાં લાખો અંશ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન મેળવવાના પણ ઘણા અખતરા થયા છે.

પણ પદાર્થ એટલો શીતળ ન બની શકે. શીતળ થવાની એક મર્યાદા છે. ગરમી ઓછી થતી જાય, તેમ પદાર્થના અણુઓની ગતિ ઘટતી જાય. ધારો કે અણુની ગતિ સંપૂર્ણ બંધ કરી દઈ શકીએ તો પદાર્થ સંપૂર્ણ ઠરી જાય. એમાં ગરમીનો તદ્દન અભાવ હોય. આ થયું ઉષ્માહીન ક્ષિતિજ. એથી વધુ કશું જ ઠંડું થઈ ન શકે. વિજ્ઞાનીઓએ આનું માપ કાઢ્યું છે. '—૨૭૩.૧૬ અંશ' આ માપને ઉષ્ણતાનું માપ કહેવું એ બરાબર નથી. કારણ કે એ ઉષ્ણતા જ નથી. ગરમીની શૂન્યતા છે. અંગ્રેજીમાં આ માપને ઍબ્સોલ્યુટ ઝીરો ટેમ્પરેચર કહેવાય છે.

આ ગણતરી કરવાનું ફાવે એટલા માટે સેન્ટીગ્રેડ કે ફેરનહીટને બદલે હવે કેલ્વિન અંશથી ઉષ્ણતામાન માપવામાં આવે છે. સંશોધનના ક્ષેત્રમાં આનો ઉપયોગ થાય છે. –૨૭૩·૧૬ અંશ સેન્ટીગ્રેડને ૦ અંશ કેલ્વિન (એ નામના પ્રોફેસરે કરેલી શોધ પરથી નામાભિધાન થયું છે) તરીકે ઓળખાય છે. એટલે –૨૭૨·૧૬ સેન્ટી. ઉષ્ણતામાનને આપણે ૧ અંશ કે. તરીકે ઓળખીએ છીએ.

હજી સુધી વિજ્ઞાન પૂર્ણ શૂન્ય અંશે પહોંચી શક્યું નથી. ખાસ સાધનોથી લગભગ તેની નજીક જઈ શક્યું છે. હિલિયમ જેવો જડ વાયુ ૪.૨ અંશ કે. સુધી ઠારી શકાય છે. તેનું બાષ્પીભવન કરીને છેક ૧° કે. સુધી પહોંચાયું છે. અણુના પ્રોટોનની ધ્રુજારી ઓછી કરવામાં ચુંબકત્વનો ઉપયોગ કરવામાં આવે છે, અને એ પદ્ધતિથી તાજેતરમાં ·૦૦૦૧ અંશ સુધી ઉષ્ણતામાન નીચું ઉતારી શકાયું છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ આ નોંધપાત્ર છે કે હૂંફને સીમા નથી, ઠંડીને મર્યાદા છે.

ભારે શીતળતામાં કેટલીક વિચિત્ર ઘટનાઓ બને છે. આ વિચિત્રતાના જાતજાતના પ્રયોગો કરીને નવી જ દિશાઓ ખોલી શકાઈ છે. સૌથી મહત્ત્વની ઘટના સુપર કન્ડક્ટરની છે. કેટલીક ધાતુઓ અતિ ઠંડી બની જાય ત્યારે વીજળીના પ્રવાહને અવરોધ વિના વહેવા દે છે.

આ શોધે અદ્ભુત શક્યતાઓ ઊભી કરી છે. વીજળીનો ભારે મોટો પ્રવાહ તદ્દન ઝીણા તાર મારફત લઈ જવાનું આ રીતથી સુગમ પડશે. હાલ વીજળીઘરથી મોટો પ્રવાહ લઈ જવા જાડા કેબલ વપરાય છે. છતાં તાર થોડા ગરમ થાય છે અને વીજળીનો પ્રવાહ થોડો વપરાઈ જાય છે. ખૂબ જ ઠંડી પરિસ્થિતિમાં ઝીણા તારમાં જતી વીજળી વપરાતી નથી. આમ ત્રેવડો ફાયદો થાય છે : તારની ધાતુ બચે છે, એના માટે ઊભાં થતાં બાંધકામોનો ખર્ચ બચે છે અને વીજળી બચે છે. અલબત્ત અતિ શીતળતા ઉત્પન્ન કરવામાં બાંધકામ વગેરેનું થોડું ખર્ચ વધે છે, પરંતુ તે છતાં સરવાળે લાભ રહે છે.

અતિ શીતળ કોઇલમાં વીજળીનો જરા પ્રવાહ દાખલ કર્યા પછી એ પ્રવાહ કાયમી રહે છે અને તે શૂન્ય બનતો નથી. આ ગુણને કારણે મોટાં પ્રબળ કાયમી લોહચુંબકો બનાવવાનું સહેલું છે.

આ ગુણ અવકાશયાનમાં ખૂબ ઉપયોગી થઈ પડે છે. આંતરગ્રહ મુસાફરી દરમ્યાન અવકાશની ઠંડીનો ઉપયોગ ચુંબકીય આવરણ પેદા કરવામાં થાય છે. જેમ પૃથ્વીનું ચુંબકીય આવરણ આપણને બહારનાં ઘાતક કિરણોથી બચાવે છે, તેમ અવકાશયાનના પ્રવાસીને ઘાતક અવકાશી કિરણોત્સર્ગમાંથી એનું ચુંબકીય આવરણ બચાવી શકશે.

અતિ શીતળતાથી ઉત્પન્ન થતી વીજળીની પૂર્ણ વાહક શક્તિના જાતજાતના ઉપયોગો શોધાઈ રહ્યા છે. વીજળીની શીતળ મોટર બનાવવાનો અખતરો સફળ થયો છે. અત્યારની મોટર કરતાં તેવી મોટર વજનમાં માંડ દસમા ભાગની હોય છે. તે હજારો હોર્સપાવર શક્તિ પેદા કરે છે. ખાસ કરીને તદ્દન ઓછા પરિભ્રમણવાળી મોટર બનાવવાનું આ રીતમાં સુગમ છે. જહાજો વગેરેમાં આવી મોટરો લોકપ્રિય બનશે.

ઉચ્ચ પ્રયોગશાળાઓમાં વિદ્યાર્થીઓને તરતા લોહચુંબકનો મનોરંજક પ્રયોગ બતાવવામાં આવે છે. ૭ અંશ કેલ્વીનના ઉષ્ણતામાનમાં રખાએલી સીસાની રકાબી પર થોડે ઊંચે ચુંબક લાવવામાં આવે છે, અને ત્યાં જ છોડી દેવામાં આવે છે. રકાબીમાં વીજળીનો ઉત્પન્ન થએલો પ્રવાહ અવરોધ ન હોવાને કારણે કાયમ રહે છે. પરિણામે ચુંબક અપાકર્ષણને લીધે રકાબી ઉપર અધ્ધર જ તરે છે.

અતિ શીતળતાને લીધે બનતી બીજી આશ્ચર્યકારક ઘટના પ્રવાહી પરની અસર છે. પ્રવાહી હિલિયમને બાષ્પીભવનથી છેક ૧·૫ અંશ કે. સુધી ઠંડું બનાવીએ, ત્યારે ગુરુત્વાકર્ષણના નિયમને જાણે કે તે પાળતું નથી. ભરેલા વાસણમાં એક ખાલી ટેસ્ટ ટ્યૂબ મૂકવામાં આવે, તો વાસણનું પ્રવાહી ટેસ્ટ ટ્યૂબની દીવાલો પરથી ટ્યૂબમાં દાખલ થાય છે. બન્ને પ્રવાહીની એક સપાટી થાય ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહે છે. અથવા જરા ઉપર રખાએલા વાસણનું પ્રવાહી આપમેળે નીચેના વાસણમાં દીવાલની મદદથી આવી જાય છે.

આ વિશિષ્ટતા કઈ રીતે ઉપયોગી થઈ શકે, તેનું સંશોધન ચાલુ છે. વળી, આટલી ઠંડીમાં રાખેલાં ફળફૂલ પથ્થર જેટલાં કઠણ થઈ જાય છે, એટલું જ નહિ પણ હથોડો મારતાં તેના ટુકડા થાય એવાં બરડ બને છે. અતિ શીતળતાનો ખ્યાલ આપણને કલ્પનાથી ન આવે. ઠંડી વિષેની આપણી માન્યતા આપણી સ્પર્શેન્દ્રિય પર આધારિત છે. આપણા દાંત કડકડ બોલે તો આપણને બહુ ઠંડી લાગે. શિયાળામાં અમદાવાદ વડોદરા, પાલણપુર, ડીસાની ઠંડીને આપણે સીતમ ઠંડી માનીએ. ભુજ કે નાળિયામાં તો લગભગ બે અંશ સેન્ટીગ્રેડ થાય, ત્યારે તો અનુભવનારનાં ગાત્રો શિથિલ થાય. ઉત્તર ધ્રુવમાં –૮૧° ફે. અને સાઈબિરિયામાં –૯૦ અંશ ફે. ઉષ્ણતામાનની કલ્પના જ કરવી રહી. (આપણી ભૂગોળમાં સાઈબિરિયાને પૃથ્વીના ઠંડામાં ઠંડા સ્થળ તરીકે વર્ણવેલું છે. પણ દક્ષિણ ધ્રુવમાં –૧૨૭° ફે. ઉષ્ણતામાન નોંધાયું છે.)

ઑક્સિજન પદાર્થોમાં એવું પણ બને છે જેનો મર્મ હજી સમજાયો નથી, હિલિયમને વધારે પડતો ઠાર્યા પછી તેમાંથી અવાજનાં મોજાંને મળતાં આવે એવાં ગરમીનાં મોજાંઓ નીકળે છે. આ મોજાંને વિજ્ઞાનીઓ 'સેકંડ સાઉન્ડ' તરીકે ઓળખે છે.

અતિ શીતળતા એટલે ગરમીનો કે ચેતનાનો અભાવ, એવું પહેલાં મનાતું. અણુની ધ્રુજારી બંધ થઈ જાય પછી રહે શું ? આજે અતિ શીતળતાને ચેતનાનો અભાવ નથી મનાતી. એમાં તો ભારોભાર શક્યતાઓ ભરી છે. પદાર્થવિજ્ઞાનની એ એક નવી શાખા છે. અતિ શીતળતાથી અણુ ભલે સ્થિર બને. વ્યવહારમાં તો સક્રિયતા જ આવશે.

તિલકકામોદ

સાધુરામ ન્યામતરાય ચોધ

સુરસંગત રાગવિદ્યા સંગીત પ્રમાણ
જાકો કંઠ કર બતાવે, વા કો જાની યે ગુણી જ્ઞાની

અંતરા

અણુદ્રુત લઘુ ગુરુ પ્લુત તાલ મૂલ પ્રમે રાખિયે
સંગતસોં અછર સુધ બાની

રૂપકતાલની આ ચીજ દરેક સંગીત-રસિકે સાંભળવા જેવી છે. તિલક-કામોદ રાગનું લાક્ષણિક સ્વરૂપ આ ચીજમાં દેખાય છે. તિલકકામોદમાં ધ્રુપદ, ધમ્માર કે ખ્યાલ ગવાતા ભાગ્યે જ સાંભળવા મળે છે. આગ્રા-ઘરાણાનાં ગાયકો તેનો ખ્યાલ કોઈ કોઈ વાર ગાય છે, પરંતુ આ રાગ ગંભીર પ્રકૃતિનો નથી, તેમજ તેનું સ્વરૂપ ક્ષુદ્ર ગીતો માટે અનુરૂપ છે તેવી માન્યતા સામાન્યરીતે ગાયકો ધરાવે છે. પણ તેથી આ રાગમાં રંજકતા ઓછી છે કે એ જનપ્રિય નથી એમ માનવાને કોઈ કારણ નથી. આપણી ઉત્તર હિંદુસ્તાની સંગીત પદ્ધતિમાં દેસ, તિલકકામોદ, કાલિંગડા પિલુ, ખમાજ, તિલંગ, ગારા વગેરે રાગો ખ્યાલ ગાયનને અનુરૂપ ગણાતા નથી. તેમાં ઠુમરી, દાદરા, ભજન તેમજ ગીતો જેવી શબ્દ-રસ પ્રચૂર તથા સરળ રચનાઓ વિશેષ ગવાય છે અને એ ખૂબ લોક-પ્રિય પણ થએલી છે. આવા રાગોને ક્ષુદ્ર ગીતાર્હ રાગો કહેવામાં આવે છે છતાં તેમાં મધ્ય ત્રિતાલ, ઝપતાલ, સુલતાલ વગેરેમાં ગીતરચનાઓ પણ ઘણી છે.

તિલકકામોદ આવો જ એક રાગ છે. તેમાં વિવિધ ઠુમરીઓ તથા ઝપતાલ રૂપક કે તિનતાલની મધ્યલયમાં ગવાએલી ઘણી મનોરમ ચીજો સાંભળવા મળે છે. જોકે ઝપતાલ, ધમ્માર વગેરેમાં ચીજો પણ મળે છે ખરી. તિલકકામોદની આ એક મશહૂર ચીજ પણ સાંભળવા જેવી છે—

ત્રિતાલ મધ્યલય

અસ્થાયી

દુઃખવા મંય કાસે કહું મોરી સજની
તરફ તરફ નિકસો જાત જિયા પિયા બિન
કલ નાહિ પરે એક ઘરિ પલ છિન

અંતરા

ના જાનૂં કૌન દેસ બિલમ રહે
પ્રેમદાસ કૌન સોતન બૅરન ઘર
એરી સખી મે હે તરફ તરફ બીતી રતિયા તારે ગિન ગિન.

તિલકકામોદ ખમાજ મેલજન્ય રાગ છે. ખમાજ મેલજન્ય રાગો બે મુખ્ય અંગોમાં વહેંચાએલા છે. એક ગાંધાર-નિષાદ સ્વર સંગતિ વ્યક્ત કરતું ખમાજ અંગ, જે ઝિંઝોટી, ખમાજ, તિલંગ, રાગેશ્વરી, ખંબાવતી, ગારા વગેરે રાગોમાં પ્રકટ થાય છે તથા બીજું દેસ અંગ, જે દેસ, સોરઠ, તિલકકામોદ, જયજયવન્તી વગેરે રાગોમાં પ્રગટ થાય છે.

તિલકકામોદમાં દેસ-સોરઠ અંગ 'રે મ પ' એ સ્વરો લેવાથી પ્રગટ થાય છે. આ રાગને ષાડવ સંપૂર્ણ જાતિનો રાગ માનવામાં આવે છે. કારણ તેમાં આરોહમાં ધૈવત સ્વર વર્જ્ય છે. અવરોહ સંપૂર્ણ હોવા છતાં તેમાં 'સાં નિ ધ પ' જેવી સીધી તાન લેવામાં આવતી નથી. તિલકકામોદની ખૂબી તેના વક્ર ચલનમાં રહેલી છે. આ રાગમાં 'પ નિ઼ સા, રે ગ સા નિ઼' એ સ્વરો રાગ વાચક છે તેમજ તેનાથી દેસ તથા સોરઠની છાયા દૂર થાય છે. સીધું જ 'નિ સા રે મ પ' એ દેસનું અંગ ગાયકો લેતા નથી. ક્વચિત્ 'ધ નિ ધ પ' જેવા સ્વરો લઈ અવરોહમાં કોમલ નિષાદનો પ્રયોગ પણ થાય છે. તિલકકામોદમાં નિયમિત કોમલ નિષાદનો પ્રયોગ કરવાથી 'બિહારી' નામનો પણ એક રાગ બને છે એમ માનવામાં આવે છે. ઉત્તર ભારતમાં તિલકકામોદમાં

રાગ તિલકકામોદ

परि संवादीषादी हैं चढ्त न धैवत गात।
वक्र रिखब सोरटहिसें तिलक्कमोद सुहात॥

(ચંદ્રિકાસાર)

ખમાજ થાટમાંથી ઉત્પન્ન થએલા આ રાગનું સ્વરૂપ ઘણે સ્થાને દેસ અને સોરઠ રાગને મળતું આવે છે. ઉત્તર ભારતમાં આ રાગ હમેશાં કોમળ નિષાદ વર્જ્ય કરીને ગાવાનો રિવાજ છે. આથી એ દેસ અને સોરઠથી અલગ તરી આવે છે. આ રાગનું સ્વરૂપ ક્ષુદ્ર ગીતાર્હ ગણાય છે. એનું ચલન વક્ર હોઈ એમાં અધિક વિલક્ષણતા પ્રકટે છે. આ રાગમાં કોમળ નિષા-દના ઉમેરણથી 'બિહારી' નામનો રાગ પ્રકટતો હોવાનું ઘણા ગાયકો માને છે, પણ પ્રચારમાં બંને નિષાદ સાથે આ રાગ સાંભળવા મળતો હોઈ એ પ્રયોગ પણ ઇષ્ટ માનીશું. આ રાગ-ના અવરોહમાં 'સાં નિ ધ પ' એવી સીધી તાન લેવાતી નથી.

રાગની જાતિ: ષાડવ-સંપૂર્ણ

વાદી-સંવાદી: ઋષભ-પંચમ

ગાવાનો સમય: રાત્રિનો બીજો પ્રહર

આરોહ-અવરોહ

સા રે ગ સા, રે મ પ ધ મ પ સાં

સાં પ ધ મ ગ, સા રે ગ, સા નિ઼

પકડ

પ નિ઼ સા રે ગ, સા, રે પ મ ગ, સા નિ઼

તિલકકામોદની કેટલીક શ્રવણીય રેકૉર્ડ્સ

૧ 'દુઃખવા મેં કાસે કહું મોરી સજની' (એચ. એમ. વી.) –ગાયક: ભીષ્મદેવ ચટ્ટોપાધ્યાય
૨ 'તીરથ કો સબ કરે' (કૉલંબિયા) –ગાયક: ગાયનાચાર્ય રામકૃષ્ણબુવા વઝે
૩ 'સકલ દુઃખ હરન આજ' (કૉલંબિયા) –મોધુબાઈ કુર્ડીકર
૪ 'નીર ભરન કૈસે જાઉં' (એચ.એમ.વી) –નારાયણરાવ વ્યાસ

આ ઉપરાંત, મૂળ હિંદી પરથી મરાઠીમાં બાલ ગંધર્વે ગાએલાં આ ત્રણ મનોરમ પદ પણ જરૂર સાંભળવા જેવાં છે:

૧ 'મમ સુખાચી ઠેવ દેવા' (એચ. એમ. વી. No. P. 5049)
૨ 'પ્રણતનાથ રક્ષિ કાંત' (એચ. એમ. વી. P. 4686)
૩ 'નૂરલે માનસ ઉદાસ' (ઑડીઅન S. A. 3031)

તિલકકામોદનાં આ ઉત્તમ ઉદાહરણો છે, એમાં યે મોધુબાઈ તથા બાલ ગંધર્વે ગાએલી ચીજો સર્વોત્તમ છે.

ફિલ્મ 'અનુરાધા'માં પંડિત રવિશંકર આયોજિત લતા મંગેશકરે ગાએલું ગીત 'જાને કૈસે સપનોંમેં ખો ગઈ અખિયાં' પણ તિલકકામોદનો ભાસ કરાવે છે, પણ એની સ્વરરચના આ રાગનું ઉત્તમ રૂપ દર્શાવતી નથી.

કેવળ શુદ્ધ નિષાધ લેવામાં આવે છે જેથી પણ દેસ તથા સોરઠ રાગથી તે અલગ પડે છે. તિલકકામોદ રાત્રિના બીજા પ્રહરમાં ગવાય છે. તિલકકામોદનું આરે હાવરોહ સ્વરૂપ નીચે મુજબ છે.

સા રે ગ સા, રે મ પ ધ મ પ સાં ।
સાં પ ધ મ ગ, સા રે ગ, સા નિ ॥

આ રાગનું નામ તિલકકામોદ કેમ પડયું એ અસ્પષ્ટ છે. દેશ કે સ્થાનના નામ પરથી સોરઠ, ગુર્જરી, જોનપુરી, મુલતાની જેવાં નામ પ્રચલિત છે તે તો આપણે જાણીએ છીએ. તિલકકામોદમાં આવું તો કાંઈ દેખાતું નથી જ તેમ તેને 'કામોદ' રાગ સાથે પણ કંઈ લેવા-દેવા નથી. તિલકકામોદનું તમામ આકર્ષણ નિષાદ સ્વર પર અવલંબે છે. 'પ નિ સા' એ સ્વર સમુદાય કાને પડતાં જ તિલકકામોદનો આભાસ થાય છે. પછી ગાયક જ્યાં 'સા રે ગ, સા નિ, પ નિ સા રે ગ સા' એ તાન લેવી શરૂ કરે કે તરત તિલકકામોદ સ્પષ્ટ થાય છે. દેસ, સોરઠનું અંગ દૂર કરવા ગાયક 'નિ સા રે મ પ' એ અંગ આ રાગમાં લેતા નથી. ઉપરાંત, અવરોહમાં ઋષભ સ્વર વક્ર રૂપમાં લઈ 'રે ગ સા નિ' એ સ્વરો વારંવાર ચમકાવે છે જેથી દેસ કે ખમાજની છાયા પડતી નથી. ગાંધાર-નિષાદની ખમાજની સ્વરસંગતિ તિલકકામોદમાં લેવાતી નથી. તદુપરાંત 'ગ, મ પ ધ, નિ સા' જેવું ખમાજનું અંગ ન દર્શાવતા 'રે મ પ સાં, પ ધ મ', અથવા 'પ નિ સા' એ અંગ ગાયક અદ્ભુત કૌશલ્યથી લઈ અવરોહમાં ફરીથી 'સાં પ ધ મ ગ, સા રે ગ સા નિ' એ સ્વરાંગ લઈ તિલકકામોદનું રૂપ રજૂ કરે છે. આ રાગની જલદ તાનોમાં ઘણી વાર રાગરૂપ ભ્રષ્ટ થઈ જવા સંભવ છે, કારણ ગાયક 'ગ મ પ ધ નિ સાં' જેવી ફિરત લેવા આકર્ષાય છે. ગાયકોએ રાગ-ગાનમાં તાનબાજી કરવી જ જોઈએ એ રૂઢ વલણથી સંગીતને હાનિ થઈ છે એમ મને લાગે છે.

કેટલાય રાગો કેવળ આલાપ તથા ધીમી લયમાં ગવાય તો એ ખૂબ જ ચમત્કારિક અસર નીપજાવે છે. તોડી, લલિત, ભૈરવ તથા મિયાંકી મલ્હાર વગેરે આલાપી રાગોમાં જલદ લયની ફિરત ઓછી કરવી જોઇએ. સ્વરાલાપ તથા ધીમી લયના ગાયનથી તેના રાગાંગ વ્યક્ત કરતા સ્વરો પર ન્યાસ (મુકામ) કરવાથી આ રાગોનું ગાન વધુ શોભી ઊઠે છે.

તિલકકામોદ ગાવા માટે બહુ વિલંબિત આલાપ કરવાની જરૂર નથી એમ સારાસારા ગાયકો માને છે. તિલકકામોદ તથા બિહાગના શુદ્ધ નિષાદ સ્વરમાં ખૂબ માધુર્ય અને વિલક્ષણતા રહેલી છે. એટલે સીધો મંદ્ર નિષાદ લઈ ષડજ પર મુકામ કરો. પછી 'રે ગ' સ્વરો લગાવો. અને ગાંધાર પરથી ફરીથી ષડ્જ પર મુકામ કરી, ત્યાંથી સીધો મંદ્ર નિષાદ લઈ પંચમ પર ઊતરી, 'પ નિ સા' એ સ્વરો ખૂબ અદાથી લો. આટલા સ્વરો તિલકકામોદની સ્વરછાયા તરત જ ઊભી કરશે. ધીમેધીમે 'પ નિ સા રે ગ સા, રે મ પ, ધ મ ગ, સા રે ગ સા નિ', આ સ્વરો હલકથી લેતાં તિલકકામોદ પ્રત્યક્ષ થશે. તેના અંતરામાં 'મ પ સાં' અથવા 'પ નિ સાં' આ સ્વરો લાક્ષણિક ગણાય છે. ત્યાર બાદ 'મ પ સાં, સાં, પ નિ સા, સાં રે ગ સાં, સાં પ ધ મ ગ, પ ધ નિ ધ પ, મ ગ, સા રે ગ સા નિ, પ નિ સા રે ગ સા' આવી સ્વરતાનો લેવાથી તિલકકામોદ સુંદર સ્વરૂપમાં ઝળકી ઊઠશે. હવે તમે તેના આરોહાવરોહ સ્વરૂપ મુજબ આલાપ બઢત વગેરે કોઈ યોગ્ય ગુરુ પાસેથી મેળવી તિલકકામોદ સારી રીતે ગાઈ શકશો.

ગયા માસના અંકમાં રાગ ભીમપલાસના આરોહમાં છાપભૂલ છે, ત્યાં 'નિ સા ગ મ, પ, નિ સાં' એમ જોઈએ.

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃ. ૪૪૦થી

૩૯૨ ભોગીન્દ્રરાવ અને કવિ નાનાલાલ

ભોગીન્દ્રરાવનું નામ તો મારા મિત્રમંડળમાં તેમણે લખેલી 'ઉષા-કાન્ત' વગેરે નવા યુગની રસપ્રદ મૈત્રીભાવના તથા દામ્પત્યભાવના નિરૂપતી નવલકથાઓ વાંચીને જાણીતું બન્યું હતું. ત્યાર પછી મનહર બિલ્ડિંગમાં મારા મિત્ર પરમાનંદ 'સુહૃદ સભા'ઓ કરતા તેમાં તેમનો પ્રથમ પરિચય થએલો તે વખતે તેમણે બાળસાહિત્ય સચિત્ર કરવા મારી સાથે કેટલીક વાતો કરેલી. તેઓ સાન્ટાક્રુઝમાં 'વ્હીલરવિલા'ના નીચલા બ્લૉકમાં રહેતા હતા. પણ કોઈને ત્યાં આવતાજતા જણાતા નહિ. કવિ નાનાલાલ પોતાની ભત્રીજી ભાનુબેનને ત્યાં સાન્ટાક્રુઝ આવતા ત્યારે ભોગીન્દ્રરાવની બાજુના બ્લૉકમાં રહેતા બવેંને ત્યાં, જતા, પણ બાજુમાં જ રહેતા ભોગીન્દ્રરાવ સાથે સંબંધ રાખતા હોય તેમ લાગ્યું નહોતું, એટલે ઘણી વાર તેમને ત્યાં જઈ ચડતો ત્યારે ભોગીન્દ્રરાવનું ઘર છોડી હું પણ નીકળી જતો. છતાં સ્ટેશન પર જતાં-આવતાં ભોગીન્દ્રરાવ સાથે મારે વાતચીતનો વ્યવહાર વધેલો. આમાં પણ નિમિત્ત 'વીસમી સદી' જ હતું. તેનાથી અહીંના ભદ્ર લોકમાં મારા વિષે કોઈ વિશિષ્ટ છાપ પડી હતી.

એક વાર હું બવેંના ઘરમાંથી નીકળ્યો ત્યારે મને જતો જોઈ ભોગીન્દ્રરાવે પોતાના નાના બાળકને મોકલી મને ઘરમાં બોલાવ્યો. તેમની વાતો પરથી લાગ્યું કે સાન્ટા-ક્રુઝમાં જેઓ વસે છે તેઓ કાં તો નવા સુધારાલક્ષી છે અથવા શ્રીમંતાઈનો ઘમંડ રાખે છે, એટલે તેમની જોડે તેમને ફાવતું નથી. વાતવાતમાં જાણ્યું કે કવિ નાનાલાલ અહીં પડોશમાં આવેજાય છે પણ તેમના ઘેર ડોકાતા નથી કે પૂછગાછ કરતા નથી એટલે કવિના મનમાં આવું અંતર રાખવાનું શું કારણ છે તે સ્પષ્ટ કરી સંબંધ સરળ કરવામાં મારે સહાય કરવી એવી પોતાની ઇચ્છા જણાવી, મેં કહ્યું હું તો નાનો માણસ છું, પણ હું હાજીમહ-મદને વાત કરીશ. તેમને પણ એ વાત ગમી.

મેં હાજીને ભોગીન્દ્રરાવનો સંતાપ જણાવ્યો એટલે પ્રસંગ મળતાં તેમણે કવિને એ વિષે કહ્યું, એટલે કવિ તો તેમની રીતે ખડખડાટ હસ્યા : 'અરે ભાઈ, કાલે મળીએ. મારા મનમાં તો કાંઈ જ નથી.' હાજીએ દિવસ ઠરાવી મારી મારફત ભોગીન્દ્રરાવને પોતાને ત્યાં આમં-ત્રણ આપ્યું. ઠરાવેલી સવારે ભોગીન્દ્રરાવને લઈ હું હાજીના માળ પર ગયો ત્યારે કવિ ત્યાં આવી ગયા હતા. ઊભા થઈ બંનેએ હાથ મિલાવ્યા. હાજીએ ચાનાસ્તો મંગાવ્યાં અને એ બંને જણને સુખથી વાતો કરતા જોઈ હું અને હાજી પ્રસન્નતા પામ્યા.

ત્યાર પછી ભોગીન્દ્રરાવની મમતા મારા પર વધી અને મુંબાઈથી વળતાં સાંજના સમયે હું ઘણી વાર તેમની પાસે રોકાતો તેમનાં પત્ની અને બાળકો પણ મને આદર આપતાં. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



પચ્ચીસ વર્ષ પહેલાંના અંકોમાં આવી ગએલી એક રસમય ચિત્રમાળા: પૃથ્વી પર પહેલવહેલી સૃષ્ટિની શરૂઆત આજથી ત્રણ કરોડ વર્ષ ઉપર થઈ ત્યારથી માંડીને તેના ક્રમવિકાસના આઠ યુગનાં પાંચ ચિત્રો આ સાથે આપ્યાં છે. પૃથ્વીની એ પ્રાથમિક દશા આજથી ત્રીસ લાખ વરસ પર પૂરી થઈ. એ દરમિયાન પાણીમાં એક કોષવાળા છોડ અને જલજીવ પછી શરીર બહાર હાડકાંનાં કઠણ કોટલાં-વાળા જીવ અને દરિયાઈ ઘાસ તથા શેવાળનો વિકાસ થયો. એ કૅમ્બ્રિયન અને ઑર્ડોવીશિયન પછીના સિલુરિયન યુગમાં કરચલા, દરિયાઈ વીંછી ને મોટાં મત્સ્યો તથા ફર્ન જેવી વનસ્પતિ વિકસી. પછીના ડેવોનિયન યુગમાં માછલાંનો વિકાસ થયો. (ચિત્ર ૧) દરિયાઈ વનસ્પતિ-ના પણ પ્રકાર ને પ્રમાણ વધ્યાં. કિનારા પર પણ વનસ્પતિ વધુ વિકસી. એ પછી કાર્બોનિફેરસ યુગમાં (ચિત્ર ૨) ધરતીનું બંધારણ દઢતર થયું. ગંજાવર વૃક્ષો ફાલ્યાં, ને મબલખ વનસ્પતિ વિકસી. કાનખજૂરા જેવાં જીવો, પ્રચંડ વીંછી, મહાકાય કરોળિયા ને 'રકેટ' જેવા મત્સ્યો સાથે ખાસ તો ગરોળી ને કાકીડાના આકાર-નાં જળ-સ્થળ-ચર પ્રાણીઓ વિકસ્યાં. તે પછી 'પર્મિયન યુગ' (ચિત્ર ૩)માં પહેલી નક્કર ભૂમિ સર્જાઈ, જમીન પર પેટે ચાલનારાં પ્રાણીઓનો વિકાસ થયો. ફળવાળી વનસ્પતિ વિકસી.














પછીના 'ટ્રિયાસિક યુગ' (ચિત્ર ૪)માં કરોડવાળાં અને જમીન પર રતનવાળાં પ્રાણી થયાં. 'જ્યુરાસિક યુગ' (ચિત્ર ૫)માં પેટે ચાલનારાં ને પગે ચાલતાં કરોડવાળાં રાક્ષસી પ્રાણી–ડીનોસૉર્સ આવ્યાં. જેમાં અતિ લાંબા 'ડિપ્લોડોક્સ' પણ હતાં. તેઓ વનસ્પત્યાહારી અને માંસાહારી બંને જાતનાં હતા. જંગી મગરો, મહાકાય ઊડતી ગરોળીઓ અને પહેલું પંખી 'આર્કીઓપ્ટેરિક્સ' પ્રકટ્યું, તે પછી 'ઇઓસિન યુગ' (ચિત્ર ૬)માં આજની જીવસૃષ્ટિના આદિ વડવાઓ પ્રકટ્યા. પેટે ચાલનારાં જંગી પ્રાણીઓ નામશેષ થયાં અને આંચળવાળાં પ્રાણીઓ મબલખપણે પ્રકટી ઊઠ્યાં, ચિત્રને નીચલે જમણે ખૂણે દેખાય છે તે આજના ઘોડાનો આદિ વડવો હાઇરેકોથેરિયમ પ્રગટ્યો. એ કૂતરા જેવડો જ હતો. નીચલે ડાબે ખૂણે વાઘ જેવી પૂંછડીવાળા ક્રીનોડોડસમાં હરણ, ડુક્કર, તાપીર, ઘોડો અને વાંદરો એ બધાના વત્તા-ઓછા અંશ હતા! તેના ઉપર આજના ગેંડાના વડવા જેવાં, બે શીંગડાંવાળાં પ્રાણીઓ દેખાય છે તે ઍમ્બ્લીપૉડ અને આર્સીનૉઇથેરિયમ. હાથીના બે વડવા એ સમયે થયા હતા; એક ઉપલે ડાબે ખૂણે જણાય છે એ મોએરીથેરિયમ, જે એક કાળે તો ત્રણેક ફૂટ ઊંચો હતો; અને બીજો તેનાથી બમણો મોટો પોલિયોમાસ્ટડોન. એને નાના દંતૂશળ હતા, અને સૂંઢ પણ એ વખતે ટૂંકડી હતી. આજના જંગલી ભૂંડ કરતાં યે મોટાં ભૂંડ એ વખતે થતાં; હાથીના વડવાની નીચે ઇલોથેરિયમ નામનો એનો વડવો ઊભેલો જણાય છે. મગરો, ગરોળીઓ અને સાપ તો ટકી જ રહ્યા હતા, અને આજની શાર્ક જેવા મોટા મત્સ્યો પણ પ્રવર્તમાન હતા. વનસ્પતિમાં પણ આજની લગભગ બધી વૃક્ષસૃષ્ટિ એ યુગમાં ફાલી ઊઠી હતી.



દરિયાખેડના ઇતિહાસમાં ઈ. ૧૪૯૨ની સાલ બહુ મહત્ત્વની છે. એ વર્ષે હિંદુસ્તાન શોધવા નીકળેલો કોલંબસ અમેરિકા પહોંચ્યો હતો.

આજે આપણે જાણીએ છીએ કે ઉત્તર અમેરિકાને પૂર્વ કાંઠે એથી યે અગાઉ વાઈકિંગો પહોંચેલા, પણ તેઓ ત્યાં વસ્યા નહિ. અને યુરોપમાં એમની એ સફરોની જાણ પણ બહુ જ ઓછી હતી. કોલંબસ માનતો હતો કે પૃથ્વી ગોળ છે અને એટલે જો પશ્ચિમમાં જ આગળ વધવામાં આવે તો એ માર્ગે પૂર્વમાં પહોંચાય ખરું. એ કાળે યુરોપમાં પૂર્વની એટલે કે હિંદુસ્તાનની સમૃદ્ધિનું અત્યંત આકર્ષણ હતું. પણ કોલંબસના ખયાલને કોઈએ ટેકો આપ્યો નહિ. અંતે સ્પેઈનની રાણી ઈસાબેલા અને રાજા ફર્ડિનાન્ડે 'સાન્ટા મારિયા' (જુઓ ચિત્ર), 'નિના' અને 'પિન્ટા' નામે ત્રણ વહાણો આપ્યાં. નાનાં છતાં લાંબી સફર ખમી શકે એવાં મજબૂત એ વહાણોમાં અઢી મહિના સુધી દરિયો ખેડી તે આજના બહામા ટાપુઓમાં પહોંચ્યો. જોકે કોલંબસ મરતાં સુધી એને હિંદુસ્તાન જ સમજેલો. અને એટલે જ એણે ત્યાંના આદિવાસીઓને 'ઇન્ડિયન્સ' તરીકે ઓળખાવેલા.

કોલંબસ પાસે નૌસંચાલનમાં ઉપયોગી બે જ સાધનો હતાં. એક 'કંપાસ'-દિશા જોવા માટે ને બીજું 'ઍસ્ટ્રોલૅબ', એનાથી અક્ષાંશનો ખયાલ મેળવાતો. ત્યારના નાવિકો પાસે રેખાંશ જાણવાનું કોઈ સાધન નહોતું. વહાણની ગતિ માપવા કોલંબસ મોરા પાસેથી તરી શકે તેવો કોઈ પદાર્થ પાણીમાં નાખતો. એ પદાર્થ પાસેથી વહાણનો પાછલો છેડો પસાર થતાં જે સમય લાગે તે અને વહાણની લંબાઈના આધારે એ વહાણની ગતિ નક્કી કરતો. અને એ માટે પોતાની નાડીના ધબકારા ગણીને તે સમય માપતો.



આપણી સામે ચાલ જેવી હોય, આપણી તેવી મરડ,
ઊજળો દા'ડો હોય કાળો અંધાર,
ચારે ગમ મોતની ડણક,
આપણો યે ટંકાર બોલે ઈમ
રાખીએ તાણી તીરની પણછ;
દાવ ચૂક્યાનું કામ નહિ, અહીં આવડ્યું એનો અરથ.

—રાજેન્દ્ર શાહ

જાપાનના નોબેલ પારિતોષિક વિજેતા સાહિત્યકાર યાસુનારી કાવાબાતા

હમણાં ૧૯૬૮નું સાહિત્યનું લગભગ સાડા પાંચેક લાખ રૂપિયાનું નોબેલ ઇનામ જાપાનના સાહિત્યકાર યાસુનારી કાવાબાતાને એનાયત થયું ત્યાં સુધી પશ્ચિમના દેશોમાં આ પૌરસ્ત્ય લેખકને કોઈ જાણતું ન હતું, આ પહેલાં એશિયામાંથી આ સમ્માન પામનારા એકમાત્ર કવિવર રવીન્દ્રનાથ ટાગોર જ હતા. ૧૯૧૩માં તેમને નોબેલ ઇનામ મળ્યું હતું. ત્યાર પછી પંચાવન વર્ષે કાવાબાતાએ તે ઇનામ મેળવ્યું છે. અને જાપાનમાં નોબેલ પારિતોષિક મેળવનારા તેઓ પહેલા જ સાહિત્યકાર છે.

કાવાબાતાનો જન્મ પશ્ચિમ જાપાનના ઔદ્યોગિક નગર ઓસાકામાં ઈ. ૧૮૯૯ની સાલમાં ૧૧મી જૂને થયો હતો. જીવનનાં પ્રાથમિક વર્ષોમાં તેમણે ભાગ્યે જ કંઈ સુખ જોયું હશે. તેમની બે વર્ષની ઉંમરે ડૉક્ટર પિતા મૃત્યુ પામ્યા અને બીજે જ વર્ષે માતાએ પણ વિદાય લીધી. બહેન અને દાદાદાદી સાથે રહેતા યાસુનારીએ સોળ વર્ષના થતાં સુધીમાં એ ત્રણે સ્વજન પણ ગુમાવ્યાં. તેમના લેખનનો આરંભ પણ લગભગ ત્યારે જ થયો અને એમણે 'સોળ વર્ષના માણસની ડાયરી' લખી ત્યારથી તેઓ લેખન અને તે અંગેની પ્રવૃત્તિઓમાં જ આજ સુધી રચ્યાપચ્યા રહ્યા છે.

વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન જ તેમણે મિત્રોના સહકારથી નવા વિચારોની એક સાહિત્યપત્રિકા શરૂ કરી. પચ્ચીસ વર્ષની ઉંમરે તેઓ ટોકિયો યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ થયા તે જ સમયે એમણે એક નવું સાહિત્યપત્ર 'બુંગેઈ જિદાઈ' શરૂ કર્યું. જેમાં તેમણે આધુનિકતમ ઇંદ્રિયગમ્ય લેખનની વાતો રજૂ કરી. બે વર્ષમાં જ, ૧૯૨૬ની સાલમાં, 'ઈઝુની નાચનારીઓ' નામક એક કથા લખી. જે ઘણી પ્રશંસા પામી ને કાવાબાતાએ જાપાનના અગ્રગણ્ય સાહિત્યકારોમાં સ્થાન લીધું. ત્યાર પછી તેમનો લેખનસ્રોત અખંડ વહ્યા જ કર્યો છે. તેમની બે નવલકથાઓ, 'સ્નો કન્ટ્રી' અને 'થાઉઝન્ડ ક્રેન્સ' આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામી છે અને અનેક ભાષાઓમાં તેનાં ભાષાંતરો પણ થયાં છે.

કથાલેખક યાસુનારીની વાર્તાઓમાં કવિ યાસુનારી પણ દૃષ્ટિગોચર થાય છે. તેમનાં સર્જનો ઊર્મિપ્રધાન કવિની કલમને શોભે તેવાં છે. સ્વદેશના સૂક્ષ્મદૃષ્ટિથી માણેલા સૌંદર્યને તેમણે ખૂબ સફળતાથી શબ્દદેહ આપ્યો છે. તેમની કથાઓ વાંચનારને જાપાનનાં અનેકવિધ-ભૌગોલિક, સામાજિક, ઐતિહાસિક વગેરે-પાસાંઓનાં દર્શન થાય છે. યાસુનારીની વર્ણનની રીત એવી છે કે વાચક જાપાન દેશને પ્રત્યક્ષપણે જોતો હોય તેવી તેને અનુભૂતિ થાય છે. જેવું વર્ણન યાસુનારી નિસર્ગનું કરે છે તેવી જ રીતે તેઓ માનવપાત્રોનું પણ ચિત્રણ રજૂ કરે છે. તેમનાં પાત્રોનાં અંતરનાં ઊંડાણ કળાય તેવાં તેમનાં ચિત્રો કથાનકમાં વેરાએલાં પડયાં હોય છે. પ્રેમ, મૃત્યુ, દુઃખ, યાચના વગેરેને તાદૃશ કરતાં તેમનાં પાત્રો વાચકના મનમાં ઊંડાં જડાઈ જાય છે.

કાવાબાતાની લેખનરીતિ વિશદ અને સાદી છે. ચોકસાઈનો તેમનો આગ્રહ પણ એવો છે કે તે પોતાની કૃતિઓને અનેક વાર મઠારીને પછી જ પ્રકાશિત કરે છે. પોતાની 'સ્નો કન્ટ્રી' નવલકથાની તેમણે લગભગ તેર વર્ષ સુધી માવજત કરી હતી.

કાવાબાતાના સર્જનસ્રોતનું મૂળ છે જાપાનની આગવી સાહિત્ય પ્રણાલી. તેમનાં

પુસ્તકો સો ટકા જાપાની કહી શકાય તેવાં રાષ્ટ્રરૂઢિને અનુસરીને સર્જાયાં છે છતાં તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી શક્યા તે તેમની અનુપમ સિદ્ધિ જ ગણવી જોઇએ. નોબેલ ઇનામ માટે તેમની પસંદગી કરનાર સમિતિએ કહ્યું છે તેમ તેમણે જાપાની માનસના આંતરતત્ત્વનું આલેખન કરવા તરફ જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેથી જ તેમને જાપાનીઓ 'માનવ ખજાના' તરીકે બિરદાવે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કયાં ખાસ લક્ષણોને કારણે તેમને નોબેલ ઇનામ મળ્યું હોય તેમ લાગે છે? તેના જવાબમાં તેમણે કહ્યું કે, 'પશ્ચિમના દેશોમાં મારાં સર્જનોમાં પ્રતિબિંબિત થતા જાપાની સાહિત્યનાં રૂઢિગત લક્ષણો પ્રશંસાયાં હશે એમ હું માનું છું.' જાપાની વિવેચકો કહે છે કે જાપાની સાહિત્ય પરદેશીઓ માટે સમજવું અઘરું છે એવી જમાનાજૂની માન્યતાને કાવાબાતાએ જડમૂળથી ઉખેડી નાખી છે. નોબેલ પારિતોષિક આપનારાઓએ કદાચ તેથી જ કહ્યું કે કાવાબાતાએ 'પૂર્વ અને પશ્ચિમને જોડતો આધ્યાત્મિક સેતુ' સર્જ્યો છે.

કાવાબાતાએ પોતાને ઇનામ મળ્યું તેવા સમાચાર સાંભળ્યા ત્યારે કહ્યું, 'હું નસીબદાર હોઉં એવું લાગે છે.'

પાછળથી તેમણે ઉમેર્યું, 'આવા પ્રકારના માનચાંદ ઘણી વાર લેખકને અસહ્ય બોજારૂપ બની રહે છે.' તે છતાં યે વિશ્વના લેખકોની સરસાઈમાં તેમને આ ઇનામના અધિકારી લેખવામાં આવ્યા તે માન માટે તેઓ ઋણી છે એમ માને છે. સાહિત્યની આજીવન સેવા કરનાર કાવાબાતાને ૬૯ વર્ષની વયે વિશ્વના સાહિત્યસર્જકોની હરોળમાં બેસાડતું પારિતોષિક અપાયું તે સર્વથા યોગ્ય છે. —ઇલા પાઠક

પરદેશી બાવળ

આપણે જેને પરદેશી બાવળ કે વિલાયતી બાવળ કહીએ છીએ તેનું શાસ્ત્રીય નામ 'જુલી ફ્લૉરા' સાંભળ્યું છે. ઝડપથી વધતું આ ઝાડ પ્રતિકૂળ સંજોગોમાં પણ પોતાનો વિકાસ સાધી શકે છે. એને કાપી નાખ્યા પછી જમીનમાં રહેલાં એનાં મૂળમાંથી યે ફરી ફણગા ફૂટી નીકળી એ વિસ્તરે છે. આ બાવળની ડાળીઓ સીધી, લાકડું નરમ, હળવું અને જલદી સડી ન જાય તેવું હોઈ ખેતીનાં ઓજારોમાં પણ કામ લાગી શકે. બળતણ માટે કે કોલસા પાડવામાં પણ આ બાવળ સારો છે. દિલ્હીના 'પુસા ઇન્સ્ટિટ્યૂટ'માં આ બાવળની વાડ કરેલી છે. બીજા કાંટાળા ઝાડના મુકાબલે પરદેશી બાવળ આ માટે વધુ યોગ્ય પુરવાર થયો છે. એવું મનાય છે કે લગભગ એંસી વર્ષ પહેલાં મોરબીના રાજા સર વાઘજીએ સેન્ટ હેલિનામાંથી આ ઝાડ મોરબી રાજ્યમાં લાવીને જમીનનો ખાર ચૂસવામાં, જમીનનું ધોવાણ અટકાવવામાં અને જમીનનું અંતરપડ-સબસોઇલ સુધારવામાં એનો ઉપયોગ કરેલો. નવલખી બંદર જતાં મીઠાના ઉદ્યોગ માટે વસેલા લવણપુરની નજીક વરસામેડી તરફની ઘણી જમીન આ બાવળના પ્રતાપે સુધરી છે.

આ દેશનાં હવાપાણી માફક આવવાથી આ વૃક્ષ હવે તો હિંદભરમાં પ્રસરી ગયું છે. કચ્છનાં નાના મોટા રણની સીમા પર આડીસર સાંતલપુર વચ્ચે પીપરાળા નજીક આ બાવળનાં લગભગ તેર લાખ વૃક્ષ વાવવામાં આવ્યાં હતાં જેમાંથી આઠ લાખ ઊછરી ગયાં છે. હજી યે એનું વાવેતર ચાલુ છે. આશા છે કે ભવિષ્યમાં તે આ જમીનની ખારાશ ચૂસી લેતાં એ રણવિસ્તારની હજારો એકર જમીન સુધરી જશે.

દેહરાદૂનના વનવિભાગમાં ઝડપથી ઊગતાં અને ચારો, લાકડું, છાયા તથા બળતણ માટે ઉપયોગી ઘણાં વૃક્ષો શોધાયાં છે, પણ આ નીવડેલો પરદેશી બાવળ એ જરૂરિયાતો પૂરી પાડી શકે તેમ છે.

ગયા વિશ્વયુદ્ધમાં પેટ્રોલની અછતમાં ગૅસથી ટ્રકો અને બસ ચલાવાતાં. એ ચારકોલ ગૅસ પેદા કરવા આ બાવળના કોલસા ઘણા ઉપયોગી સિદ્ધ થયા છે. આજે ખેતીમાં વપરાતા ઍન્જિન માટે એનો ઉપયોગ વિચારવો જોઇએ. ખેતરની વાડમાં થોડીશી વધુ જમીન રોકી ખેડૂત આ બાવળ વડે પોતાના ઍન્જિન માટે પણ બળતણ મેળવી શકે. ખનિજ તેલભંડારમાં આપણે વધારો ન કરી શકીએ, પણ વૃક્ષ તો વારંવાર ઉગાડી શકીએ. —ભુરુભા જાડેજા

તબીબી ક્ષેત્રે નવી શોધ

હૃદય અને તેની આજુબાજુની રક્તવાહિનીઓના એક્સ-રે ચિત્રો મેળવવા માટે દર્દીમાં જેમાંથી ક્ષ-કિરણો પસાર થઈ શકે નહિ એવું પ્રવાહી ઈંજેક્શનથી દાખલ કરાય છે. આ રીતે રંગને લીધે એક્સ-રે ફિલ્મમાં છાયા રહી જાય છે. એટલે પરંતુ આ રંગો કેટલીક વાર પ્રતિકૂળ પ્રત્યાઘાતો સર્જે છે.

પણ અમેરિકામાં નવી શોધાએલી 'રેડિયો આઈસોટૉપ ઍન્જીઑકાર્ડિયોગ્રામ' નામની શરીરને નુકસાન ન કરે એવું 'ટેક્નિશ્યમ-૯૯ એમ' નળી દ્વારા હૃદયમાં કે રક્તવાહિનીમાં દાખલ કરવામાં આવે છે. ટેક્નિશ્યમ-૯૯ એમમાંથી ગામા કિરણો નીકળે છે. દર્દીની છાતી

પર ગામાસ્કુરણ કૅમેરા મૂકવાથી આ કિરણો શોધી શકાય છે. કૅમેરામાં એક એવો સ્ફટિક હોય છે જે ગામા કિરણો સ્પર્શતા જ ઝબકી ઊઠે છે અને આ ઝબકારા ટેલિવિઝન કૅમેરા દ્વારા નોંધાય છે. ટેક્નિશ્યમ-૯૯ એમ હૃદય અને આસપાસની રક્તવાહિનીઓમાં વહે છે ત્યારે તેમાં થતા તેજ ઝબકારા શારીરિક રચનાની વિગતો અને રક્તપ્રવાહની ભાતો ઉપસાવે છે, જે વિવિધ પ્રકારનાં દર્દોના નિદાનમાં ઉપયોગી થાય છે. આમાં બહુ જ થોડા ટેક્નિશ્યમ-૯૯ એમની જરૂર રહે છે. અને તેનો નિકાલ પણ બહુ ઝડપથી થઈ જાય છે.

નાગરવેલનાં પાન

નાગરવેલનાં પાનથી ભાગ્યે જ કોઈ અજાણ્યું છે, આજના યુગમાં પાન ખાવું એ શૉખ બની ગએલ છે. કોઈ પણ પ્રકારનાં વિવેક-મર્યાદા છોડીને આખો દિવસ પાન ચાવ્યા કરે તેવા ઘણા લોકો જોવા મળે છે. જેમ અમૃત એની માત્રામાં લેવાય તો જ સંજીવનરૂપ બને છે એવું જ પાન વિષે ગણાવું જોઈએ. 'તાંબુલસ્ય સખે! ત્રયોદશઃ ગુણાઃ સ્વર્ગે કપિ તે દુર્લભા' આવી ધન્વન્તરી નિઘંટુની ફલશ્રુતિ છે, અને આથી જ આપણી ધાર્મિક પ્રક્રિયાઓથી માંડીને નાનીમોટી અનેક શુભ પ્રવૃત્તિઓમાં એનો ઉપયોગ સ્વીકારાયો છે.

આપણે ત્યાં નાગરવેલનાં પાનની બેથી ત્રણ જાતો મળે છે ભારતીય નિઘંટુકારોએ આ પાનના સાત પ્રકારો ગણાવ્યા છે; શ્રીવાટી, અમ્લવાટી, સતસા, ગુમાગટે, અમ્લસરા, પટલિકા, જ્હેરાનિવા.

નાગરવેલનો સૌથી મહત્ત્વનો ગુણ દીપન અને પાચન કરવાનો છે, અને સાથે જ એમાં એક મહત્ત્વનું ઉગ્ર જંતુનાશક તત્ત્વ પણ રહેલું છે કે જે શરીરમાં પેદા થતા અનેક જંતુજન્ય દોષો દૂર કરી રોગો સામે પ્રતિકારશક્તિ આપે છે. પાન ઉત્તેજક, પાચક, સડો દૂર કરનાર, પેટનો વાયુ હરનાર અને મોઢાની ખરાબ વાસ દૂર કરનાર છે. અજીર્ણ અને શૂળ જેવા રોગોમાં એનો ઉપયોગ થાય છે. વૈજ્ઞાનિક સંશોધનમાં જોવા મળ્યું છે કે નાગરવેલનાં પાનમાં જે એક ઊડી જનારું ઉગ્ર જંતુનાશક તેલ છે તેની શક્તિ કાર્બોલિક ઍસિડ કરતાં પાંચગણી વધારે અને યુજેનોલ કરતાં બે ગણી છે. આ શક્તિશાળી તત્ત્વ 'ચેવીકોલ' કહેવાય છે.

સામાન્ય રીતે આપણો સમાજ ભોજન પછી પાન ખાય છે કારણ કે ભોજનમાં મેંદાવાળા ચીકણા ખોરાકને પચાવવા માટે જે પાચક રસોની જરૂર પડે છે તે આ પાન દ્વારા મળી રહે છે. મોંમાં લાળ વહન કરનારી ગ્રંથિઓને આ તાંબુલસેવનથી ઉત્તેજન મળે છે અને કાર્બોહાઇડ્રેટ્સ તથા સ્ટાર્ચજન્ય ખોરાકની જે નાની રજકણોને દાંતના પોલાણમાં ભરાઈ ગઈ હોય છે તેને આ સ્રાવ દૂર કરે છે.

પાચનશક્તિની જેમાં સૌથી વિશેષ જરૂર છે તેવાં મધુપ્રમેહના દરદીઓને ઔષધીય અનુપાન તરીકે નાગરવેલનાં પાનનો રસ આપવામાં આવે તો ફાયદો થાય. વળી તીખો અને તૂરો રસ ધરાવતું પાન કફજ અને વાતજ દરદો ઉપર પણ કામ આપે છે. વારંવાર શરદી થતી હોય, નાક વાટે ચીકણું સફેદ લીંટ પડતું હોય અને પરિણામે માથું ભારે થાય, શ્વાસ લેવામાં તકલીફ પડે તેવા દરદીને નિયમિત નાગરવેલનાં પાનનો રસ મધ સાથે ચટાડવાથી ફાયદો થાય છે.

નાગરવેલના પાનની કફજ દોષના પ્રકાર જેવા હાથીપગામાં પણ ભલામણ કરવામાં આવી છે. નાનાં બાળકોને વારંવાર શરદી થતી હોય, છાતીમાં કફ ભરાઈ સસણી જેવું લાગતું હોય ત્યારે નાગરવેલનાં પાન બાળકની છાતી ઉપર મૂકી એના ઉપર ઘીના દીવાનો શેક કરવાથી કફ પાકીને છૂટો પડી જાય છે અને તાત્કાલિક કાંઈ જ ઔષધ ન મળી શકે તો ૧૫–૨૦ ટીપાં રસ કાઢી જરા ગરમ કરી, એમાં થોડું મધ મેળવી ચટાડી દેવાથી પણ આંતરિક રીતે કફને પકવવામાં બળ મળે છે.

સુવાવડમાં ધાવણનો નિકાલ થતો નથી ત્યારે સ્તનમાં એનો ભરાવો થઈ વેદનાની અસહ્ય પીડા ભોગવવી પડે છે. આવી સ્થિતિમાં નાગરવેલનાં પાન સહેજ ગરમ કરીને સ્તનપ્રદેશ ઉપર બાંધવાથી ધાવણ સુકાઈને દરદી નિરાંત અનુભવે છે. સાચી ભૂખ લાગે નહિ, સહેજ પણ ખવાય એટલે પેટ ભારે થાય, ગૅસ ભરાય, ઓડકાર આવ્યા કરે અને અજંપો રહે, કાં તો ઝાડા થઈ જાય, કબજિયાત રહે અને પેટમાં કાંઈક ઠસાઈ ગયું હોય એવો ભાર લાગે તેવા, નળ ભરાઈ ગયા જેવા દરદમાં નાગરવેલનાં સાતેક પાન અને એક તોલા સરગવાની છાલ લઈ બન્નેને દસ તોલા પાણીમાં ઉકાળી બે તોલા બાકી રહે ત્યારે ચોળી ગાળી પીવડાવી દેવાથી નળબંધ વાયુમળદોષ દૂર થાય છે અને આરામ મળે છે.

સામાન્ય રીતે આપણો પાન ખાનારો વર્ગ બજારુ પાન ખાય છે. તેમાંય તમાકુની વિશિષ્ટ જાતોવાળાં પાનનો આજે ખૂબ પ્રચાર છે. પાન ઉપયોગી હોવા છતાં આવાં વિકૃત રીતે તૈયાર થતાં પાન હિતકર નથી તમાકુમાં રહેલા નિકોટિનિક ઍસિડ અને પાન-ચૂનાનાં વિશિષ્ટ ક્ષારોનાં સંયોજનથી દાંતનાં પડો ઉપર માઠી અસર થાય છે; કેટલાક લોકો તમાકુવાળાં પાન મોંમાં રાખી મૂકે છે તેમાંનાં ચોક્કસ રસાયણો દાંત સાથે પેઢામાં ભળે છે. અને તેની પકડશક્તિ નબળી પાડે છે. જેને કોઈને કોઈ જગ્યાએથી લોહી પડતું હોય એવા રક્તપિત્ત જન્ય વ્યાધિવાળાઓ, જેને વારંવાર ગુમડાં ચાંદાં થતાં હોય, જેને ખૂબ જ તરસ લાગતી હોય કે તમ્મર-ચક્કર આવી જતાં હોય, જેનો ખોરાક કેવળ સૂકો લૂખો હોય, જે શારીરિક રીતે નબળા હોય અને મોઢામાં શોષ પડતો હોય તેવા લોકોએ પાનનો ઉપયોગ કરવો હિતકર નથી. એવી જ રીતે ભૂખ્યા પેટે કે વિશેષ ઝાડા થઈ ગયા હોય કે રેચ લીધો હોય ત્યારે પણ પાન નહિ ખાવાનો ભારતીય પંડિતોએ નિર્દેશ કર્યો છે.

પાનના અતિસેવનથી એમાં રહેલાં ક્ષારજન્ય ઉત્તેજક ઉષ્ણ તત્ત્વોને કારણે બળનો ક્ષય થાય છે. શરીરની સર્વાંગ ધાતુઓનો નાશ થઈ આંખોની શક્તિ ક્ષીણ થાય છે, વાળનું પોષણ ઓછું થઈ તે સફેદ થાય છે તેમજ જલદી મરી જાય છે, દાંત બગડે છે અને કેટલીક વખત જઠરાગ્નિ મંદ પડી જાય છે. આચાર્ય શ્રી બાપાલાલભાઈ ગ. વૈદ્યે તો પાન-તમાકુ ખાવાથી કૅન્સર થાય છે તેવો નિર્દેશ પણ કર્યો છે.

પંડિત ભાવમિશ્ર કહે છે કે પાન ઉપરની ઊપસેલી નસો જ્ઞાનતંતુઓને જડ બનાવે છે આથી ઘેર પાન ખાનારાઓ આ નસો કાઢીને જ પાન ખાય છે. પણ દુકાનોમાં આવી નસો કાઢી નખાતી નથી અને પરિણામે ક્રમે ક્રમે છૂપા ઝેરની જેમ એની માઠી અસર થાય છે.

પાન ખાવું સ્વીકારો, તો ભોજન પછી પાન ખાઓ, એમાં તમાકુ-તો ન જ નાખો. જેથી પ્રાચીન સમયમાં એલચી, કેસર, કસ્તુરી, જાયફળ, લવીંગ, ચણકબાબ કપૂર વગેરે દ્રવ્યો મેળવેલા મસાલા આવતા. આજે પણ વરિયાળી, કોપરું, ચણોઠીનાં પાન, એલચી અને જીનતાન જેવી સુગંધ મેળવીને પાન લઈ શકાય છે.

જૉન ઑફિસેથી આવ્યો કે તરત એની સાસુએ અંદરથી હાંફળાં-ફાંફળાં આવીને કહ્યું : 'આપણું મોટું ઘડિયાળ આજે દીવાલ પરથી પડી ગયું, હું બરાબર એની એક મિનિટ પહેલાં જ એની નીચે ઊભી હતી. બચી ગઈ.'

માથે પડેલી સાસુથી કંટાળેલો જૉન બબડયો : 'હું રોજ કહેતો કે આપણી ઘડિયાળ એક મિનિટ પાછળ છે.'

નવાં પ્રકાશનો

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ · અમદાવાદ

ગુજરાત લોકસાહિત્યમાળા, મણકો સાતમો: ગુજરાતના વિવિધ પ્રદેશોમાં પ્રચલિત લોકગીતોના સંગ્રહના આ સાતમા ગ્રંથમાં બરડા, સૌરાષ્ટ્ર, ગોહિલવાડ, મહેસાણા, ભાલ નળકાંઠા આદિ પ્રદેશનાં લોકોમાં ગવાતાં ગીતોનું સંપાદન સર્વશ્રી જોરાવરસિંહ જાદવ, કુ. જસુમતી નાનાલાલ, પુરુષોત્તમ સોલંકી, શંકરભાઈ તડવી, સૌ. ચંદ્રિકા જોધાણી, સૌ. કંચન જોધાણી, વસંત જોધાણી, જેઠાલાલ ત્રિવેદી, ખોડીદાસ પરમાર, હરિલાલ મોડા આદિની સહાયથી કરવામાં આવ્યું છે. સં. સર્વશ્રી બચુભાઈ રાવત, ડૉ. મંજુલાલ મજમુદાર અને મનુભાઈ જોધાણી. પૃ. ૩૦૪, પાકું પૂઠું, રૂા. ૩.

ગોરમાનાં ગીતો: ગુજરાતના કિશોરીજીવનના પ્રાણસમા ગૌરીવ્રતનાં કુંવારે હૈયે ઊગેલાં અને મધુર કંઠે રણકેલાં, ગુજરાતના જીવન જેટલાં જ જૂનાં અને માધુર્યભર્યાં લોકગીતોનો સંગ્રહ. સંપાદકો : સર્વશ્રી બચુભાઈ રાવત, ડૉ. મંજુલાલ મજમુદાર, મનુભાઈ જોધાણી પૃ. ૧૧૯, રૂા. ૧–૫૦.

તુલસીવિવાહનાં ગીતો: તુલસી અને વિષ્ણુ (શાલીગ્રામ)ના વિવાહની પુરાણકથાને લગતાં 'સાદીભોળી નારી કવિતા' જેવાં, ગુજરાતના નારીકંઠે જીવતાં કથા-લગ્નગીતોનો સંગ્રહ. સંપાદકો: સર્વશ્રી બચુભાઈ રાવત, ડૉ. મંજુલાલ મજમુદાર, મનુભાઈ જોધાણી. પૃ. ૮૦, રૂા. ૧.

રાંદલનાં ગીતો: રાંદલદેવીની પૂજાનાં, સૌરાષ્ટ્રમાં સવિશેષ પ્રચાર પામેલાં, લોકગીતો. સંપાદકો: મનુભાઈ જોધાણી અને વસંત જોધાણી. પૃ. ૧૯૨, રૂા. ૨–૫૦.

લોકગુર્જરી: ગુજરાતરાજ્યલોકસાહિત્ય સમિતિ તરફથી દર વર્ષે પ્રસિદ્ધ થતા 'લોકગુર્જરી' વાર્ષિકના આ ચોથા અંકમાં 'ગુજરાતનું લોકશિલ્પ' (ડૉ. મંજુલાલ મજમુદાર), 'ગુજરાતનાં લોકવાદ્યો' (ડૉ. હરિલાલ ગૌદાની), 'ગુજરાતના પાળિયાનું વૈવિધ્ય' (પ્રો. ચંદ્રમૌલી મ. મજમુદાર), 'કચ્છી લોકગીતો' (શ્રી પ્રવીણચંદ્ર એચ. શાહ), 'વિધાતાની શોધમાં અને અન્ય કથાપ્રવૃત્તિઓ' (ડૉ. હરિવલ્લભ ભાયાણી), 'આપણા ચબૂતરા' (શ્રી જોરાવરસિંહ જાદવ) આદિ વિદ્વત્તાપૂર્ણ, માહિતીપ્રદ છતાં રસપૂર્ણ ગુર્જર લોકસાહિત્ય ને લોકકળાને મુખરિત કરતા લેખો સંપાદિત થયા છે. લેખપસંદગીમાં સચવાયેલું વૈવિધ્ય એના સંપાદકો સર્વશ્રી ડૉ. મંજુલાલ મજમુદાર, બચુભાઈ રાવત ને મનુભાઈ જોધાણીની ચીવટ ને કાળજીનું સુફળ છે, જે હમેશની જેમ આ વર્ષે પણ અભિનંદનીય. પૃ. ૯૨, રૂ. ૧–૫૦

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભવિદ્યાનગર

Lost Sarasvati: લુપ્ત સરસ્વતીના કાંઠે પ્રાચીન કાળમાં કયી માનવસંસ્કૃતિ વિકસી હતી અને માનવજાતના ઇતિહાસમાં આ નદીએ કેવો ને કેટલો ફાળો આપ્યો હતો એનો સંશોધનાત્મક અહેવાલ આપતો ગ્રંથ, જેમાં એ કાળની સામાજિક, આર્થિક, રાજકીય, ભૂસ્તરશાસ્ત્રીય, ભાષાકીય, સાહિત્યિક આદિ અનેક પાસાઓને સ્પર્શતી માહિતી આપવામાં આવી છે. ઇતિહાસરસિકો માટે અત્યંત ઉપયોગી પ્રકાશન. લે. ઈન્દ્રાસ. પૃ. ૨૮૫, કાચું પૂઠું, રૂા. ૩૦.

બ્રહ્માંડદર્શન: મનુષ્ય અને બ્રહ્માંડનો સંબંધ, પૃથ્વી, ગ્રહો, તારાઓ આદિ અને એમના પરસ્પર વચ્ચેનો સંબંધ, બ્રહ્માંડની ઉત્પત્તિ, ખગોળશાસ્ત્રની ઉત્પત્તિ, આકાશદર્શન કરવા થએલા વૈજ્ઞાનિક પ્રયાસો ને યંત્રો આદિ વિષે અધિકૃત માહિતી આપતો એ વિષયના નામી નિષ્ણાત શ્રી છોટુભાઈ સુથાર લિખિત ગ્રંથ. પૃ. ૨૫૫, પાકું પૂઠું, રૂા. ૧૫.

પૃથ્વીદર્શન: પૃથ્વીની ઉત્પત્તિ, એના પરના પર્વતો, રણપ્રદેશો, બર્ફિસ્તાનો, ધ્રુવપ્રદેશો, સમુદ્રો આદિ વિષે ભૌગોલિક માહિતી આપતો આધિકૃત સચિત્ર ગ્રંથ. લે. વિજયગુપ્ત મૌર્ય, પૃ. ૨૪૫, પાકું પૂઠું, રૂા. ૨૦.

ઉપર્યુક્ત બંને ગ્રંથો સરદાર પટેલ યુનિવર્સિટીએ શરૂ કરેલ જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી: વિજ્ઞાન વિદ્યાશાખાના પ્રશંસનીય પ્રયાસનાં સુફળ છે, જેના માટે ઉમાશંકર જોશીએ યોગ્ય રીતે કહ્યું છે કે 'આ જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી વાચકો માટે ગૃહવિદ્યાપીઠની ગરજ સારશે એમ એનાં આ બે પ્રથમ પુસ્તકો ઉપરથી નિઃશંકપણે કહી શકાય'.

લોકભારતી · સણોસરા

દેવદૂત: દેવદૂત સમ સંત વૈજ્ઞાનિક અને વનસ્પતિ વૈદ્ય અમેરિકાવાસી હબસી જ્યૉર્જ વૉશિંગ્ટન કારવરની જીવનકથા. ઉતારનાર: મૃદુલા મહેતા. પૃ. ૧૪૮, રૂા. ૪–૦૦.

ઘડતર અને ચણતર: શ્રી નાનાભાઈ ભટ્ટની આત્મકથાનો શ્રી લાલજીભાઈ નાકરાણીએ કરેલો સંક્ષેપ. પૃ. ૧૭૨, રૂા. ૩–૨૫.

યજ્ઞ પ્રકાશન · હુઝરાતપાગા, વડોદરા-૧

કુરાનસાર: વિવિધ ધર્મગ્રંથોમાંથી ચયન કરી લઈને સારતત્ત્વ કાઢી લેવામાં આવે તો જે તે ધર્મગ્રંથને આજના યુગને અનુરૂપ નૂતન સ્વરૂપ મળે તથા અન્ય ધર્મીઓ માટે પણ તે સુલભ બને એ રીતે ભિન્ન ધર્મીઓના દિલોને જોડી શકાય એ ઉદ્દેશથી 'ધમ્મપદ' અને 'ગીતાપ્રવચનો' પછી વિનોબાજીના કુરાનના દોહનની મૂળ અંગ્રેજી આવૃત્તિનું શ્રી ઈસ્માઇલભાઈ નાગોરીએ કરેલું ગુજરાતી અવતરણ. પૃ. ૨૨૦, રૂા. ૨–૫૦.

શાંતિસેના પરિચય: શ્રી નારાયણ દેસાઇએ શાંતિસેનાના તાત્ત્વિક અને વ્યાવહારિક બેઉ દૃષ્ટિએ સરળ ભાષામાં મૂળ હિંદીમાં કરાવેલા પરિચય પરથી ડૉ. નવનીત ફોજદારે કરેલો અનુવાદ. પૃ. ૧૨૮, રૂા. ૧.

ગ્રામદાન: વિનોબાજી, જયપ્રકાશ નારાયણ, રામમૂર્તિ, શંકરરાવ દેવ અને મનુભાઈ પંચોળીના ગ્રામદાનના સંદર્ભમાં જુદા જુદા વિષય પર લખાએલા લેખોના સંચયની ચોથી આવૃત્તિ. પૃ. ૯૬, ૫૦ પૈસા.

ગ્રામદાન પ્રશ્નોત્તરી: ગ્રામદાન અંગેની પ્રશ્નોત્તરીના રૂપમાં માહિતી આપતી પુસ્તિકા. પૃ. ૪૮, ૨૫ પૈસા.

આંખો દેખા હાલ: વિવિધ લોકોએ ગ્રામદાની ગામોમાં નજરોનજર જોએલી હકીકતોની નોંધ. પૃ. ૬૩, ૨૫ પૈસા.

રે મઠ પ્રકાશન
કાયચિકિત્સા, સારંગપુર ચકલા, અમદાવાદ-૧

એક ઉંદર અને જદુનાથ: સ્વ. ડૉ. મીનુ કાપડિયા દ્વારા ભજવાઈ ચૂકેલું 'એબ્સર્ડ પ્લે' તરીકે જાહેરાત પામતું ત્રિઅંકી નાટક. પૃ. ૩૫, રૂા. ૪–૦૦

મેઇક બિલિવ: પ્રકાશકો દ્વારા 'રે' તરીકે ઓળખાવવામાં આવતાં પાંચ એકાંકી નાટકોનો સંગ્રહ. લેખકો: લા. ઠાકર, સુ. શાહ, મુ. પરીખ, ચી. મોદી અને આ. મનસુરી. પૃ. ૮૮, રૂા. ૩.

ડાયલનાં પંખી: પદ્યનાટક તરીકે ખપાવાતી ચી. મોદીની પાંચ કૃતિઓ. પૃ. ૬૪, રૂ.૩

ૐ તત્ સત્: મનહર મોદીની ગઝલો, છંદોબદ્ધ અને અછાંદસ રચનાઓનો સંગ્રહ.

રે ૬૧: આકર્ષક કાગળ પર છાપેલી પાંચ રચનાઓ.

ઉન્મૂલન ૧–૨–૩ : 'ધારદાર વિવેચનના અસામયિક' તરીકે જેની જાહેરખબર અપાય છે તે. દરેકનાં પાનાં. ૮ , રૂ. ૧.

સદ્વિચાર પરિવાર · અમદાવાદ–૧

મુનિશ્રી 'ચિત્રભાનુ'ની ત્રણ પુસ્તિકાઓ : **૧) આવતી કાલના નાગરિકોને :** પૃ. ૩૨, ૨૫ પૈસા; **૨) મનની કેળવણી :** પૃ. ૩૨, ૨૫ પૈસા. **૩) બંધન અને મુક્તિ :** પૃ. ૪૨, ૩૦ પૈસા.

સુખી જીવનનું રહસ્ય : લે. જનાર્દનદાસ. પૃ. ૪૦, ૩૦ પૈસા.

નેશનલ બુક ટ્રસ્ટ, ભારત

પંડિત વિષ્ણુ દિગંબર : ૧૮૫૦ થી ૧૯૦૦ના ગાળામાં ભારતમાં આવિર્ભાવ પામેલ અસાધારણ વિભૂતિઓમાંના એક સંગીતશાસ્ત્રીનું ચરિત્ર. લે. વી. આર. આઠવલે, અનુ. ભોળાભાઈ પટેલ પૃ. ૫૮, રૂ. ૧–૨૫.

પંડિત ભાતખંડે સંગીતકલાની ઉપાસનામાં રચ્યાપચ્યા રહી એની પ્રગતિમાં ફાળો આપનાર ભારતીય સંગીતના એક નામી કલાકારનું અધિકૃત ચરિત્ર. લે. એસ. એન. સંતજનક ને ચંદ્રકાત શેઠ. પૃ. ૬૭; કાચું પૂઠું, રૂ. ૧.

પ્રકીર્ણ પ્રકાશનો

ગપગોષ્ઠિ : 'મોજ, મજાક ને મહેફિલ' પછી હાસ્ય નિબંધનો આ બીજો સંગ્રહ પ્રસિદ્ધ કરતા શ્રી રમેશ ભટ્ટ માટે શ્રી જ્યોતીન્દ્ર દવેએ ફ્લેપ પર લખ્યું છે, (શ્રી રમેશ ભટ્ટ વિનોદ ઉપજાવવા માટે ક્યાંક વિચિત્ર દલીલોનો આશ્રય લે છે, અવળવાણીનો પ્રયોગ કરે છે. ક્વચિત શ્લેષનું આલેખન સ્વીકારે છે, કેટલીક વાર કટાક્ષનો ઉપયોગ કરે છે, પણ ક્યાંય તાણીતૂસીને વિનોદ ઉપજાવવાનો પ્રયાસ કરતા હોય એમ દેખાતું નથી.) એમાં માત્ર છેલ્લા વાક્યમાં એટલો સુધારો કરવાની જરૂર છે કે કેટલીક વાર તાણીતૂસીને વિનોદ ઉપજાવવાનો પ્રયાસ કરતા હોય એમ દેખાય છે. અન્યથા, વિનોદ ઉત્પન્ન કરે એવા પ્રસંગો પકડવાની એમની સૂઝ પ્રશંસનીય છે. પ્ર. કનુભાઈ દવે, ૧૦ માનવ મંદિર રોડ, મુંબઈ-૬. પૃ. ૧૬૮, પાકું પૂઠું, રૂ. ૪.

વિનોદ ભટ્ટની અ-રહસ્યકથાઓ : 'સંદેશ'માં પ્રસિદ્ધ થએલી સામાન્ય કક્ષાની હાસ્યકથા. પ્ર. લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ. પૃ. ૧૦૦, કાચું પૂઠું, રૂ. ૧–૫૦.

શબાબ : નવોદિતોની ગઝલોનું સહિયારું પ્રકાશન. સં. અંબાલાલ ડાયર, ૨૭૧૩ રાયપુર, અમદાવાદ-૧. પૃ. ૫૦, કાચું પૂઠું, રૂ. ૧–૨૫.

ઝેરનાં પારખાં : મૂળ અંગ્રેજી નાટકના મનોસંસ્કારથી લખાએલું સામાજિક ત્રિઅંકી. લે. પરમસુખ પંડ્યા. પૃ. ૧૮૪, રૂ. ૩–૬૦.

વર્ષા મંગલ : શાળા વયના બાળકો માટે શ્રી દીનાનાથ વ્યાસ કૃત કાવ્યસંગ્રહ. પ્ર. મનુભાઈ બી. ઠાકર, ગાયત્રી નિવાસ, મહાદેવ પોળ, મહેમદાવાદ. પૃ. ૪૧, કાચું પૂઠું, રૂ. ૧.

ગાંધીજીવન ૨-૩ : ગાંધીજીવન મહાકાવ્ય ગ્રંથમાળા'ના કુલ પાચ પૈકીના આ બે ભાગોમા અનુક્રમે ગાધીજીના 'જીવન-ઘડતર' અન 'જીવનસાધના'નુ પદ્યવર્ણન કરવામાં આવ્યુ છે. લે. રાતલાલ અધ્વયુ. પ્ર. મહેન્દ્ર અધ્વર્યુ, ૩ દત્ત સોસાયટી, સરખેજ રોડ, અમદાવાદ-૭. પૃ. ૨૨૮+૧૬ અને ૨૬૪, દરેક ભાગના રૂ. ૪–૦૦, બનનુ પૂઠું કાચુ.

દીર્ઘાયુષ્ય અને આરોગ્ય : સરળ ને પ્રવાહી ભાષ.માં તદુરસ્તી અન આધ્યાત્મિક જીવનનો પરસ્પર સબંધ સમજાવતુ ઉપયાગી પુસ્તક. લે૦ ડા. મહાદેવપ્રસાદ. પ્ર૦ વસત નેચર કચોર હૉસ્પટલ, નવરંગપુરા, અમદાવાદ-૯. પૃ. ૧૫૮, કાચુ પૂઠું, રૂ. ૨–૦૦.

લોકસાહિત્યનું સમાલોચન : લોકસાહિત્યના સંપાદન, સંશોધનમાં યુગવર્તી કાર્ય કરી જનાર સ્વ. મેઘાણીના ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના આશ્રયે અપાએલા આ વ્યાખ્યાનોની બીજી આવૃત્તિ લોકસાહિત્યના બહુમૂલ્ય વિવેચનની અધિકૃત કૃતિ છે. એમા આપેલા પાચ વ્યાખ્યાનોમા મેઘાણીની તેજસ્વી કલમે લોકસાહિત્યના પ્રારંભના ઇતિહાસ, એના સંપાદકોના પ્રયાસોના આલેખ, એની વિશેષતાઓ અને એમાં પડતું મનના ઉલ્લાસમય જીવનનું પ્રતિબિંબ આપવામા આવ્યું છે. લોકસાહિત્યને શિષ્ટ સાહિત્ય જેટલી પ્રતિષ્ઠા આપવાના મેઘાણીના પ્રયાસ આ કૃતિના પાને પાન ઉભરાય છે. અનેક દષ્ટાંતો દ્વારા લોકસાહિત્યમાં પડેલા અખૂટ રસનું પાન કરાવવાનો સ્વ. મેઘાણીનો પ્રયાસ આ કૃતિમાં સફળ થયો છે. પ્ર. મુંબાઈ યુનિવર્સિટી, મુંબાઈ, સં. અમૃતલાલ યાજ્ઞિક. પૃ. ૨૫૬, પાકું પૂઠું, રૂ. ૮.

ઇતિહાસમાં કાર્યકારણભાવ : વલ્લભ વિદ્યાનગર ખાતે ભરાએલ ગુજરાત ઇતિહાસ પરિષદના ચોથા અધિવેશનના પ્રમુખપદેથી શ્રી રસિકલાલ પરીખે આપેલ વ્યાખ્યાન. પ્ર. મંત્રીઓ ગુજરાત ઇતિહાસ પરિષદ, અમદાવાદ. પૃ. ૨૪, કાચું પૂઠું.

કૃપા-સ્પર્શ : 'સોનેરી મૌન'ના સર્જક શ્રી ભરત ઠક્કરે માતાજીનું બાળક બન્યા પછી શ્રી અરવિંદની ફિલસૂફીને અનુભવ માર્ગે ગણી લખેલાં કાવ્યોનો સંગ્રહ જેમાં અંતે એમની આંતરકથા રજૂ કરતા થોડા પત્રો પણ છે. પ્ર. અરવિંદ આશ્રમ, પોંડેચરી. પૃ. ૪૦, કાચું પૂઠું, રૂ. ૨.

અન્વય : આત્મચેતનાનો સ્પર્શ કરાવે એવાં અધ્યાત્મવૃત્તિ પ્રગટ કરતાં કેટલાંક કાવ્યો ગીતાનો ને કેનોપનિષદ, શિવમાનસ પૂજા આદિના અનુવાદોનો સંગ્રહ. લે. શ્રી રામપ્રસાદ દવે. પ્ર સમરતબેન પ્રાણજીવન શુકલ, દરબારગઢ પાસે, મૂળી, જિ. સુરેન્દ્રનગર. પૃ. ૪૦, કાચું પૂઠું, રૂ. ૧.

સપનાંની વણજાર : પ્રણયભંગની સંવેદનાનો એક તાજગીભર્યો અનુભવ કરાવતી શ્રી ઉપેન ભટ્ટાચાર્યની નવલકથા. પ્ર રૂપાલી પ્રકાશન, અમદાવાદ. પૃ ૨૮૦, પા.પૂઠું. રૂ. ૮.

પુનર્વસુ : કવિ શ્રી ચંપકલાલ વ્યાસનો જીવનની શુભ્રતા, સ્વસ્થતા અને સંયમિતા વ્યક્ત કરતો કાવ્યોનો સંગ્રહ. પ્ર સહકારી મુદ્રણાલય લિ., સુરતી બજાર–વ્યારા. પૃષ્ઠ ૬૪+૬, પાકું પૂઠું, રૂ. ૩.

એક દેશ સત્તર પ્રદેશ : ભારત અને એનાં સત્તર માદેશિક રાજ્યોની નિજી ભૌગોલિક અને સામાજિક વિશેષતા પ્રગટ કરી દેશની અનેકતામાં પણ રહેલ એકતા દર્શાવતું પુસ્તક. લે. શ્રી શંકર ભટ્ટ પ્ર. સસ્તુ સા. વર્ધક કાર્યાલય, અમદાવાદ પૃ. ૧૭૩, રૂ. ૨.

કાકાસાહેબ – નિબંધકાર અને ગદ્યકાર : નિબંધલેખક અને ગદ્યલેખક તરીકે કાકાસાહેબમાં રહેલી વિશિષ્ટ શક્તિઓનો પરિચય આપતો નિબંધ લે. જયંત પટેલ, પ્ર. પોતે જ, નાનપુરા, સુરત-૧. પૃ. ૨૮, કાચું પૂઠું, રૂ. ૧.

અધિક સરસ રંગનો પ્રાણ-સંચાર : આર્યકન્યા ગુરુકુળ, પોરબંદરના ૩૧મા વાર્ષિકોત્સવ પ્રસંગે કાકાસાહેબ કાલેલકરે આપેલ સ્ત્રી-કેળવણીને પૃથક્ કરવા અંગે મનનીય દલીલો કરતું અભિભાષણ. પ્ર. આર્યકન્યા ગુરુકુળ તથા મહિલા વિદ્યાલય, પોરબંદર પૃ. ૩૫.

પ્રેરણા : ધાર્મિક ને આધ્યાત્મિક જીવન જીવવાનો ઉપદેશ આપતું સુ. એન. દર્શનદાસ કૃત પુસ્તક. પ્ર. દર્શન ગ્રંથમાળા, સિહોર. પૃ. ૯૫, કાચું પૂઠું, રૂ. ૧–૫૦.

રંગવ્યંગ : શ્રી જયંતી ઘોકાઈના રોજિંદા બનાવો પરના સામાન્ય કક્ષાના કટાક્ષોનો સંગ્રહ. પ્ર. લેખક પોતે જ, જવાહર રોડ, ઓખા. પૃ. ૬૬, કાચું પૂઠું, રૂ. ૨.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · દિનવિશેષ

વ્યક્તિવિશેષ : નાથુરામ 'પ્રેમી'

આજના હિંદી લેખકોને પ્રતિષ્ઠિત કરવામાં



કદાચ જેમનો સૌથી વધારે હિસ્સો છે એ નાથુરામ 'પ્રેમી' હિંદી સાહિત્યનાં અધ્યયન, લેખન, સંપાદન, સંશોધન ને પ્રકાશનના ક્ષેત્રમાં સદા સ્મરણીય છે. હિંદી ગ્રંથ 'રત્નાકર' જેવી વિખ્યાત પ્રકાશન સંસ્થા પાછળ એમણે સમર્પિત કરી દીધેલા જીવનને કારણે તેઓ ખુદ એક સંસ્થારૂપ બની ગએલા.

મધ્ય પ્રદેશના દેવરી ગામમાં માળવાથી આવી વસેલા એક કબીલામાં ઈ. ૧૮૮૧ની ૨૭ નવેમ્બરે એમનો જન્મ થયો. પિતા ટુંડેલાલજીની શાહુકારીનું રોકાણ ધીમેધીમે ડૂબી જતાં ખેતી આરંભી પણ એમાં ફાવટ આવી નહિ. પિતાની કષ્ટમય સ્થિતિમાં નાથુરામજીએ કુશાગ્ર બુદ્ધિ દાખવી 'ટીચર્સ ટ્રેઇનિંગ'ની પરીક્ષા પાસ કરી ઈ. ૧૮૯૯માં શિક્ષક થયા. સાથે તેઓ પોસ્ટઑફિસ પણ સંભાળતા. સાત રૂપિયા પગાર મળતો, ત્રણ પોતે રાખી ચાર ઘેર મોકલતા. પણ એમના સુંદર હસ્તાક્ષરોને કારણે મુંબાઈમાં ૨૫ રૂપિયામાં કારકુની મળી જતાં ત્યાં રહી તેમણે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, બંગાળી, ગુજરાતી, મરાઠી વગેરે ભાષાઓનો અભ્યાસ કરવા માંડ્યો.

પંદરેક વર્ષની વયથી એમણે હિંદી પત્રપત્રિકાઓમાં લખવા માંડેલું. કાનપુરનાં 'રસિકમિત્ર', 'રસિક-વાટિકા', 'કાવ્ય સુધાકર' વગેરે પત્રોમાં 'પ્રેમી'ના ઉપનામ સાથે એમનાં કાવ્યો પ્રકટ થતાં. નવી શુદ્ધ હિંદીની એ બાલ્યાવસ્થામાં આગ્રા-કાનપુર જેવાં સ્થળોએ પ્રાર્થનાઓમાં એમનું 'દયામય, ઐસી મતિ હો જાય' પદ હમેશાં ગવાતું. શાસ્ત્રીયતા અને ઇતિવૃત્તાત્મકતાના પ્રાધાન્યવાળા ત્રિવેદી યુગના તેઓ 'પ્રયત્નસિદ્ધ કવિ' હતા. મુંબાઈમાં તેઓ નોકરી ઉપરાંત, 'જૈનમિત્ર'નું સંપાદન પણ કરતા. 'દોલતવિજય' 'જિન શતક', 'બનારસી વિલાસ'નું સંપાદન પણ કરેલું.

ઈ. ૧૯૧૨માં એમણે 'હિંદી ગ્રંથ રત્નાકર' ગ્રંથમાળાની સ્થાપના કરી 'સ્વાધીનતા' નામે પ્રથમ ગ્રંથ પ્રકટ કર્યો. ત્યારથી આરંભી હિંદીના શ્રેષ્ઠ વિદ્વાનો અને આચાર્યોનાં સેંકડો પુસ્તકો આ ગ્રંથમાળામાં છાપ્યાં. તેમાં પ્રથમ કક્ષાની કૃતિ, ઉત્તમ સંશોધન, શ્રેષ્ઠ છપાઈ-સફાઈ, લેખકો પ્રત્યે માનભર્યો સદ્વ્યવહાર, અને પૂરી ઈમાનદારી માટે તેઓ સદા સજાગ રહેતા. એમના આ ગુણની કદરશનાસીમાં સાક્ષરોએ એમને 'પ્રેમી અભિનંદન ગ્રંથ' ભેટ કરીને કૃતકૃત્યતા વ્યક્ત કરી હતી.

તેઓ પોતે પણ મૌલિક ને સંશોધન પરાયણ લેખક હતા. પ્રાચીન જૈન સાહિત્યના સંશોધન-સંપાદનનું એમણે કરેલું કાર્ય સીમાચિહ્નસમું ગણાયું છે. 'જૈનસાહિત્ય ઔર ઇતિહાસ' એમને અમર કીર્તિ અપાવે તેવો ગ્રંથ છે. 'સ્વયંભૂ' જેવા મહાકવિને તેઓ જ પ્રકાશમાં લાવ્યા. બનારસીદાસના 'અર્ધકથાનક'નું એમણે ઉત્તમ સંપાદન કર્યું. 'વિદ્વત્‌રત્નમાલા', 'પ્રદ્યુમ્ન ચરિત્ર', 'પુણ્યાશ્રમકથા કોશ', 'જ્ઞાનસૂર્યોદય' (નાટક), 'જૈનપદ સંગ્રહ'–છ ભાગ, 'છત્રચૂડામણિ', 'પ્રતિભા' 'રવીન્દ્રનાથકીશિક્ષા', 'ફૂલોં કા ગુચ્છ', 'રવીન્દ્રકથા-કુંજ' વગેરે અનુવાદો અને 'વિષાપહાર' (પદ્યાનુવાદ) ઈત્યાદિ ૩૬ જેટલી કૃતિઓ એમણે આપી છે. 'માણિક્યચંદ્ર જૈન ગ્રંથમાલા'ના 'ન્યાય કુમુદચંદ્ર', 'મહાપુરાણ', 'જૈન શિલાલેખ' જેવા ૪૫ વિદ્વત્તાસભર ગ્રંથોનું પણ એમણે સંપાદન કરેલું.

વર્ષોથી તેઓ દમના વ્યાધિથી પીડાતા હતા. એકના એક પુત્ર હેમચંદ્રના અવસાને એમને જર્જરકાય બનાવી દીધા. છતાં અધ્યયન, મનન, શોધખોળ વગેરે તેમની પ્રવૃત્તિ અવિરત ચાલતી રહેતી. છેલ્લે દમના વ્યાધિને કારણે જ ઈ. ૧૯૬૦ની ૩૦મી તારીખે એમનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૭ છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહ ઝફરનું રંગૂનમાં કેદી રૂપે મૃત્યુ, ૧૮૬૨.

તા. ૧૨ વાઢકાપમાં સહાયક બેહોશીની દવા ક્લૉરોફૉર્મનો પ્રથમ પ્રયોગ, ૧૮૪૧.

તા. ૨૪ ચાર્લ્સ ડાર્વિને પ્રાણીઓની ઉત્ક્રાંતિનો સિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો, ૧૮૫૯.

તા. ૨૮ પ્રતિભાસંપન્ન ગુજરાતી વિદ્વાન કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીનો જન્મ, ૧૦૮૧.

તા. ૨૯ રાજા રામમોહન રૉયે ડેવિડ હેર સાથે મળી પ્રથમ હિંદુ કૉલેજ સ્થાપી, ૧૮૧૬.

સુખ મોરો માથે મણિ, ઝેર તજ્યું નહિ નાગ,
સંગત પણ સુધર્યો નહિ, મોટું તેનું અભાગ.

સૉક્રેટિસ પાસે એક વાર એક યુવાન વક્તૃત્વકળા શીખવા આવ્યો. સૉક્રેટિસે હા પાડતાં એ આનંદથી નાચી ઊઠ્યો અને કૃતજ્ઞતા દર્શાવવા વાચાળ બની ગયો. સૉક્રેટિસે એને મહામહેનતે બોલતો અટકાવી કહ્યું: 'જો ભાઈ, હું તને શીખવવાની ફી બમણી લઈશ.' 'બમણી કેમ?' એમ પૂછતાં સૉક્રેટિસે કહ્યું: 'મારે તને વક્તૃત્વકળા શીખવતાં પહેલાં મૌન કેમ જાળવવું એની કળા પણ શીખવવી પડશે.'

કહેવતો: 'તાવડીમાં તારો ને સાનકમાં મારો.'–(સાનક=તાસક, નાની થાળી) માત્ર હુતો ને હુતી (પતિપત્ની) બે જ હોય એવા કુટુંબમાં બે રોટલા બસ થઈ રહે, એવી ઓછા ખર્ચની સ્થિતિ દર્શાવવા વપરાતી કહેવત.



એના પ્રયોગની કલ્પના ભલે ભયપ્રેરક હોય પણ અન્યથા તો કોઈનું પણ મન લોભાવે એવા ચાંદીના જડતરવાળી ઉદેપુરની કટાર.



આ માસની છઠ્ઠી તારીખે રેડિયમના શોધક માદામ ક્યૂરીની યાદમાં બહાર પડેલી ભારતની ખાસ ટપાલ ટિકિટ. નીચે: અહિંસાવાદી અમેરિકન હબસી નેતા સ્વ. માર્ટિન લ્યૂથર કિંગના માનમાં આવતા જાન્યુઆરીમાં બહાર પડનારી ભારતની ખાસ ટપાલટિકિટ.




એકાક્ષરી–અનેકાર્થી શબ્દ

મા: જનેતા, આઈ, બા, જનની, જી, જનયિત્રી, ગતયૌવના ગણિકા, જન્મભૂમિ, જ્ઞાન, ભાવ, પ્રકાશ, દીપ્તિ, માપ, માપણી, લક્ષ્મી, કમલા, પદ્મા, શ્રી, લોકમાતા, વડીઆઈ. દાદી, નાની, અમે, કાંઈક, કેમ, ના, શા માટે, નહિ તો, શું. વૃદ્ધ સ્ત્રીનું માનવાચક સંબોધન.

પત્ની: મને એક સાડી લેવા પચ્ચીસ રૂપિયા આપોને; તમને પાછા આપી દઈશ.
પતિ: ક્યારે પાછા મળશે?
પત્ની: બસ, તમારો પગાર આવે કે તુરત.




દેશદેશના ચિત્રવિચિત્ર વસ્તુઓના પોશાક: ડાબી બાજુથી: (૧) હોલાંડના લોકો ડચ, એ દેશ ઠંડો હોવાને કારણે મોટે ભાગે શણ અને ઊનનાં કપડાં પહેરે છે; (૨) ઑસ્ટ્રેલિયા પાસેના ન્યૂ ગીનીના પાપુઅન લોકો ઘાસના ચણિયા જેવાં વસ્ત્રો વાપરે છે; (૩) પાસિફિક મહાસાગરમાં ન્યૂઝીલાંડ પાસેના સામોઆ ટાપુમાં વળી ઘાસની છાલ (ટાપા)નાં કપડાં પહેરાય છે; અને (૪) આફ્રિકામાં ઘાસ કે ચામડાનાં લંગોટી જેવાં ટૂંકાં વસ્ત્ર લોકો પહેરે છે.



વિસ્તૃત સપાટ ભૂમિ અને હરિયાળુ એકાંત જોઈ એમાં આળોટવાનું સહેજે મન થાય. બિહારની આ ટેકરીઓ પણ એ જ રીતે ઢળતા તડકામાં રમવા ઊતરી લાગે છે.

પર્વતપ્રદેશનું સૌંદર્ય · ફોટો: આર. આર. ભારદ્વાજ





સૂર્યપ્રકાશના સાંજ-સવારના સ્પર્શથી અનેરું ગૌરવ ધારણ કરતા હિમાચ્છાદિત 'શિવલિંગ શિખર'નાં બે દશ્યો. એકનો ઝગમગાટ આસપાસના ટાઢાબોળ વાતાવરણમાં ઉષ્મા પ્રેરે છે તો બીજાનો ઝળહળાટ નવી તાજગી.
(બધા ફોટો ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સૌજન્યથી)